بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**તા. ૦૧-જુન-૨૦૧૩**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૧૦, અંક : ૦૬, સળંગ અંક : ૧૧૪

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | મુસલમાનો પર અન્ય ક઼ૌમો સવાર શાથી ? | ૦૨ |
| ૦૨ | IPL વગેરે ખેલોના ચસ્કાથી મુસલમાનો બચે ! | ૦૩ |
| ૦૩ | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૫ | હ઼દાઈક઼े બખ્શિશ | ૧૩ |
| ૦૬ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૬ |
| ૦૮ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૧૯ |
| ૦૯ | ક઼ાનૂને શરીઅત | ૨૨ |
| ૧૦ | અહલે સુન્નતના અક઼ીદા કુર્આનની રોશનીમાં | ૨૬ |
| ૧૧ | વૈજ્ઞાનિકો નાસ્તિક શા માટે ?! | ૨૯ |
| ૧૨ | શું આપણી પાસે ધર્મ વિશે વિચારવાનો સમય છે ? | ૩૨ |
| ૧૩ | મુહદ્દિષે સૂરતી હઝરત વસી અહમદ رحمۃ اللہ علیہ | ૨૩ |
| ૧૪ | ગવર્નમેન્ટી મદ્રસા બોર્ડ મુસલમાનો માટે...... | ૩૮ |
| ૧૫ | વહાબીના મોઢા પર એક જોરદાર તમાચો ! | ૪૩ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૪ |


## દરશાને હઝરત ખ્વાજા ગરીબ નવાઝ (رضی اللہ عنہ)

**અઝ : જનાબ 'ગનીમત' બાલાસિનોરી**

અજમેરવાલે ખ્વાજા, અતાએ રસૂલ હંય
મખ્સૂસ જિન્કે હક્ક઼મેં દુઆએ રસૂલ હય
પીરોં કે પીર ખ્વાજા કા રૂત્બા અઝીમ હય
ખાલિક઼ કે બરગુઝીદા નવાએ રસૂલ હય
રબકે વલી કી દીદ હય દીદારે મુસ્તફા
દર અસ્લ ઝિક્રે ખ્વાજા ષનાએ રસૂલ હય
ફયઝાન આજ દુન્યામેં ખ્વાજા કા જારી હય
હર કામ જિન્કા નેક, બરાએ રસૂલ હય
હોગી શિફાએ કામેલા બીમારો બિલયકીં
પળ્હતે રહો દુરૂદ, દવાએ રસૂલ હય
ખ્વાજાસે માંગો દિલસે, બિલા ફર્ક઼ દેતે હય
હોગા કભી ન કમ જો, મતાએ રસૂલ હય
દર પર વલી કે જા કે, દુઆ અપની માંગના
અહલે સુનન કો ખૂબ નિદાએ રસૂલ હય
નઝરે કરમ હો ખ્વાજા "**ગનીમત**" હકીર પર
જો આપકા ગુલામ ગદાએ રસૂલ હય

# મુસલમાનો પર અન્ય કૌમો સવાર શાથી ?

કાર્યાલય

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

દુનિયાની મહોબ્બત દરેક બુરાઈની જડ છે. જો કોઈના દિલમાં દુનિયાની મહોબ્બત પેદા થઈ જાય તો તે અભાનપણે પોતે પણ વેચાય જાય છે અને કૌમોનો પણ સોદો કરી લે છે. તેના દિલમાં જો મૌતનો ડર બેસી જાય તો પોતાનો જીવ બચાવવા ખાતર તે આખી કૌમને સૂળી પર ચઢાવી દે છે. રસૂલે આ'ઝમ અરવાહુના ફિદા علیہ الصلوٰۃ والسلامને દા'વત તથા તબ્લીગ જેવા નેક કાર્યથી રોકવા માટે ઘણી મહાન મહાન રજૂઆતો કરવામાં આવી પરંતુ આકાએ કરીમ અલૈહિત્તહિય્યતુ વત્તસ્લીમએ દરેક રજૂઆતને ઠુકરાવી આપી અને અલ્લાહ عزوجلની તરફથી અતા કરવામાં આવેલ જિમ્મેદારીને સારી રીતે નિભાવવામાં કોઈ ઉણપ ન વર્તી. આપે દરેક પ્રકારની મુસીબતોનું સ્વાગત હસતે મુખે કર્યું અને એ માર્ગમાં દરેક ઝખ્મોને સહન કર્યા, પરંતુ પોતાનું મિશન ન છોડયું અને દા'વત તથા તબ્લીગનો ક્રમ ચાલુ જ રાખ્યો. ન દુનિયાની માલ દૌલત રુકાવટ બની શકી અને ન મૌતની ધમકીઓ આડે આવી શકી.

આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની કેળવણીમાં આ પાસા પર ખાસ ધ્યાન કર્યું કે તેમના દિલેથી પણ દુનિયાની મહોબ્બત તથા મૌતનો ડર નીકળી જાય. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ હુઝૂર અકદસ صلی اللہ علیہ وسلمને પોતાના આઈડિયલ બનાવ્યા હતા અને આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ તેમના દિલોની સફાઈ કરીને તેમનાં દિલોને દુનિયાની મહોબ્બતથી ખાલી કરી આપ્યાં, અને તેમને ધમકી, દબાણ તથા ડરના વાતાવરણમાં પણ અડગ રહેવાની તા'લીમ આપીને તેમને દુનિયાના અતિ મહાન ઈન્સાન બનાવી આપ્યા. તેમને ગરમ રેતી પર ઘસેડવામાં આવ્યા, આગના અંગારાઓ પર સૂવાડવામાં આવ્યા, ભૂખે રહેવા મજબૂર કરવામાં આવ્યા, મોટી મોટી લાલચો આપવામાં આવી, અને એ કયો જુલ્મ હતો જે એમની સાથે નથી કરવામાં આવ્યો, છતાં પણ તેમની અડગતાનો પાયો કદી ધ્રુજી ન શક્યો. યકીનન ! એ હઝરાતની અડગતા જોઈને લોકો ઈસ્લામના વર્તુળમાં સામેલ થવા લાગ્યા અને વિશ્વકક્ષાએ તેમનો રૂઆબ તથા દબદબો લોકોના દિલોમાં છવાએલો રહ્યો. તેમની અઝીમુશ્શાન કુર્બાનીઓ તથા દુનિયાની આ સૌથી મહાન (શ્રેષ્ઠ) જમાઅતના બારામાં કયામત સુધી આવનારા દુનિયાવાળાઓને નબી કરીમ صلی اللہ علیہ وسلمએ એ પયગામ આપ્યો કે, **اَصۡحَابِی کَالنُّجُوۡمِ بِاَیِّہِمۡ اِقۡتَدَیۡتُمۡ اِہۡتَدَیۡتُمۡ** "મારા સહાબીઓ તારાઓ સામાન છે તો એમનામાંથી જે કોઈનું પણ અનુસરણ કરશો કામયાબ થઈ જશો."

આજે જેમ જેમ દુનિયાની મહોબ્બત, દુનિયાના લોભની બીમારી વધી રહી છે અને મૌતનો ભય દિલો પર છવાતો જઈ રહ્યો છે તેમ તેમ ઉપરોક્ત હદીષ પોતાના હકીકી અર્થ તથા મહત્વની ઝાંખી કરાવી રહી છે. ચો તરફ મુસલમાન થોડાક સિક્કાઓમાં વેચાતો જોવા મળે છે, અને ખૂદ જ નથી વેચાતો બલ્કે આખે આખી કૌમનો સોદો કરી નાખે છે ! લાગે છે કે સૌથી સસ્તો મુસલમાન જ છે ! અલ્અયાઝુબિલ્લાહ ! એવા લોકોએ આ હદીષ વારંવાર પઢવી જોઈએ અને પોતાની તબાહીનો ઈલાજ કરવો જોઈએ કે, "રોજી તકદીરથી અધિક અને મૌત સમયથી પહેલાં કદી નથી આવી શક્તું."

સહાબીએ રસૂલ હઝરત ષૌબાન رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "નજીક છે કે તમારા પર દુનિયાની કૌમો ચઢાઈ કરશે (તમને તબાહ તથા બર્બાદ કરવા માટે) જેવી રીતે ખાવાવાળાઓને ખાવાના પ્યાલા પર દા'વત આપવામાં આવે છે. કોઈકે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું અમે એ જમાનામાં ઘણા ઓછા હોઈશું ?! ફર્માવ્યું, નહીં ! બલ્કે તમો એ જમાનામાં ખૂબ જ અધિક પ્રમાણમાં હશો, પરંતુ તમો પાણીના પુરની ઉપર છવાયેલા કચરાની જેમ હશો, અને અલ્લાહ તઆલા તમારા દુશ્મનના સીનાઓએથી તમારી ધાક તથા રુઆબ કાઢી નાખશે અને અલ્લાહ તઆલા તમારા દિલોમાં બુઝદિલી (ડરપોકપણુ) ભરી દેશે. કોઈ કહેનારાએ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم **બુઝદિલી** શું ચીજ છે ? ફર્માવ્યું, **દુનિયાની મહોબ્બત** અને **મૌતથી નફરત** તથા દૂર ભાગવું. *(સુનને અબૂ દાઊદ)*

અલ્લાહ عزوجل તાજદારે કાઈનાત صلی اللہ علیہ وسلمના સદકા તથા તુફૈલથી આપણને સૌને બુઝદિલીની બીમારીથી નજાત નસીબ ફર્માવે અને નબી કરીમ صلی اللہ علیہ وسلم તેમજ અસ્હાબે રસૂલ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના નકશે કદમને અનુસરવાની તૌફીક અતા ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, મે–૨૦૧૩)*

# IPL વગેરે ખેલોના ચસ્કાથી મુસલમાનો બચે !

**તંત્રી લેખ**

હાલમાં જ વર્તમાન પત્રોમાં સમાચારો પ્રદર્શિત થયા જેને વાંચીને આશ્ચર્ય સાથે અતિ દુ:ખની લાગણી ઉદ્‌ભવી કે મુંબઈ ખાતે એક MBA થયેલ એંજીનીયરે આઈ.પી.એલ. (Indian Premier League) ક્રિકેટની ચાલતી ટુર્નામેન્ટોમાં સટ્ટો ખેલ્યો જેમાં રૂા. ૩૦ લાખ હારી જતાં પોતાના નવ વરસના ભત્રીજાનું જ અપહરણ કર્યું અને પૈસાની માગણી કરી જે ન સંતોષાતાં અંતે તેનું ખૂન કરી નાખ્યું. આ છે આઈ.પી. એલ. ક્રિકેટની ખરાબી ! કેવા કેવા કહેવાતા એજ્યુકેટેડો કેવા જંગલી બની જાય છે જેઓ પોતે પણ બર્બાદ થાય છે અને પોતાના તથા સામેવાળાના ખાનદાનને પણ બર્બાદ કરી નાખે છે. આજે આ સટ્ટો–જૂગાર ખેલવાની બલામાં કેવળ ગૈરક઼ૌમ જ નહીં મુસલમાનો પણ ઠેરે ઠેર સંડોવાયેલા જોવા મળે છે. અફસોસ ! જે ક઼ૌમને રબ તઆલા તરફથી સ્પષ્ટ સંબોધન થાય છે : وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنْسَ إِلَّا لِيَعْبُدُوْنِ "અમે જિન તથા ઈન્સાનને અમારી ઈબાદતના માટે પેદા કર્યા છે." *(સૂરએ ઝારીયાત, આયત–૫૬, પારા–૨૭)* છતાં તે જ ક઼ૌમ પોતાના જીવનનો મક઼સદ ભૂલીને જાત જાતની રંગરેલીઓ, મનોરંજન તથા હરામ ખેલો, હરામ કામોમાં સપડાયેલી જોવા મળે છે.

### ★ IPL વગેરે ક્રિકેટની ખરાબીઓની એક ઝલક ! ★

એવું કહું તો રજમાત્ર ખોટુ હશે નહીં કે આજકાલનાં ક્રિકેટ, ટેનીસ તથા અન્ય રમતગમતનાં મેદાનોમાં જે દશ્યો રૂબરૂ કે T.V. પર જોવા મળે છે તેમાં સરળતાપૂર્વક જહન્નમમાં લપસી જવાનો ભરપૂર સામાન મૌજૂદ હોય છે. અસંખ્ય હરામ બાબતોથી આ ખેલો ઘેરાયેલા જોવા મળે છે. જેમ કે :–

★ કેટલીકવાર ક્રિકેટરોને પ્રેક્ટિસ કરતા દેખાડવામાં આવે છે જેમાં તેઓ ગુથણથી ઉપર સુધીના જાંગો દેખાડતા ચડ્ડા પહેરેલ હોય છે જેને સૌ આપણા ભાઈઓ તથા બહેનો પણ શોખથી નચિંતપણે જોતી રહે છે ! શું આ હરામ નથી ?!

★ હા ! વળી ફક્ત ક્રિકેટરો જ નહીં પણ "ચીયર લીડર્સ"ની બલા છેલ્લા અમુક વરસોથી આ મેદાનોમાં ઉતરી છે જેમાં લોકોને મનોરંજન કરાવતી આ યુવતીઓ પોતાની જાંગો તથા અન્ય અંગો દેખાય તેવા ડ્રેસો સાથે ડાન્સ તથા અન્ય હલચલ થોડી થોડીવારે કરતી ફરે છે. શું આ હરામ નથી ?

★ એટલું જ નહીં જ્યારે આવી ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન થાય છે ત્યારે હિરો, હિરોઈનો તથા અન્ય નર્તકીઓ ગ્રાઉન્ડ ઉપર મ્યુઝિક સાથે મન મૂકીને નાચે છે. શું આ હરામ નથી ?

★ તેમજ રમત જ્યારે પૂર્ણ થાય છે ત્યારબાદ શરાબ, કબાબ તથા શબાબની મહેફિલો તરફ એ તમારા પ્રિય ક્રિકેટરો વળે છે જ્યાં એ ભાડુતી યુવતીઓ (કોલગર્લ્સ) તેમની સાથે શરાબ પીને ડાન્સ કરે છે. છેવટે આ છકી ગયેલા ક્રિકેટરો મોટાભાગે હોટલના રૂમોમાં કેદ થઈ જાય છે જ્યાં શું નું થાય છે ! શું આ સર્વ હરામ નથી ?!

★ તેમજ ક્રિકેટની રમત પર સટ્ટો–જૂગાર ખેલાઈ રહ્યો છે, ખાનગી રીતે જાહેર રીતે સટ્ટા બજાર ગરમ

હોય છે, જેમાં તમારી જાણમાં પણ હશે કે કેટલાય મુસલમાનો પણ આ જૂગારમાં પડેલા છે. શું આ હરામ નથી ?!

★ એટલુ જ નહીં પણ હાલમાં જ ત્રણ ક્રિકેટરો સટ્ટા બેટીંગના બૂકીઓ સાથે મળી જતાં "ફિક્સીંગ"ના કેસમાં એક ઓવરના રૂા. ૬૦ લાખના "ફિક્સીંગ"માં પકડાઈ ગયા ! શું આ હરામ નથી ?

★ અને ઉપર વર્ણવ્યું તેમાંના મોટાભાગે દશ્યો મુસલમાન યુવાનો, વડીલો તથા યુવતીઓ શોખથી મજા લઈ લઈને જુએ છે. શું આમાં આંખોનો ઝિના નથી ?! તેમજ ક્રિકેટ મેચ જોવાના કારણે નમાઝો જમાઅતો જાણીબુઝીને ત્યજવામાં આવી રહી છે. શું આ હરામ તથા બર્બાદી નથી ?!

આ અને આ સિવાય શું શું ઈસ્લામ તથા શરીઅત વિરુદ્ધ કામો થતાં હશે ! અલ્લાહની પનાહ ! પણ મુસલમાન છે કે તેને એમાં આંનદ આવી રહ્યો છે ! આ મુસલમાન ! જન્નતનો ઉમેદવાર ! પોતે શું કરી રહ્યો છે તેનું જાણે એને ભાન જ નથી. સામાન્ય મુસલમાન તો ઠીક પણ મુસલ્લાએ રસૂલ પર ઉભા થઈને ઈમામત કરનારા તેમજ રાહે સુલૂક પર, તસવ્વુફની રાહ પર ચાલતા હોવાના દાવેદાર અમુક સૂફીઓ પણ આ મેચોની મજા માણવાનું નથી ચૂક્તા ! (ઈલ્લા માશા અલ્લાહ !) હરામ કામ કરનારા ફાસિક્ છે અને ફાસિક્ માણસ ઈમામ કે પીર નથી થઈ શક્તો, તો હે મુસલમાનો ! તમારી નમાઝનું શું ?! જે ઈમામો ક્રિકેટના આ દશ્યો જોવાના આદી છે તેઓ તેમજ તેમની પાછળ નમાઝ પઢનારા મુક્તદીઓ ગંભીરતાથી વિચારે. તેમજ શરીઅતથી એવા બેપરવા પીરો, કહેવાતા સૂફીઓ જેમને આ અને આવા મનોરંજનોનો ચસ્કો છે તેમની બયઅતનું શું ?! જરા રસૂલે પાક صلی اللہ علیہ وسلمની શરીઅતની અદબ સાથે વિચારો !

આવો ! આપણે મુસલમાન છીએ, ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ પર, કુર્આન વ હદીષ પર આપણે ઈમાન લાવેલા છીએ જેથી આ ખરાબીઓ આપણા માટે કેટલી ખરાબ તથા ખતરનાક છે તેને કુર્આન હદીષથી ખુદા વ રસૂલ صلی اللہ علیہ وسلمના ફર્માનોની રોશનીમાં સમજીએ.

## ★ લોટરી તથા સટ્ટો કુર્આનની દષ્ટિએ શું છે ? ★

હે મુસલમાન ! તું ભલે દુનિયાના કોઈપણ ખૂણામાં હોય, જો તું જીવતો છે, હજી કબ્રમાં દફન નથી થયો, અને તારી બુદ્ધિ તથા હોશ સલામત છે, તો તારા માટે શરીઅતના હુકમોની પાબંદી જરૂરી તથા લાઝમી અને અનિવાર્ય છે. એના પાલન સિવાય કોઈ માર્ગ જ નથી ! અને જો તું એને છોડી બીજો માર્ગ શોધીશ તો જરા આગમાં શેકાવાની પ્રેક્ટિસ પાડતો ચાલ !

તમને દૌલત, ઈજ્જત, રૂપ, શક્તિ, બુદ્ધિ.....સર્વ કાંઈ આપનારો તમારો પાક પરવરદિગાર, પાલનહાર પોતાના નબી صلی اللہ علیہ وسلم થકી શું હુકમ આપે છે તેને ઈમાનની નજરે જુએ તથા દિલના કાનોથી સાંભળો :– يَسْـَٔلُوْنَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ ۭ قُلْ فِيْهِمَآ اِثْمٌ كَبِيْرٌ وَّ مَنَافِعُ لِلنَّاسِ ۡ وَاِثْمُهُمَآ اَكْبَرُ مِنْ نَّفْعِهِمَا

" (હે નબી !) તમને **શરાબ** તથા **જૂગાર** (સટ્ટા)નો હુકમ પૂછે છે, તમે ફર્માવો કે એ **બંનેવમાં મહાન ગુનોહ** છે અને લોકોને માટે કાંઈક દુનિયવી ફાયદો છે. અને એમનો ગુનોહ એમના લાભ કરતા મોટો છે." *(સૂરએ બક્રહ, આયત–૨૧૯)*

આ આયતમાં **શરાબ** તથા **જૂગારને ખૂદ અલ્લાહે "મહાન ગુનોહ" જણાવ્યો છે !** જે અલ્લાહ આટલી મોટી દુનિયાને એક જગાએ "થોડી" કહે છે, કે જે આપણને કેટલી મહાન તથા કેટલી માલ મિલ્કતોથી ભરેલી જણાય છે. તે જ રબ દારૂ તથા જૂગારના ગુનાહને "મહાન ગુનોહ" કહે છે ! તો એ

કેટલો ભયાનક ગુનોહ હશે ! તમારી બુદ્ધિ બીજી દુનિયવી લાભની વાતોમાં ખૂબ દોડાવો છો, પછી તે કામ કરવા ન કરવાના ફેંસલા કરો છો ! તો આ રબના ફર્માનની ગંભીરતા સમજવા માટે શું તમારી બુદ્ધિ બહેર મારી ગઈ છે કે તેની ભયાનકતાથી નથી ગભરાતા ? સમજો ! બચો !

લોટરી તથા સટ્ટાનો શાબ્દિક અર્થ "ડ્રો કરવું" છે, પરંતુ આપણા ત્યાં આમ રિવાજમાં હવે લોટરી તથા સટ્ટાનો અર્થ કેવળ ડ્રો નથી રહ્યો બલ્કે એનો મતલબ ખાસ હારજીતવાળી લોટરી તથા સટ્ટો મુરાદ છે. જૂગારને તાશ એટલા માટે કહે છે કે એમાં હારનારાનો માલ સરળતાપૂર્વક મળી જાય છે જેથી વર્તમાનકાળની લોટરી તથા સટ્ટો તેમજ કોઈપણ રમતમાં લગાડવામાં આવનારી "શરત" એ તદ્દન સ્પષ્ટ "જૂગાર" છે. એટલા માટે સટ્ટો અને તે વ્યાપાર જેમાં માલની હારજીત થાય છે એ સૌ હરામ છે. એ જ પ્રમાણે તાશ, શતરંજ, ક્રિકેટ વગેરેમાં લગાડવામાં આવનારી શરતબાજી વગેરે તથા શરાબનો કારોબાર સૌ ગુનોહ છે. એમાં નફા કરતાં નુકસાન અધિક થવું એ ગુનાહનું મહાન નુકસાન ઉભુ થવું છે, એટલે એ સર્વ હરામ છે.

### ★ આ સઘળો પૈસાના પૂજારીઓનો પૈસા માટેનો જ કારોબાર છે ! ★

મુસલમાનો સાવધાન ! આ બલામાં તમે ક્યાં ફસાવ છો ! આ તો વગર મહેનતે હરામ રાહે રાતોરાત કરોડોપતિ અબજોપતિ થવા માગનારાઓનાં સૌ કાવત્રાં છે અને એ પશ્ચિમની નાસ્તિક જેવી કૌમની દૈન છે, ઈસ્લામી સંસ્કૃતિ બલ્કે હિંદની સંસ્કૃતિમાં પણ આ બાબતો નથી જ ! તેની પાછળ હે જન્નતના ઉમેદવારો ! તમે પણ દોડો છો ?! આખા જગતમાં ક્રિકેટના (રમતોના) દીવાનાઓની કમી નથી. આપણા દેશમાં હિંદુસ્તાનમાં વેસ્ટઈન્ડીઝની જેમ ક્રિકેટને જાણે ઈબાદત (ભક્તિ)થી વિશેષ માનવામાં આવે છે ! અને એ મનોરંજનનો સૌથી વિશેષ ઝરીયો છે. તદ્ઉપરાંત હવે **આ ખેલ મનોરંજન, મની તથા મલેકાઓનો સંગમ થઈ ગયો છે !** આઈ.પી.એલ. એ આપણા નવયુવાનોની સાથોસાથ દરેક ઉમરના લોકો, બાળકો, વૃદ્ધો બલ્કે કબ્રમાં પગો નાખેલા તદ્દન અસહાય વૃદ્ધો, બીમારો ! તેમજ સ્ત્રીઓ, નવયુવતીઓને પણ એણે પોતાની દીવાની બનાવી રાખેલ છે. ટેસ્ટ, વન ડે, ટી–૨૦ તથા હવે આઈ.પી.એલ. ૬ના આગમને ક્રિકેટના ચાહકોને લાંબા સમયની ઈદ કરી આપી છે ! આ મજેદાર ક્રિકેટે ચોક્કા–છક્કા પર સટ્ટા લોટરીનું બજાર ગરમ કરી આપ્યું છે. કરોડોનો જૂગાર રોજ રમાય છે. હિંદુસ્તાનના પ્રખ્યાત દૈનિક વર્તમાન પત્ર દિવ્ય ભાસ્કરે તા ૭–૪–૨૦૧૩ના રોજ આઈ.પી.એલ. ૬ની જાહેરાતના રેટમાં આઈ.પી.એલ. ૬ના નવસો પચાસ કરોડ, દબંગ ફિલ્મનો ગ્રાફ બસો એકાવન કરોડ અને કે.બી.સી. પ્રોગ્રામનો ચારસો કરોડ રૂપિયા અને ટી–૨૦નો ગ્રાફ એનાથી નીચો બતાવ્યો છે. એનાથી વધુ દિલચસ્પ વાત એ બતાવવામાં આવી છે કે એમાં જૂગાર, લોટરી તથા સટ્ટાનો ગ્રાફ એ સૌથી ઊંચો બતાવવામાં આવ્યો છે. હદ તો એ થઈ ગઈ કે હવે ઘરોમાં ફેમેલીના સર્વ લોકો સાથે બેસીને ઠંડુ પીવા, સીનેમા જોવામાં તથા અન્ય જાત જાતની બાજી લગાડીને હારજીતની રમત રમી રહ્યા છે, અને ન તેને તેઓ જૂગાર સમજી રહ્યાં છે અને ન તો હરામ તથા ગુનોહ સમજી રહ્યાં છે. ઉપરના લખાણમાં કુર્આનની આયત તથા તફસીરથી બતાવવામાં આવ્યું છે કે જૂગાર, સટ્ટા તથા લોટરીની શું સ્થિતિ છે. હવે હદીષોના ભંડારમાંથી અમુક હદીષો સાંભળો અને જાતે પોતે જ ફેંસલો કરો.

### ★ લોટરી તથા સટ્ટો હદીષોની દ્રષ્ટિએ શું છે ? ★

હુઝૂરે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "તમો એ બંનેવ, બાજી લગાડવું તથા શતરંજના ખેલોથી

બચશો કેમ કે આ બંનેવ અજમીઓના જૂગાર છે.'' સાચી ખબર આપનાર નબી કરીમ ﷺએ ૧૪૦૦ વરસો પહેલાંથી જ ફર્માવી આપ્યું હતું કે બાજી (શરત) લગાડનાર જૂગાર તથા શતરંજથી બચજો.

હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''બેશક ! બાજી લગાડવી (શરત મારવી), ચોસર (શતરંજ રમવું) જૂગાર છે.'' *(શયખઝાદા હાશિયા બયઝાવી શરીફ, ભાગ : ૧, પેજ : ૫૨૫, તુર્કી)*

તેમજ હઝરત બરીદા رضی اللہ عنہએ ફર્માવ્યું કે સરકારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''જેણે નરદ ખેલ્યો **(બાજી લગાડી)** જાણે **તેણે સુવ્વરના** ગોશ્ત તથા **લોહીમાં હાથ નાખી દીધા.**'' અને બીજી રિવાયતમાં હઝરત મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત છે કે, ''એણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની નાફર્માની કરી.'' એક હદીષમાં છે : અબૂ અબ્દુર્રહમાન હતમી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે શખ્સ નરદ (બાજી લગાડવી) ખેલે છે પછી નમાઝ પઢવા ઉઠે છે, તો તેનું દષ્ટાંત એ શખ્સની જેમ છે જે પીપ (પરુ) તથા સુવ્વરના લોહી વડે વુઝૂ કરીને નમાઝ પઢવા ઉભો થયો છે.'' એક હદીષમાં છે : ઈમામ અહમદ, ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, ''જન્નતમાં માબાપનો નાફર્માન જશે નહીં, અને ન જૂગારી તથા અહેસાન જતાવનારો તથા ન શરાબી.'' *(મિશ્કાત શરીફ, ૧/૨૧૮)*

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે : લોટરી, સટ્ટો, બાજી લગાડવું એ જૂગારના પ્રકારોમાંથી છે અને જૂગાર હરામ છે (જેથી લોટરી તથા સટ્ટો–બાજી લગાડવું હરામ છે) હવે એ જોવાનું છે કે જૂગારની વ્યાખ્યા એના પર ફિટ થાય છે કે નહીં. લાલચમાં ફસાઈને એક વહેમની ઉમ્મીદે પાસો (બાજી) લગાડવી એનું નામ જ જૂગાર છે. *(ફતાવા રઝવિય્યહ, ૭/૯૫, બહવાલા કન્ઝુલ ઈમાન મંથલી, જૂન–૨૦૧૩)*

### ★ સારા માહોલને ઝડપભેર બિભત્સતા પ્રતિ દોરનાર આ ખેલોથી દૂર રહો ! ★

થોડા વરસો પહેલાં આજે જે ખરાબીઓ તથા બિભત્સપણુ તથા નાચ ગાન સાથે નગ્નતાભર્યા દશ્યોની ઉપસ્થિતિ ક્રિકેટના તથા અન્ય રમતોના મેદાનોમાં દેખા દે છે તે ત્યારે ન હતી. પણ પબ્લિકને આકર્ષીને નાણા કમાઈ લેવા માટે હવે જેમ ટેનીસ મેચોમાં તદન નહીં બરાબર કપડામાં યુવતીઓના ખેલ શરૂ થયા છે, તેમ ક્રિકેટના મેદાનો પર ''ચીયર લીડર્સ''ના નામે મનોરંજન પ્રેક્ષકોને પીરસાઈ રહ્યું છે. પહેલાં ક્રિકેટ ગ્રાઉન્ડ પર આ બધું થશે તેની કોઈએ કલ્પના પણ કરી નહીં હોય, પણ હવે દરેક ક્ષેત્રે યુવતીઓ દોડી રહી છે ! આ મેચો દરમ્યાન વર્તમાન પત્રો તથા ઈલેક્ટ્રોનિક મિડીયા એ જ નગ્ન સુંદરીઓના નખરાંવાળાં દશ્યોથી છલોછલ હોય છે જેમાં બિભત્સતા તથા નગ્નતા, નાચગાન સાથે કલબોમાં શરાબની મોજ તથા કોલગર્લો સાથે મજા માણતા ક્રિકેટરો તથા અન્ય લોકોને દેખાડવામાં આવે છે, જેની આપણી સંસ્કૃતિ પર તથા આપણા માહોલ પર સીધી ખરાબ અસર પડે છે. કેમ કે ક્રિકેટની રમત જોવાને બહાને ઘરનાં સર્વ લોકો યુવાનો, વડીલો, યુવતીઓ તથા ઘર બહારના માણસો, યુવાનો મિત્રો બની રમત દરમ્યાન તમારા ઘરોમાં પડેલા પાંથરેલા રહે છે જેમાંથી ઘણી ખરાબીઓ પણ જન્મ લે છે.

### ★ જાહિલિયતના યુગ જેમ સ્ત્રી પુરૂષોનું ખરીદ વેચાણ ટી–૨૦ તથા આઈ.પી.એલ.ની દૈન ! ★

વળી હવે ક્રિકેટરોના ભાવ બોલાય છે ! આ જાહિલિયતના જમાનાની રસમ જેમ માણસોના ખરીદ

વેચાણની મંડી લગાડવી, બલ્કે માણસોનું ખરીદ વેચાણ એ સુસભ્ય સમાજમાં અમાનવીય કહેવામાં તથા માનવામાં આવે છે, તો શું ક્રિકેટના નામ પર ખેલાડીઓ (માણસો)નું ખરીદ વેચાણ આઈ.પી.એલ.ના નામે બજાર લગાડવું બુરું કાર્ય નથી ?!

વળી જેવી રીતે ક્રિકેટરોની બોલી બોલાય છે અને આ માનવ વેચાણનો વેપલો થાય છે તેમ ભાડૂતી યુવાન છોકરીઓ તથા કોલગર્લો પણ ખરીદાયને સટોડીયા બૂકીઓ થકી ક્રિકેટરોની સેવામાં પહોંચાડવામાં આવે છે. જેના સમાચારો કોલગર્લો સાથે રંગરેલીઓ મનાવતા ખેલાડીઓના ફોટાઓ સાથે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થઈ રહ્યા છે. આ માનવોનો વ્યાપાર તથા કોલગર્લો થકી થતી વૈશ્યાવૃત્તિ એ આ સુધારેલા સંસ્કારિક કહેવાતા પ્રગતિશીલ યુગનું જાહિલિયતના યુગ પ્રતિ પ્રયાણ તથા અધોગતિ નથી ?! આ સુધારેલા લોકો છે કે બગડીને પહેલાંની જહાલત પ્રતિ વળ્યા છે ?!

અફસોસ કે અસંખ્ય મુસલમાનો આવા ગુમરાહીના પંથે તથા વ્યભિચારી જીવન જીવતા ક્રિકેટરોના દીવાના બને છે ! તેમની જેમ ગળામાં, હાથોમાં ચેઈનો, તેમના જેવા વાળ, તેમની જેવી અદાઓ ગર્વથી અપનાવી રહ્યા છે, જ્યારે કે કુર્આનમાં છે, રબ્બે કરીમ પોતાના પ્યારા રસૂલ ﷺની અદાઓ અપનાવવાનો હુકમ કરતાં ખૂદ ફર્માવે છે :–

لَقَدْ كَانَ لَكُمْ فِيْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ لِّمَنْ كَانَ يَرْجُوا اللّٰهَ وَالْيَوْمَ الْاٰخِرَ وَذَكَرَ اللّٰهَ كَثِيْرًا

"બેશક ! તમારા માટે રસૂલુલ્લાહનું અનુસરણ બેહતર છે, તેના માટે જે અલ્લાહ અને પાછલા દિવસની આશા ધરાવતો હોય અને અલ્લાહને ખૂબ યાદ કરે." *(સૂરએ અહઝાબ, આયત : ૨૧, પારા : ૨૧)*

કુર્આનની આટલી ઉઘાડી સ્પષ્ટતા તથા રબના સ્પષ્ટ આદેશ છતાં કુર્આન પર ઈમાન હોવાનો દાવેદાર મુસલમાન રસૂલુલ્લાહના અનુસરણને છોડીને આવા પથભ્રષ્ટ ક્રિકેટરો તથા હિરોની જેવા દેખાવ તથા તેમના જેવા પહેરવેશ પહેરવામાં, તેમની સ્ટાઈલમાં જીવવાને ગર્વની વાત સમજે છે તો એ આશ્ચર્યની વાત નથી ?! અલ્લાહ સહીહ સમજ અતા કરે અને ગુમરાહ રમતવીરો તથા ફાસિકો કાફિરોના તરીકાને છોડીને અલ્લાહના મહબૂબ ﷺના પ્યારા તરીકા તથા આપની પ્યારી સુન્નતો મુજબ જીવવાની તૌફીક બખ્શે.

## ★ માબાપો તથા ખતીબો, મુબલ્લિગો પોતાની જિમ્મેદારી નિભાવે ★

હે મુસલમાન ભાઈઓ ! તથા બહેનો ! ઈસ્લામના તથા મુસલમાનોના પાકીઝા તથા પવિત્ર કલ્ચર, સંસ્કાર તથા સંસ્કૃતિથી તમારી ઔલાદ દૂર ભાગી રહી છે જેનો સબબ આવા ક્રિકેટરોના મેદાનમાં ખેલોનાં લાઈવ દશ્યો, ભાડુતી છોકરીઓનાં નખરાંનાં દશ્યોનાં તમારા ઘરોમાં ટી.વી. પર થનારાં સતત દર્શનો છે. જેવી સોહબત તેવી અસર ! ઘરોમાં ન દીની તા'લીમની વાત ન કોઈ દીની, શરીઅતના હુકમની વાત ન કોઈ દીની કિતાબનું વાંચન ! ન નમાઝનો ખયાલ ન ઈસ્લામી જીવન પદ્ધતિની ફિકર ! બસ, ગૈર કૌમો જેમ ખાવુ, પીવું, આઝાદીથી હરવું, ફરવું, ભણવું, મનોરંજનમાં મસ્ત રહેવું.... તો પછી આ રીતે જીવવામાં યુવાન યુવતીઓમાં દીનની શરીઅતની અદબ કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની શરમ ક્યાંથી પેદા થવાની ? જેથી મા બાપો પર જરૂરી છે કે ઔલાદની દીની તા'લીમ, ઈસ્લામી સંસ્કૃતિની સમજ પાછળ કાળજી લે, નહીં તો કાલે કયામતમાં એ તમારું ગરેવાન પકડશે કે અમારો હક્ક અદા નથી કર્યો અમને ઈસ્લામી તા'લીમ નથી આપી.

કુર્આનમાં છે કે : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا قُوْۤا اَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ نَارًا وَّقُوْدُهَا النَّاسُ وَالْحِجَارَةُ

''હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાનાં ઘરવાળાં–બીવી બચ્ચાંને જહન્નમની આગથી બચાવો, જેનું બળતણ ઈન્સાન તથા પથ્થર છે.'' *(સૂ. તહરીમ, આયત : ૬, પારા : ૨૮)*

તેમજ મસ્જિદોના ખતીબો, મુકર્રિરો તથા મુબલ્લિગોની પણ જિમ્મેદારી છે કે નાદાનીમાં કે જાણીબુઝીને ઈસ્લામમાં હરામ એવા ખેલો તથા હરામ દશ્યો પાછળ ગાંડી થયેલી પબ્લિકને કુર્આન હદીષની રૂએ મહોબ્બતથી જુમ્આના તથા અન્ય પ્રોગ્રામના બયાનોમાં સમજાવે, ખુદાના ખૌફથી ડરાવે, જહન્નમના અઝાબથી ડરાવે અને ગુનાહથી બચવાની ફઝીલતો, બશારતો તથા જન્નતની નેઅમતોની લાલચ અપાવે, તો જરૂર કૌમમાં સુધાર આવી શકે છે. જુમ્આના કે અન્ય બયાનોમાં કેવળ કિસ્સા કહાનીઓને લાંબી ટૂંકી કરીને વર્ણવીને સમય પૂરો ન કરે બલ્કે પબ્લિકની ઈસ્લાહની નિય્યતથી વજનદાર વાતો કુર્આન હદીષની રૂએ તથા એને લગતા સહાબાના બુઝુર્ગોના વાકયાત વર્ણવે, દરેક ખતીબ આ વાતો બોલશે તો જરૂર ફાયદો થશે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં ગુમરાહોને કાફિરોને ઈસ્લામની દૌલત અતા કરે અને મુસલમાનોને કુર્આન હદીષના ફર્માંબરદાર, શરીઅતના પાબંદ મો'મિન બનાવે. ટેનીસ, ક્રિકેટ વગેરે અસંખ્ય ગુનાહોથી ભરપુર ખેલોના તમાશા જોવાથી દૂર રાખે. હદીષે પાકમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન રિવાયત છે : ''કયામતના દિવસે દરેક આંખ આંસૂ વહાવશે, પણ **તે આંખ જેણે અલ્લાહની હરામ કરેલી ચીજો ન જોઈ,** તે આંખ જે અલ્લાહના રસ્તામાં જાગતી રહી, અને તે આંખ જેના થકી ખુદાના ડરમાં માખીઓનાં માથાં જેટલાં આંસૂં ટપક્યાં.'' (આ આંખો અઝાબથી રડશે નહીં.) *(અલ્બરીકા શરહુત્તરીકા–૧૧૯૮)*

બીજી હદીષમાં ખુશખબરી છે. હઝરત મુઆવિયા બિન જુન્દા رضی اللہ عنہથી આ ફર્માને રસૂલ નકલ થયેલ છે : ત્રણ વ્યક્તિઓ એવી છે **જેમની આંખો કયામતના દિવસે જહન્નમને જોશે નહીં:** (૧) જેણે અલ્લાહની રાહમાં રાત્રે જાગરણ કર્યું. (૨) જે આંખે અલ્લાહના ડરમાં આંસૂં વહેવડાવ્યાં. (૩) **જેણે પોતાની આંખોને હરામ ચીજોને જોવાથી રોકી રાખી.** *(૧૧૯૯)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! તમે તો મુસલમાન છો જેથી વિચારો કે કયામતનો એક દિવસ પચાસ હજાર વરસનો હશે અને દરેક પોત પોતાના ગુનાહની માત્રામાં અઝાબમાં સપડાયેલો હશે. એવા ભયાનક તકલીફના સમયે ખુદાના અઝાબથી બચવું હોય અને ઉપરોક્ત હદીષોની ખુશખબરીના હક્કદાર થવું હોય તો આંખોને સંભાળીને વાપરો ! હરામ ચીજો, નાચનારી બેહયા ગુણીકાઓને જોવાથી બચો ! તેમજ અન્ય નામેહરમ સ્ત્રીઓ પર આંખો ઉઠાવવાથી બચો. કયામતનો અડધો દિવસ (૨૫ હજાર વરસ) વહી જશે ત્યારે લોકો તકલીફોથી કંટાળીને કહેશે કે હવે તો જન્નત મળે કે જહન્નમ ! પણ હિસાબ કિતાબ શરૂ થવો જોઈએ જેથી કયામતથી છૂટીએ ! ત્યારે સર્વ મહશરવાળા વિવિધ નબીઓ પાસે થઈને છેવટે આપણા નબી કરીમ ﷺ પાસે જશે અને આપની સિફારિશથી શફાઅતથી હિસાબ કિતાબ શરૂ થશે. ૫૦–૬૦ વરસની જિંદગીની ''અમુક પળોની'' મજા માણવા માટે તમો આવી મેચો, ફિલ્મો, ડ્રામાઓ જોશો કે જૂગાર, દારૂના રવાડે ચઢશો તો કબ્રમાં પણ સેંકડો વરસ સુધી અને કયામતમાં પણ હજારો વરસો અઝાબ વેઠવો પડશે ! શું એની તાકત તમારામાં છે ?! તો સમજો અને સીધા માર્ગે આવી જાવ ! મૌત ક્યારે આવશે નક્કી નથી, જેથી અત્યારે જ તૌબા કરી ઈસ્લામી જીવન રાહ અપનાવી લો.

*આગાહ અપની મૌતસે કોઈ બશર નહીં, સામાન સો બરસકા હૈ પલકી ખબર નહીં*

કુર્આને પાકની તફસીર

કાર્યાલય

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

أُولَٰٓئِكَ عَلَىٰ هُدًى مِّن رَّبِّهِمْ ۖ وَأُولَٰٓئِكَ هُمُ الْمُفْلِحُونَ ۝٥ إِنَّ الَّذِينَ كَفَرُوا سَوَآءٌ عَلَيْهِمْ ءَأَنذَرْتَهُمْ أَمْ لَمْ تُنذِرْهُمْ لَا يُؤْمِنُونَ ۝٦ خَتَمَ اللَّهُ عَلَىٰ قُلُوبِهِمْ وَعَلَىٰ سَمْعِهِمْ ۖ وَعَلَىٰٓ أَبْصَٰرِهِمْ غِشَٰوَةٌ ۖ وَلَهُمْ عَذَابٌ عَظِيمٌ ۝٧ وَمِنَ النَّاسِ مَن يَقُولُ ءَامَنَّا بِاللَّهِ وَبِالْيَوْمِ الْءَاخِرِ وَمَا هُم بِمُؤْمِنِينَ ۝٨ يُخَٰدِعُونَ اللَّهَ وَالَّذِينَ ءَامَنُوا وَمَا يَخْدَعُونَ إِلَّآ أَنفُسَهُمْ وَمَا يَشْعُرُونَ ۝٩

**તે જ લોકો પોતાના રબ તરફથી હિદાયત પર છે અને તેઓ જ મુરાદ સુધી પહોંચનાર (છે) (૫) બેશક તેઓ જેમના નસીબમાં કુફ્ર છે[૯] તેઓને સરખું છે ચાહે તમે તેઓને ડરાવો કે ન ડરાવો, તેઓ ઇમાન લાવવાના નથી (૬) અલ્લાહે તેઓના દિલો પર અને કાનો પર મહોર મારી દીધી અને તેઓની આંખો પર ઘટાટોપ (કાળુ વાદળ) છે[૧૦] અને તેમના માટે મોટો અઝાબ (છે) (૭) અને અમુક લોકો કહે છે[૧૧] કે અમે અલ્લાહ અને પાછલા દિવસ પર ઇમાન લાવ્યા. અને તે ઇમાનવાળા નથી (૮) ફરેબ દેવા ઇચ્છે છે અલ્લાહ અને ઇમાનવાળાઓને[૧૨] અને વાસ્તવમાં ફરેબ નથી દેતા પણ પોતાના જીવોને અને તેઓને સમજ નથી (૯)**

૯. إِنَّ الَّذِينَ كَفَرُوا. બેશક તેઓ જેમના નસીબમાં કુફ્ર છે. ઉપરની આયતોમાં મુફલિહૂન સુધી ખુદાપાકે પોતાના ઇમાનદાર બંદાઓનું બયાન કર્યુ. અને ત્યારબાદ આ આયતથી પોતાના શત્રુઓ એટલે કે કાફિરોનું બયાન શરૂ કર્યું, આ હિદાયત આપવાનો સરસ તરીકો છે. જેથી આ સરખામણી દ્વારા દરેકને પોતાના કર્તવ્યની હકીકત અને તેના પરિણામો જણાઇ જાય.

### શાને નુઝૂલ

આ આયત અબૂ જહલ, અબૂ લહબ વિગેરે કાફિરો વિશે ઉતરી, જેઓ અલ્લાહની જાણ મુજબ ઇમાનથી મહરૂમ છે, એટલા ખાતર તેઓને અલ્લાહના વિરોધથી ડરાવવા કે ન ડરાવવા બન્ને સરખું છે, તેઓને કંઇ જ ફાયદો થશે નહિ, પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પ્રયત્નો નિષ્ફળ ન કહેવાય. કારણ કે બધી દુનિયા માટેના પયગમ્બરીના હોદ્દાનો એ ફર્ઝ છે કે માર્ગદર્શન આપે. દલીલો કાયમ કરે અને સંપૂર્ણપણે તબ્લીગ કરે.

**મસઅલો** : જો કોમ નસીહત માન્ય ન રાખે તો પણ હિદાયત આપનારને તેના પ્રયત્નોનો સવાબ તો મળશે જ. આ આયતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સંતોષ આપવામાં આવ્યો છે કે કાફિરોનાં ઇમાન ન લાવવાના કારણે દુ:ખી થશો નહિ. કારણ કે તબ્લીગ માટેના આપના પ્રયત્નો તો સંપૂર્ણ છે. આપને તો એનો બદલો મળવાનો જ છે, સવાબથી મહરૂમ તો આ અભાગિયાઓ રહી ગયા જેમણે આપની તાબેદારી ન કરી.

## કુફ્રની વ્યાખ્યા

કુફ્રનો અર્થ અલ્લાહપાકના અસ્તિત્વનો અથવા તેની વહદાનિયત (ખુદાનું એક હોવું)નો ઇન્કાર કરવો. યા કોઇ પણ નબીની નબુવ્વતનો ઇન્કાર કરવો અથવા દીનની જરૂરી બાબતોમાંથી કોઇ બાબતનો ઇન્કાર કરવો. અથવા એવું કાર્ય કરવું જેનાથી શરીઅતની રૂએ ઉપરોક્ત બાબતોમાંની કોઇ બાબતનો ઇન્કાર કરવાની દલીલ મળતી હોય, એ તમામ કુફ્ર છે.

૧૦. خَتَمَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ ગિશાવહ, સુધી માયનો એ છે : અલ્લાહે તેઓના એટલે કે કાફિરોના દિલો પર અને કાનો પર મહોર મારી દીધી છે, અને તેઓની આંખો પર પણ પડદો પાડી દીધો છે, અર્થાત કાફિરો ગુમરાહીમાં એટલા બધા ડૂબેલા છે કે હક વસ્તુને દેખવા, સાંભળવા અને સમજવાથી એવા મહરૂમ બની ગયા છે જાણે કે કોઇના દિલ અને કાનો પર મહોર લાગી ગઇ હોય અને આંખો પર પડદો પડી ગયો હોય.

**મસઅલો** : આ આયતથી સાબિત થયું કે બન્દાઓનાં કાર્યો પણ કુદરતે ઇલાહીના કબ્જામાં છે, આનાથી એ પણ સાબિત થયું કે હિદાયતના માર્ગો તેમના માટે પ્રથમથી જ બંધ ન હતા, કે જેથી બહાનુ મળે, બલ્કે આ પરિણામ તો તેઓના કુફ્ર, દીનની અદેખાઇ, સરકશી, બેદીની, હકના વિરોધ અને અમ્બિયા સાથે દુશ્મની રાખવાનું છે. જેવી રીતે કોઇ માણસ હકીમ-ડોકટરનો વિરોધ કરીને ઝેર ખાઇ લે પછી તેના માટે દવા ફાયદાકારક ન બને તો એવો માણસ પોતે જ ઠપકાને લાયક છે.

૧૧. وَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ અને અમુક લોકો કહે છે કે અલ્લાહ અને પાછલા દિવસ એટલે કે કયામત પર ઇમાન લાવ્યા. પણ તેઓ એવું કહેવા છતાં મુઅમિન નથી.

## શાને નુઝૂલ

અહીંથી (વમિનન્નાસથી) ૧૩ આયતો મુનાફિકો વિશે ઉતરી છે, જેઓ અંદરખાનેથી કાફિર હોવા છતાં પોતાને મુસલમાન તરીકે જાહેર કરતા હતા, તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું وَمَا هُمْ بِمُؤْمِنِيْنَ તેઓ ઇમાનવાળા નથી, એટલે કે કલેમો પઢવો, ઇસ્લામનો દાવો કરવો, નમાઝ રોઝા અદા કરવા એ બધું મુઅમિન હોવા માટે પૂરતું નથી, જ્યાં સુધી દિલથી સમર્થન ન કરે.

**મસઅલો** : અહીંથી જાણવા મળ્યું કે જેટલા ફિર્કાઓ ઇમાનનો દાવો કરે છે અને એતેકાદ કુફ્રના ધરાવે છે બધાનો આ જ હુકમ છે કે તેઓ ઇસ્લામથી ખારિજ છે, શરીઅતમાં એવાઓને મુનાફિક કહેવામાં આવે છે. અને એવાઓ ઇસ્લામને ખુલ્લા કાફિરો કરતાં વધારે નુકસાન પહોંચાડે છે.

وَمِنَ النَّاسِ કહેવામાં એક બારીક ભેદ એ છે કે એ લોકો ઉચ્ચ ગુણો અને માનવીય આદર્શોથી એટલા બધા ખાલી છે કે તેઓનો ઉલ્લેખ કોઇ સારા ગુણો કે ખૂબીથી કરવામાં ન આવ્યો, તેમના માટે તો એવું જ કહેવું જોઇએ કે આદમીઓમાંથી અમુક છે.

**મસઅલો** : આનાથી જાણવા મળ્યું કે પયગમ્બરોને 'બશર' કહેવું એમાં તે પાક હસ્તીઓની અઝમત અને બુઝુર્ગીનો ઇન્કાર કરવા જેવું છે, એટલા માટે કુરઆન મજીદમાં ઘણી જગ્યાઓએ અમ્બિયાને 'બશર' કહેનારાઓને કાફિર કહેવાયા છે, અને હકીકતમાં અમ્બિયાની શાનમાં આવો શબ્દ બોલવો અદબથી વેગળો અને કાફિરોનો તરીકો છે, મુફસ્સિરોએ કહ્યું وَمِنَ النَّاسِ લોકોને આશ્ચર્યજનક કરવા માટે કહ્યું, કે આવા મૂર્ખાઓ પણ લોકોમાં છે.

૧૨. يُخٰدِعُوْنَ اللّٰهَ وَالَّذِيْنَ اٰمَنُوْا ફરેબ દેવા ઇચ્છે છે અલ્લાહ અને વધુ પેજ નં. ૨૫.....પર

**હદીષ** : હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું પ્રથમ તે છું જેને કયામતના દિવસે સજદાની ઈજાઝત મળશે, અને હું જ પહેલો તે છું જેને માથુ ઉઠાવવાની ઈજાઝત મળશે[૧]. તો મારી સામે ભીડ જોઈશ, તો સર્વ ઉમ્મતોમાં મારી ઉમ્મતને ઓળખી કાઢીશ. અને મારી પાછળ પણ એ જ પ્રમાણે, અને મારી જમણી બાજુએ પણ અને મારી ડાબી બાજુએ પણ એ જ પ્રમાણે હશે[૨]. ત્યારે એક સાહબે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ નૂહ علیہ السلامથી આપની ઉમ્મત સુધીની આટલી ઉમ્મતોમાં આપની ઉમ્મતને કેવી રીતે ઓળખશો ?[૩] ફર્માવ્યું, તેઓ વુઝૂની અસરોથી સફેદીવાળ ા (ચમકતા) હશે, એમના સિવાય અન્ય કોઈ એવા ન હશે[૪]. અને તેમને એ પ્રમાણે ઓળખીશ કે તેમની કિતાબો તેમના જમણા હાથમાં હશે[૫]. અને એ રીતે ઓળખીશ કે તેમનાં બાળકો તેમની આગળ દોડતાં હશે[૬]. *(અહમદ)*

**વુઝૂ વાજિબ કરનારી ચીજોનું પ્રકરણ**[૭] : (પ્રથમ વિભાગ) : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બેવુઝૂની નમાઝ કબૂલ નથી ત્યાં સુધી કે વુઝૂ કરે[૮]. *(મુસ્લિમ, બુખારી)* હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ન પાકી વિના નમાઝ કબૂલ છે અને ન ખયાનતના માલમાંથી સદકો તથા ખયરાત કબૂલ છે[૯]. *(મુસ્લિમ)* હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે હું ખૂબ જ મઝીવાળો હતો અને હુઝૂર ﷺથી પૂછતાં પણ શરમાતો હતો આપના સાહબઝાદીના કારણે[૧૦]. જેથી મેં મિકદાદને કહ્યું. તેમણે હુઝૂર ﷺને પૂછયું તો ફર્માવ્યું કે શર્મગાહ ધોઈ લે અને વુઝૂ કરી લે[૧૧]. *(મુસ્લિમ, બુખારી)*

**-:: સ....મ....જૂ....તી.... ::-**

(મે મહિનાનુ બાકી હતું) **૧૩.** હૌઝથી મુરાદ હૌઝે કૌષર છે જે આપણા હુઝૂરનું છે. અન્ય નબીઓનાં પણ હૌઝ હશે પણ કૌષર કોઈનું પણ નથી. فَرَط (ફર્ત) એને કહે છે જે આગળ પહોંચીને વ્યવસ્થા કરે. મતલબ એ છે કે કૌષર પર અમે તમારાથી પહેલાં પહોંચીને તમારી વ્યવસ્થા કરીશું તથા તમારી રાહ જોઈશું, તમને અમારી વ્યવસ્થાથી પાણી પીવડાવીશું. હૌઝની પૂરી તેહકીક ઈન્શાઅલ્લાહ ! હૌઝવાળા પ્રકરણમાં આવશે.

**૧.** આ સજદો ઈબાદતનો ન હશે બલ્કે "શફાઅતે કુબ્રા"ની ઈજાઝત માટેનો હશે. આ તે સમય હશે જ્યારે સર્વ અંબિયા નફ્સી નફ્સી કહીને જવાબ આપી ચૂક્યા હશે અને હુઝૂર શફાઅતનો દરવાજો ખોલશે. એની પૂરી તેહકીક ઈન્શાઅલ્લાહુ તઆલા ! બાબુશ્શફાઅતમાં કરવામાં આવશે. મિર્કાતે ફર્માવ્યું કે અલ્લાહે સૌ પ્રથમ હુઝૂર ﷺના નૂરને પેદા ફર્માવ્યું એટલા માટે ત્યાં પણ પ્રથમ શફાઅત આપ જ કરશે. દરેક જગાએ અવ્વલિયતનો સેહરો એમના જ માથા પર છે. આ સજદો એક અઠવાડિયુ રહેશે જેમાં હુઝૂર ﷺ ખુદાની એવી હમ્દ કરશે જેવી કદી કોઈએ કરી નહીં હોય. એટલા માટે હુઝૂર ﷺનું નામ શરીફ "અહમદ" છે.

**૨.** એટલે કે હઝરત આદમ علیہ السلامથી લઈને કયામત સુધીની સર્વ મખ્લૂક હુઝૂર ﷺને એવી રીતે ઘેરી ચૂકેલ હશે જેવી રીતે દુલ્હાને બરાતવાળા ઘેરે છે. કેમ ન હોય ! જ્યારે કે સૌનો ફેંસલો આજે હુઝૂર ﷺના હોઠોના હલન ચલન પર થશે. દરેક આંખ આપનું મોં તાકશે, દરેક માથુ આપની તરફ ઝુકશે. હુઝૂર ﷺની જે શાન જાહેર થશે તે તો જોઈને જ માલૂમ પડશે. એ ભીડમાં સર્વ નબી પણ હશે અને તેમના ઉમ્મતીઓ પણ હશે.

**૩.** એટલે કે આટલી ઉમ્મતોની ભીડમાં આપની ઉમ્મતની ઓળખ શું હશે ? નૂહ علیہ السلامનું વર્ણન કેવળ આપની ખ્યાતિના કારણે છે, નહીં તો એમનાથી આગલા નબીઓ પોતાની ઉમ્મતો સાથે મૌજૂદ હશે. અથવા એ સૌથી પહેલાં કાફિરોને તબ્લીગ હઝરત નૂહ علیہ السلامએ જ કરી.

**૪.** એટલે કે ભલે વુઝૂ સર્વ ઉમ્મતોએ કર્યા હતાં પણ એનું આ નૂર કેવળ આ ઉમ્મત માટે હશે.

**૫.** એટલે કે મારી ઉમ્મતનાં આમાલાનામા જમણા હાથમાં આપવામાં આવશે, કાફિરોનાં ડાબા હાથમાં, પાછલી ઉમ્મતના મો'મિનોને હજી આમાલનામાં મળ્યાં નહીં હોય, એ વખતે ખાલી હાથે હશે, બાદમાં તેમને પણ જમણા હાથમાં જ મળશે, તેમજ એ વખતે આમાલનામાં દૂરથી ચમકતાં હશે ન કે અન્ય ઉમ્મતોનાં. જેથી આ હદીષ પર વાંધો નથી કે દરેક નબીના મો'મિનોને આમાલનામાં જમણા હાથમાં આપવામાં આવશે.

**૬.** જન્નતમાં લઈ જવાના માટે. આ પરથી જાણવા મળ્યું કે નાનાં બાળકોનું માબાપની આગળ ચાલવું, શફાઅત કરવું આ ઉમ્મતની સાથે ખાસ છે. યાદ રાખશો કે આ ત્રણ નિશાનીઓ ઉપર હુઝૂર ﷺની ઓળખ આધારિત નથી, હુઝૂર તો દરેકના ઉમ્મતીના ઈમાનના દરજાથી વાકેફ છે, દરેકના ઈમાનની રગ પર હુઝૂરનો હાથ છે. કેમ ન હોય ! જ્યારે કે હુઝૂર દરેકની દરેક હાલતના ગવાહ મુત્લક઼ છે. وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا ! હુઝૂર ﷺના નેક ઉમ્મતી ગુનેહગારોને દોઝખથી કાઢીને લાવશે, પ્રથમ તેમને જેમના દિલમાં દીનાર બરાબર ઈમાન છે, પછી અડધા દીનારવાળાઓને, ત્યાં સુધી કે અંતમાં રાઈના બરાબરવાળાઓને. જ્યારે આ મો'મિનો દિલના ઈમાનની માત્રા ઓળખે છે તો હુઝૂર ﷺની ઓળખનું શું પૂછવું ?!

***વહ લેંગે છાંટ અપને નામ લેવાઓંકો મહશરમેં***
***ગઝબકી ભીળમેં ઉન્કી મૈં ઈસ પેહચાનકે સદક઼ે***

નહીં તો હુઝૂર ﷺની ઉમ્મતમાં અમુક લોકો તો આ ત્રણેવ નિશાનીઓથી ખાલી હશે, કે ન તેમણે વુઝૂ કર્યું ન કોઈ નેક અમલ ન કોઈ ઔલાદ હતી, બલ્કે આ નિશાનીઓ તો લોકોની ઓળખ માટે છે, એટલા માટે હુઝૂર ﷺએ એવું નથી ફર્માવ્યું કે એના વગર હું એમને ઓળખી શકીશ નહીં.

**૭.** આઠ ચીજો વુઝૂ તોડી નાખે છે : જો કાંઈ પેશાબ કે પાખાનાના માર્ગેથી નીકળે, મોં ભરીને ઉલ્ટી, વહેતુ લોહી, બેહોશી, નશો, ગફલતની ઊંઘ, રુકૂઅ સજદાવાળી નમાઝમાં જોરથી હસવું, સંભોગ.

**૮.** કબૂલથી મુરાદ નમાઝનું જાઈઝ થવું છે અને વુઝૂથી હક઼ીક઼ી તથા હુકમી બંનેવ વુઝૂ મુરાદ છે એટલે કે તયમ્મુમ પણ. બેવુઝૂની નમાઝ વિના વુઝૂ કે વિના તયમ્મુમ કર્યે જાઈઝ નથી. અહનાફ (હનફીઓ)ની નજીક જેને વુઝૂને લાયક પાણી અને તયમ્મુમને લાયક માટી ન મળે તે નમાઝ ક઼ઝા કરે, અને જો ક઼ઝા (કરવા)નો મોકો પામતા પહેલાં મૃત્યુ પામ્યો તો એના પર ગુનોહ નથી. આ હદીષ ઈમામ સાહબની દલીલ છે. ઉલમા ફર્માવે છે કે જાણી જોઈને વિના વુઝૂએ પઢવું કુફ્ર છે જ્યારે કે નમાઝને હલકી જાણી હોય.

**૯.** અહીં તહારત (પાકી)થી વુઝૂ તથા ગુસ્લ બંનેવ મુરાદ છે અને ખયાનત (અપ્રમાણિક્તા)થી સર્વ હરામ માલો મુરાદ છે. એટલે કે પાક થઈને નમાઝ પઢો અને હલાલ માલ વડે ખયરાત કરો. હરામ માલ તેના માલિકને પાછો વધુ પેજ નં. ૨૧....પર

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં**
**દિલ કો જો અક્લ દે ખુદા તેરી ગલી સે જાએ ક્યૂં**

**અર્થ** : અમે ગલી ગલીમાં ભટકીને સૌની ઠોકરો શા માટે ખાઈએ ?! ખુદાપાકે અક્લ (બુધ્ધિ) આપી છે તો હુઝૂર પુરનૂર ﷺની ગલીઓને છોડીને બીજે શા માટે જઈએ ?!

**રુખ્સતે કાફલા કા શોર ગશ સે હમેં ઉઠાએ ક્યૂં**
**સોતે હૈં ઉનકે સાયામેં કોઈ હમેં જગાએ ક્યૂં**

*(રુખ્સતે કાફલા = કાફલાની રવાનગી, શોર = ઘોંઘાટ, ગશ = બેહોશી, સાયા = પનાહ)*

**અર્થ** : અમે ઈશ્કે રસૂલ ﷺની મદહોશીમાં છીએ વિદાય થતા કાફલાનો ઘોંઘાટ કેવી રીતે અમને ઉઠાવે ?! અમે તો હુઝૂર ﷺની પનાહમાં સૂઈ રહ્યા છીએ કોઈ અમને કેવી રીતે જગાડી શકે !

**બાર ન થે હબીબ કો પાલતે હૈં ગરીબ કો**
**રોએં જો અબ નસીબ કો ચૈન કહો ગંવાએ ક્યૂં**

*(બાર = બોજ, નસીબ = કિસ્મત, રોએં = રડે, ગંવાએ = બર્બાદ કરે)*

**અર્થ** : હુઝૂરે પાક ﷺ તો ગરીબોના પાલનાર છે અમે આપની ઉપર બોજ ન હતા તો તેમના દરને છોડીને કમનસીબી પર રડી રડીને ચૈન સુકૂનને શાથી બર્બાદ કરીએ ?!

**યાદે હુઝૂર કી કસમ ગફલતે ઐશ હૈ સિતમ**
**ખૂબ હૈં કૈદે ગમ મેં હમ, કોઈ હમે છુડાએ ક્યૂં**

*(ઐશ = આરામ, સિતમ = જુલ્મ, ખૂબ = સારું, કૈદે ગમ = ગમમાં ગિરફતાર રહેવું, છુડાએ = છોડાવે)*

**અર્થ** : હુઝૂર શાફએ યૌમુન્નુષૂર ﷺ ઉમ્મતને ખૂબ યાદ કરતા હતા, ક્યારેક રબ્બિ હબ્લી ઉમ્મતી કહી ઉમ્મતની મગફિરત માટે રડતા, તો મેઅરાજમાં રબની બારગાહમાં અસ્સલામુ અલયના વઅલા ઈબાદિલ્લાહિસ્સાલિહિન (સલામતી અમારા પર અને નેક બંદાઓ પર) કહી ઉમ્મતને યાદ કરી. સારાંશ કે હુઝૂર ﷺ વારંવાર ઉમ્મતને યાદ કરતા હતા એ હુઝૂર ﷺની યાદની કસમ ! ઐશો આરામમાં પડી તે ગમખ્વાર આકાને ભૂલી જવું મહા જુલ્મ છે અને જેથી હુઝૂર ﷺની યાદના ગમની કૈદમાં ખૂબ સારા છીએ, કોઈ અમને શું કામ છોડાવે ?!

**દેખ કર હઝરત ગની ફૈલ પળે ફકીર ભી**
**છાઈ હૈં અબ તો છાવની હશ્ર હી આ ન જાએ ક્યૂં**

*(હઝરત = બુઝુર્ગ, ગની = માલદાર, છાવની = છાવણી)*

**અર્થ** : સખાવતના ધણી હઝરત ગની رضي الله عنه ની મહેબાનીઓ જોઈને ફકીરોએ પડાવ નાખી દીધો છે. છાવણી બાંધીને બેસી ગયા છે. ઉઠવાનું નામ લેતા નથી ભલે કયામત આવી જાય.

**જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા**
**જિસકો હો દર્દ કા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં**

*(જાન = પ્રાણ, ફુઝૂં = વધારે, નાઝે દવા = દવાના નખરા)*

**અર્થ** : ઈમાનની જાન ઈશ્કે મુસ્તફા છે, ખુદા પાક દરરોજ તે ઈશ્કમાં વધારો ફર્માવે ! જેને ઈશ્કના દર્દમાં મજા મળતી હોય તે દવાના એહસાન શું કામ ઉઠાવે ?!

**હમ તો હૈં આપ દિલ ફગાર ગમ મેં હંસી હૈ ના ગવાર**
**છેળ કે ગુલકો નવ બહાર ખૂન હમેં રુલાએ ક્યૂં**

*(આપ = ખૂદ, દિલ ફગાર = ઝખ્મી હૃદય, ના ગવાર = અયોગ્ય, છેળકે = છેડીને, ગુલકો = ફૂલને, નવ બહાર = વસંતઋતુ)*

**અર્થ** : અમે ખૂદ જ પહેલેથી હુઝૂર ﷺ ની યાદના ગમમાં ઝખ્મી દિલ છીએ અને ગમમાં મજાક કરવું અયોગ્ય છે, તો વસંતઋતુ ફૂલને છેડીને લોહીનાં આસૂં ન રડાવે.

**યા તો યહીં તળપ કે જાએં યા વહી દામ સે છુળાએં**
**મિન્નતે ગૈર ક્યૂં ઉઠાએં કોઈ તરસ જતાએં ક્યૂં**

*(દામ = કૈદ, મિન્નતે ગૈર = બીજાનો ઉપકાર, તરસ = હમદર્દી)*

**અર્થ** : અમે યાદે નબી ﷺ ની કૈદમાં ગિરફતાર થઈ ગયા છે, ક્યાં તો યાદે નબી ﷺ માં એમ જ તડપી તડપીને જાન આપી દઈશું અથવા હુઝૂર ﷺ ખૂદ જલ્વો દેખાડી જાળમાંથી છોડાવી લે, બીજાનું એહસાન શા માટે માથે લઈએ ! કોઈ બીજો હમદર્દી શાથી જતાવે ?!

**ઉનકે જલાલ કા અસર દિલ સે લગાએ હૈં કમર**
**જો કે હો લોટ ઝખ્મ પર દાગે જિગર મિટાએ ક્યૂં**

*(કમર = ચાંદ, લોટ = આશિક, દાગ = નિશાન)*

**અર્થ** : ચાંદ પર કાળા રંગનો જે ધબ્બો છે તે હુઝૂર ﷺ ની શાનો શૌકતના અસરથી પડેલ છે અને તે ધબ્બાને ચાંદ મિટાવવા નથી ચાહતો. જે ઝખ્મ પર ફિદા હોય તે જિગરના ડાઘને શાથી મિટાવે ?!

**ખુશ રહે ગુલ પે અન્દલીબ, ખારે હરમ મુઝે નસીબ**
**મેરી બલા ભી ઝિક્ર પર ફૂલ કે ખાર ખાએ ક્યૂં**

*(ગુલ = ફૂલ, અન્દલીબ = બુલબુલ, ખારે હરમ = મદીનાનો કાંટો, નસીબ = કિસ્મત, બલા = મુસીબત, ખાર = હસદ)*

**અર્થ** : બુલબુલો ફૂલથી ખુશ રહે અને મને મદીના શરીફના કાંટા નસીબ થાય, ફૂલના ઝિક્ર પર મારી બલાને હસદ કેમ થાય ?! મને તો મહબૂબે ખુદા ﷺ ના દયારના કાંટાથી પ્રેમ છે !

**ગર્દે મલાલ અગર ધુલે દિલ કી કલી અગર ખિલે**
**બર્ક સે આંખ ક્યૂં જલે રોને પે મુસ્કુરાએં ક્યૂં**

*(ગર્દે મલાલ = દુઃખની ધૂળ, બર્ક = વીજળી, જલે = બળે)*

**અર્થ** : મુસ્તફા ﷺ ની જુદાઈના દુઃખની ધૂળ જો ધોવાઈ જાય અને દીદારે મુસ્તફા ﷺ થી દિલથી કળી ખિલીને ફૂલ થઈ જાય તો વીજળીથી આંખો બળે નહીં અને ગમે મુસ્તફા ﷺ પર રોતા જોઈને કોઈ હંસે નહીં.

**જાને સફર નસીબ કો કિસને કહા મઝે સે સો**
**ખટકા અગર સહર કા હો શામ સે મૌત આએ ક્યૂં**

*(જાને સફર = સફરનો પ્રાણ, મદીના શરીફનો સફર, મઝે સે = આરામથી, સો = સૂઈ જાવ, ખટકા = ડર, સહર = પ્રભાત, મૌત = ઊંઘ)*

**અર્થ** : જાને સફર એટલે કે તમામ સફરોની જાન મદીનાનો સફર છે. નસીબને કોણે કહ્યું કે આરામથી સૂઈ જા ! જો સવારે ન ઉઠવાનો ડર છે તો સાંજે સૂઈ કેમ જાય છે ? આખી રાત સવારની રાહ જોતા ગુજારી દે !

**અબ તો ન રોક અય ગની આદતે સગ બિગળ ગઈ**
**મેરે કરીમ પેહલે હી લુક્મએતર ખિલાએ ક્યૂં**

*(ગની = માલદાર, આદતે સગ = શ્વાનની આદત, કરીમ = સખી, લુક્મએતર = તાજા સ્વાદિષ્ટ કોળીયા)*

**અર્થ** : અય મારા કરીમ, સખી, ગની આક઼ા ! આપે મારા પર બેપનાહ મહેરબાનીઓ ફર્માવી છે, અને આ મહેરબાનીઓના કારણે આપની ચોખટના કૂતરાને આપના દરના ટુકડા ખાવાની આદત પડી ગઈ ! હવે દસ્તે કરમ ન રોકો ! જો મહેરબાની રોકવી જ હતી તો પહેલા તાજા તાજા સ્વાદિષ્ટ લુકમા કેમ આપ્યા જે ખાઈને તાજુ ખાવાની આદત પડી ગઈ હવે સુકી રોટલીથી સબર નહીં થાય.

**રાહે નબી મેં ક્યા કમી ફર્શે બયાઝે દીદહ કી**
**ચાદરે ઝિલ હૈં મલગજી ઝેરે ક઼દમ બિછાએ ક્યૂં**

*(રાહે નબી = નબી પાક ﷺનો રસ્તો, ફર્શ = જાઝમ, બયાઝે દીદહ = આંખોની સફેદી, ચાદરે ઝિલ = સાયાની ચાદર, મલગજી = મેલી, ઝેરે ક઼દમ = પગ નીચે, બિછાએ = પાથળે)*

**અર્થ** : હુઝૂર ﷺની રાહ ગુઝરમાં આંખો બિછાવનારાઓની શું કમી છે ! કરોડો લોકો હુઝૂર ﷺની બારગાહમાં આંખો બિછાવવા તૈયાર છે. તો પછી ખુદા પાક આપના ક઼દમ મુબારક નીચે સાયાની ચાદર કેમ પાથળે જે કાળી મેલી જેવી છે.

આ શેઅરમાં હુઝૂર ﷺના બે સાયા હોવાની અક઼લી દલીલ પેશ કરવામાં આવી છે. આ વિષય પર વધુ વિગત માટે જુઓ આ'લા હઝરતની કિતાબો ''કમરૂત્તમામ નફયુફય'' મુલ્લા અલી ક઼ારીની કિતાબ ''જમ્ઉલ વસાઈલ'' ભાગ-૧, પેજ-૧૭૬ અને અલ્લામા ઈબ્ને જૌઝીની કિતાબ અલવફા બે અહવાલિલ મુસ્તફા, પેજ-૪૦૭ અને ઈમામ મુનાવીની કિતાબ શર્હે શમાઈલ, ભાગ-૧, પેજ-૧૪૭

**સંગે દરે હુઝૂર સે હમ કો ખુદા ન સબ્ર દે**
**જાના હૈ સર કો જા ચુકે દિલ કો ક઼રાર આએ ક્યૂં**

*(સંગે દરે હુઝૂર = હુઝૂરની ચોખટનો પથ્થર, સર = માથુ)*

**અર્થ** : ખુદા કરે કે હુઝૂર ﷺની ચોખટના બોસાથી દિલ ન ભરાય બલ્કે બોસો લેતા રહીએ, જો કોઈ માથુ કાપી પણ નાખે તો પણ દિલ ભરાય નહીં.

**હૈ તો 'રઝા' નિરા સિતમ જુર્મ પે ગર લજાએં હમ**
**કોઈ બજાએ સોઝે ગમ સાઝે તરબ બજાએ ક્યૂં**


*(નિરા સિતમ = ખુલ્લો જુલ્મ, જુર્મ = ગુનાહ, લજાએં = શર્મિંદા થવું, બજાએ = વગાડે, સોઝે ગમ = દુઃખનુ વાજુ, સોઝે તરબ = ખુશનુ વાજુ)*

**અર્થ** : અય અહમદ રઝા ! જ્યારે આપણે ગુનાહોથી શર્મિંદા થઈને રડી રહ્યા હોય એવી હાલતમાં હમદર્દીની જગ્યાએ ખુશીના ગીત ગાવા ખુલ્લો જુલ્મ છે.

(કાર્યાલય)

**મુનાફિક઼ત તે આનુ નામ !**

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!



## કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !



*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

### ★ "નગ્ન મુર્દાની વાત !" ગુસ્તાખે નબીની બેશરમી તો જુઓ ! ★

જનાબ મોલ્વી અબ્દુર્રશીદ સાહબ રાનીસાગરી (હજારીબાગ) દેવબંદી વર્તુળના એક 'ઈલાકાઈ પીર' છે. તેમના સંબંધે એક દિલચસ્પ કહાની વાંચવા જેવી છે, તેમના એક બીજા મુરીદ મોલ્વી શિહાબુદ્દીન રશીદી 'નકીબ' અખ્બારના 'મુસ્લેહ ઉમ્મત' અંકમાં એક વિચિત્ર બનાવના 'રાવી' છે, લખે છે કે :–

*મને મારા મુહતરમ મિત્ર અને હઝરતના સગા મૌલાના અલ્હાજ અશ્રફઅલી સાહેબે બયાન કરેલું કે, હઝરતે ફર્માવ્યું કે, એક શ્રીમંત કુટુંબનો યુવાન નબીરો હતો, તેની જિંદગી ખૂબ જ એશઆરામ ને ગુનાહોમાં પસાર થઈ,* ***જ્યારે તેનું અવસાન થઈ ગયું ત્યાર પછી એક દિવસ હું ક઼બ્રસ્તાનમાં ગયો, ત્યાં એ યુવાનને જોયો, તે તેની ક઼બ્રમાં નગ્ન બેઠો છે અને ખૂબ જ નિરાશ અને નિઃસહાય હાલતમાં છે.*** *હું તેની નજીક પહોંચ્યો તો* ***મને જોઈને તેણે પોતાના બંને હાથોથી પોતાના સતરને છુપાવી લીધું.*** *મેં તેને કહ્યું કે,* ***એટલા માટે જ હું તને કહ્યા કરતો હતો*** *પરંતું તેં તારી જિંદગીને બેપરવાઈમાં ગુજારી દીધી અને મારી વાતો તરફ કંઈ જ ધ્યાન આપ્યું નહીં. ('નકીબ' ફુલ્વારીકા મુસ્લેહ ઉમ્મત નંબર, પેજ–૧૯)*

**ઉપરોક્ત કહાની વાંચ્યા પછી એવું લાગે છે કે, ખરેખર એ બનાવ કોઈ મુર્દા ઈન્સાન સંબંધે તો નહીં પણ જીવંત માનવી સંબંધનો છે ! અને એ બનાવ ખરેખર, 'બરઝખની દુનિયા'નો નહીં બલ્કે, આપણી આ દુનિયાનો છે ! જો ખરેખર આ બનાવ બરઝખની દુનિયાનો છે તો માનવું પડશે કે ગૈબની દુનિયાની સાથે દેવબંદી 'શ્રીમાનો'નો સંબંધ બિલકુલ ઘર આંગણાની જેમ છે ! 'ગયબની દુનિયા'નો કોઈ પડદો તેમની નજરોની આડે આવતો જ નથી ! બસ, નજર ઉઠાવી અને 'ગયબ'ની વસ્તુઓ આપોઆપ તેમની સામે બેનકાબ થઈ ગઈ !**

ઈન્સાફ કરો ! એક તરફ તો તેઓ 'પોતાના બુઝુર્ગોની શક્તિ આ પ્રમાણે જાહેર કરી રહ્યા છે, અને **બીજી તરફ સૈયદુલ અંબિયા (ﷺ) સંબંધે જાહેર કરી રહ્યા છે કે, "તેમને દિવાલની પાછળનો પણ ઈલ્મ નથી."**

## દુનિયાના કારોબારમાં અધિકાર

દુનિયાની વ્યવસ્થામાં એ 'શ્રીમાનોનું તસર્રૂફ' (અધિકાર રાખવું) અને ઈખ્તિયારનો 'તમાશો જોવા ચાહતા હોઉ તો આ પુસ્તકનો એક છેવટનો કિસ્સો પણ વાંચી લો :–

એ જ મોલ્વી અબ્દુર્રશીદ સાહેબ રાનીસાગરીની પુત્રી સામેનહ ખાતૂનના 'સ્મરણો'માંથી એક બનાવ 'નકીબ'અખ્બારના 'મુસ્લેહ ઉમ્મત નંબર'માં નકલ કરવામાં આવ્યો છે, તેણીએ કહ્યું છે કે :–

*જ્યારે અમારું મકાન બનવા લાગ્યું ત્યારે પિતાજીની સૂચના પ્રમાણે સૌથી પહેલાં 'પાયખાના' (સંડાસ)માં હાથ લાગ્યો, એ વરસાદની મોસમનો સમય હતો પરંતું વરસાદ વરસતો ન હતો, 'ધાન'ની વાવણી થઈ ચૂકી હતી, કિસાનો ખૂબ જ પરેશાન હતા. મેં પિતાજીને વરસાદ માટે દુઆ કરવાની વિનંતી કરતાં કહ્યું કે, 'વરસાદને માટે દુઆ કરો લોકો પરેશાન છે, ફસલને ભય છે.' તે સાંભળીને પિતાજી હસવા લાગ્યા અને ત્યાર પછી તેમણે ફર્માવ્યું કે, વરસાદ કેમ કરીને થશે ? આપણો પાયખાનો (સંડાસ) હજી બની રહ્યો છે, તે ખરાબ થઈ જશે !' તો મેં પૂછયું કે, 'પાયખાનું' ક્યારે બની જશે ? તે બોલ્યા 'તેની દિવાલ તો તૈયાર થઈ ગઈ છે, બસ હવે છત તૈયાર થઈ જાય એટલી વાર છે.' તે સાંભળીને હું ચુપ થઈ ગઈ. બે દિવસ પછી ખૂબ જ જોરદાર વરસાદ શરૂ થઈ ગયો, પિતાજી ઘર પર હતા, મેં પૂછયું કે, તો શું આપણા પાયખાના માટે જ વરસાદ રોકાએલો હતો ? તેનો જવાબ તેમણે આપ્યો નહીં માત્ર હસતા રહ્યા, ત્યારે પિતાજી બિલકુલ તંદુરસ્ત હતા. ('નકીબ' કા મુસ્લેહ ઉમ્મત નંબર, પેજ–૪)*

ઉપરોક્ત બનાવમાં **જે પ્રકારનો 'અક઼ીદો' જાહેર કરવાનો મકસદ છે તે એ છે કે, તેમને એ વાતનો ઈલ્મ હતો કે, વરસાદ હમણાં થશે નહીં, અને તેઓ એ પણ જાણતા હતા કે, વરસાદ શા માટે રોકાઈ ગયો છે ?** અથવા એ મકસદ છે કે 'દુનિયાની વ્યવસ્થામાં તેમની 'અંગત ઈચ્છા' એટલી હદે દખલકર્તા અને બાઅસર હતી કે, જો જમીનની છાતી તપતી રહી, ફસલો પટકતી રહી, પરંતું જ્યાં સુધી તેમનો 'પાયખાનો' તૈયાર થયો નહીં ત્યાં સુધી વરસાદને ગમે તેમ રોકાઈ જવું પડયું ! 'બારિશ કૈસે હોગી ?'નું વાક્ય પણ સ્પષ્ટતા કરે છે કે, તેમણે જ્યાં સુધી ઈચ્છા પૂર્ણ ન કરી ત્યાં સુધી વરસાદ પડયો નહીં.

હવે તમારી ઈમાની ગયરત, નિખાલસતા અને વફાની મંઝિલ તરફ ખૈરો આફિયતથી પસાર થઈ શકતી હોય, તો તમે નિર્ણય કરો કે, 'દુનિયાની વ્યવસ્થા'માં તેમના ઘરના બુઝુર્ગોની પહોંચ (દખલ) તો એટલી હતી કે, વરસાદ પણ રોકાઈ જાય છે, પરંતું પયગમ્બરે આ'ઝમ ﷺની જનાબમાં તેમની માન્યતા શું છે તે પણ જુઓ :–

*જેમ કે, આવું બોલવું ન જોઈએ કે, "અલ્લાહ અને રસૂલ ﷺ ચાહશે તો ફલાણું કામ થઈ જશે !" કારણ કે આખા જગતનો વહીવટ અલ્લાહ તઆલાની ઈચ્છાથી જ પાર પાડે છે. **રસૂલ ﷺના ઈચ્છવાથી કશું થતું નથી.** –(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૧૬૬, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

સારા કારોબાર જહાંકા અલ્લાહ હી કે ચાહનેસે હોતા હૈ, આ વાક્ય પણ 'તવહીદ'ના અક઼ીદાનો હેતુ પૂર્ણ કરવાને માટે પૂરતો હતો, પરંતુ **'રસૂલકે ચાહનેસે કુછ નહીં હોતા'નો** વધારો માત્ર ધિક્કારની લાગણી જાહેર કરવા માટે જ છે ! જે એ 'શ્રીમાનો'ના દિલોમાં રસૂલે ખુદા ﷺ પ્રત્યે ઘર કરી ચૂકેલ છે.

આ હક઼ીક઼તોને જોતાં તમને એમ લાગતું નથી કે, 'દેવબંદી ધર્મ'માં બે શરીઅતો પ્રચલિત છે ! બંનેનો ઉપયોગ તેઓ પોતાની મરજી પ્રમાણે કરતા રહે છે. છતાં પોતાને સાચા અને પાકા 'તવહીદ પરસ્ત' મુસલમાનો તરીકે જાહેર કરીને દુનિયાની આંખોમાં ધૂળ નાખતા રહે છે.

## ★ "દેવબંદી વર્ગના ત્રણ નવા 'શ્રીમાનો'ના બનાવો" ★

ક઼ારી ફખરૂદ્દીન સાહેબ ગ્યાવી જે મૌલાના હુસૈન અહમદ ટાંડવી મદની દેવબંદીના 'મુરીદ' અને 'ખલીફા' છે, એટલું જ નહીં તેઓ બિહાર પ્રાંતમાં 'દેવબંદી ધર્મ'ના મોટા પ્રચારક અને પેશ્વા માનવામાં આવે છે. તેમણે એક કિતાબ 'દર્સે હયાત' નામે લખી છે, જેને 'મદની કુતુબખાના મદ્રસએ ક઼ાસિમિયહ'એ પ્રગટ કરી છે.

મઝકૂર કિતાબમાં તેમણે પોતાની જમાઅતના ત્રણ બુઝુર્ગોના જીવનવૃતાંત લખ્યાં છે, તેમાં એક તો તેમના નાના મોલ્વી અબ્દુલ ગફ્ફાર સરહદી છે, બીજા તેમના પિતાશ્રી મોલ્વી ખયરૂદ્દીન જેઓ મોલ્વી મહમૂદુલહસન દેવબંદીના શાગિર્દ છે, ત્રીજા તેમના પિતાશ્રીના મિત્ર અને ઉસ્તાદ મોલ્વી બશારત કરીમ સાહબ છે. આ ત્રણે બુઝુર્ગો તેમના સમયમાં બિહારના ઈલાકામાં દેવબંદી ધર્મના આગેવાન પ્રચારકો હતા.

ઉપરોક્ત ત્રણેવ 'દેવબંદી બુઝુર્ગો'ને સંબંધે લખાએલા ક્રમવાર બનાવોને જુઓ, **જેને સાચા માની લેવામાં આવે તો તેવી સ્થિતિમાં 'દેવબંદી વિચારસરણી'ની બુનિયાદમાં સુરંગ ચંપાઈ જાય છે !** અને ઈન્સાફ પસંદ એ વિચારવાને માટે મજબૂર થઈ જાય છે કે આ કિતાબ 'દર્સે હયાત' કદાચ એટલા માટે જ લખવામાં આવી છે કે, 'દેવબંદી ધર્મ'ના જૂઠાણાનો પડદો ચીરી દેવામાં આવે. ***(વધુ આવતા અંકે....)***

## ★ જામા મસ્જિદ સોખડારાઘુનો જશ્ને ઈફતેતાહ ! ★

**સોખડારાઘુ** : (તા. પાદરા, જિ. વડોદરા, વાયા–કરજણ) ખાતે ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાની દેખરેખ હેઠળ વલણ નિવાસી જનાબ ઈકબાલભાઈ ગજરાના સહકારથી એક ખૂબ સૂરત આલીશાન શાનદાર મસ્જિદનું બાંધકામ પૂર્ણ થતાં તા. ૧૪–૫–૨૦૧૩ મંગળવારે ઝહોરના સમયથી જશ્ને ઈફતેતાહ રાખવામાં આવ્યો જેમાં આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ સાહબ તથા અન્ય ઉલમા, કુર્રા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ તથા અન્ય સાદાત તથા ઉલમા હુફફાઝની હાજરીમાં ૧૧ વાગ્યે મસ્જિદનું ઓપનિંગ થયું, તિલાવતે કુર્આન, નફલ નમાઝો લોકો પઢયા, બાદમાં કિ઼રાઅત તથા નઅત, બયાન એક વાગ્યા સુધી થયાં. એક વાગ્યે અઝાને ઝોહર થઈ. નમાઝે ઝોહર બાદ પીરે તરીક઼ત અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, દાઈએ કબીર હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દાવતે ઈસ્લામી)એ મસ્જિદની અહમિયત, તામીરની ફઝીલત તથા નમાઝ ન પઢવાના, જમાઅત ત્યજવાના અઝાબ સંબંધે અસરકારક બયાન કર્યું હતું. છેવટે સલાતો સલામ દુઆ પર પ્રોગ્રામ ખત્મ થયો હતો. સર્વ ગ્રામ્યજનો તથા બહારથી પધારેલા મહેમાનો માટે મંડપ નીચે ન્યાઝ જમાડવાની વ્યવસ્થા તથા ઠંડા પાણીની વ્યવસ્થા હતી. તેમજ ગામના રસ્તાઓને શાનદાર ગુંબદે ખદરાવાળા ગેટ તથા વિવિધ જગાએ ઝંડાઓ, મંડપો વડે સજાવ્યો હતો. ગામ લોકોએ મહેમાનોની ખૂબ ઈજ્જત તથા ચાકરી કરી હતી. સૌને મુબારકબાદ ! રબ તઆલા તાક઼યામત અહીં સુન્નીઓને ક઼ાયમ તથા આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

### ★ શું રમઝાનની રાતોમાં પતિ પત્નીએ સંભોગ કરવો ગુનોહ છે ? ★

આમ લોકોમાં કેટલાક આ પ્રકારનો વિચાર ધરાવે છે જે તેઓની ગલતફેહમી છે. રમઝાન મહિનામાં રોઝાની ઈફતારીના સમયથી સેહરીના ખત્મ થવાના સમય સુધી જેવી રીતે ખાવું પીવું જાઈઝ છે તે જ રીતે પતિ પત્નીએ સંભોગ કરવો, પથારીમાં સાથે સૂવું વગેરે કોઈપણ પ્રકારના બંધન વગર જાઈઝ છે અને ઘણી હદીષોથી સાબિત છે. બલ્કે કુર્આન શરીફમાં ખાસ તેની ઈજાઝત (જાઈઝ હોવા)ને માટે આયતે કરીમા નાઝિલ ફર્માવવામાં આવેલ છે. ઈર્શાદે બારી તઆલા છે : **અર્થાત** : "તમારા માટે રોઝાની રાતોમાં સ્ત્રીઓથી સંભોગ હલાલ કરવામાં આવ્યું. તેઓ (પત્નીઓ) તમારા માટે પોશાક છે અને તમે (પતિઓ) તેણીઓના માટે પોશાક (લિબાસ) છો." *(પા-૨, રુકૂઅ-૭)*

### ★ શું નાપાક રહેવાથી રોઝો તૂટી જાય છે ? ★

જો કોઈ વ્યક્તિ રોઝો રાખીને દિવસમાં નાપાક (નાપાકીની હાલતમાં) રહે અને આ નાપાકીને કારણે તેની નમાઝ છૂટે છે તો તેના ઉપર નમાઝ છોડવાનો મહાન ગુનોહ થશે, કેમ કે ફર્ઝ નમાઝનું છોડવું ઈસ્લામમાં મોટો ગુનોહ અને જહન્નમનો રસ્તો છે. પરંતુ આ નાપાકીની તેના રોઝા ઉપર કોઈ અસર થશે નહીં. એટલે કે રોઝો થઈ જશે. એવો વિચાર કરવો કે નાપાકીની હાલતમાં રોઝો નહીં થાય એ ગલત ફેહમી છે. પાક હોવું નમાઝને માટે શર્ત છે, રોઝાને માટે નથી, માટે જો દિવસભર નાપાક રહેશે તો પણ રોઝો બાકી રહેશે. પરંતુ આ પ્રમાણે નાપાક રહેવું એ મોમિનની શાન નથી કેમ કે તેનાથી નમાઝો કઝા થશે.

હદીષ શરીફની રોશનીમાં આ મસ્અલાની વિસ્તારપૂર્વક છણાવટ જેને જોવી હોય તે ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૪, પેજ-૬૧૫નું વાંચન કરે.

### ★ રોટ બોટનો રોઝો ★

કેટલીક જગ્યાઓએ રજબની ૧૭મી તારીખનો રોઝો રાખે છે અને તેને રોટ બોટનો રોઝો કહે છે. "ખાસ કરીને આ દિવસે જ રોઝો રાખવાનો શરીઅતે ઈસ્લામિયહમાં કોઈ હુકમ નથી." નફલ રોઝાઓ વરસમાં મના કરવામાં આવેલા દિવસો સિવાય ક્યારેય પણ રાખી શકાય છે. ૧૭મી રજબને રોઝા માટે ખાસ કરવું, તેને રોટ બોટનો રોઝો કહેવો, ખાસ વજનની નાની મોટી બે રોટીઓ અને બોટીઓ બનાવવી, નાની રોટીને ફાતેહા પઢવાવાળાને અને મોટી રોટીને રોઝો રાખનાર રોઝાદારને ખવડાવવી વગેરે આધાર વગરની અને મનઘડત વાતો છે.

### ★ ૭૦ હઝરત અલી મુશ્કિલકુશા અને સોળ સૈયદોનો રોઝો ★

અમુક જગ્યાઓએ સ્ત્રીઓ હઝરત અલી મુશ્કિલકુશા رضی اللہ عنہનો રોઝો રાખે છે, તો રોઝો હોય કે અન્ય કોઈ ઈબાદત બધું જ અલ્લાહ તઆલાને માટે હોય છે. હા ! જો આ પ્રમાણે નિય્યત કરી લેવામાં આવે કે આ રોઝાનો સવાબ હઝરત અલી رضی اللہ عنہની રૂહે પાકને પહોંચે તો આ સારી બાબત છે, પરંતુ

આ રોઝામાં ઈફતારી અડધી રાત્રે કરે છે અને ઘરનો દરવાજો ખોલીને દુઆ માંગે છે. આ બધી જ ખુરાફાત (બેહુદા વાતો) અને વાહિયાત અને વહેમ શંકાની વાતો છે. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૪, પેજ–૬૬૦)*

તે જ પ્રમાણે ૧૬ રજબના દિવસે ૧૬ સૈયદોનો રોઝો રાખવામાં આવે છે અને તેમાં જે કહાની પઢવામાં આવે છે આ બધું **મનઘડત** હોય છે.

### ★ ઝકાત બારામાં કેટલી ગલતફેહમીઓ ★

કેટલાક લોકો ફકીરો, મિસ્કીનો, મસ્જિદો અને મદ્રસાઓ વગેરેમાં એમ જ આપતા રહે છે અને કાયદેસર (હિસાબ કરીને) ઝકાત કાઢતા નથી. તેમને કહેવામાં આવે છે કે તમે ઝકાત કાઢો, તો કહે છે કે અમે રાહે ખુદામાં એમ જ ઘણુ બધું ખર્ચ કરીએ છીએ ! આ તેમની મોટી ગલતફેહમી (ભયંકર ગેરસમજ) છે. તમે હજારો રૂપિયા રાહે ખુદામાં ખર્ચી નાખો, પરંતું જ્યાં સુધી કાયદેસર હિસાબ કરીને ઝકાતની નિય્યતથી ઝકાત અદા નહીં કરો ત્યાં સુધી તમારા આ ખર્ચાઓ જે તમોએ રાહે ખુદામાં જ લગાડેલા છે તે ઝકાત ન કાઢવાના અઝાબ અને મુશ્કેલીથી તમને બચાવી શકશે નહીં.

હદીષ શરીફમાં છે કે, જેને અલ્લાહ માલ (પૈસા) આપે અને તેની ઝકાત નહીં કાઢે, તો કયામતને દિવસે તે માલ વાળ વિનાના "ગંજા સાપ"ની સૂરતમાં ફેરવી દેવામાં આવશે. જેના માથા ઉપર બે ચોટલીઓ હશે, તે સાપ તે વ્યક્તિના ગળામાં તોક બનાવીને નાખી દેવામાં આવશે. પછી આ સાપ તેના બાવડાં પકડશે અને કહેશે કે હું તારો માલ છું ! તારો ખઝાનો છું ! ખુલાસો એ જ કે રાહે ખુદામાં ખર્ચ કરવાના જેટલા રસ્તાઓ છે તેમાં સૌથી પહેલો રસ્તો ઝકાત છે. નઝરો ન્યાઝ અને ફાતેહા વગેરે પણ તે જ માલ (પૈસા)માંથી કરો જેની ઝકાત કાઢવામાં આવેલ છે નહીં તો (નઝરો ન્યાઝ, ફાતેહા) કબૂલને લાયક નથી. પોતાની ઝકાત પોતે ખૂદ ખાતો રહે અને રાહે ખુદામાં ખર્ચ કરવાવાળો બને તે મોટી ગલત ફેહમી (ભયંકર ગેરસમજ) છે. ઝકાતના મસાઈલ આલિમો પાસેથી જાણીને કાયદેસર ગણત્રી કરીને ઝકાત કાઢવામાં આવે જેથી કરીને ન્યાઝો નઝર અને સદકા અને ખૈરાત પણ કબૂલ થઈ શકે.

### ★ ત્રણ તલાકોનો રિવાજ ★

આજકાલ અમુક લોકો અજ્ઞાનતા અને મૂર્ખાઈને કારણે પોતાની પત્નીઓને ત્રણ અથવા તેનાથી પણ વધારે તલાકો આપી દે છે અથવા પત્રોમાં લખી આપે છે અને પછી આ વાત (તલાક)ને પાછી વાળી લેવા માટે તેની "સજા" એટલે કે "હલાલા"થી બચવા માટે સાચુ ખોટુ બોલીને મુફતીઓ અને દીનના આલિમોને હેરાન પરેશાન કરતા હોય છે.

કાશ ! કે આ લોકો તલાક આપતાં પહેલાં જ આલિમોની સલાહ લે તો આ વખત જ ન આવે. "ત્રણ તલાકો એક જ સમયમાં આપવી ગુનોહ છે." તલાકનો હેતુ ફક્ત એ જ છે કે પત્નીને પોતાના નિકાહમાંથી બહાર કરીને બીજાને માટે હલાલ કરવી કે જેથી ઈદ્દત વિત્યા પછી તેણી અન્ય કોઈ વ્યક્તિ સાથે નિકાહ કરી શકે. આ હેતુ ફક્ત એક તલાક અથવા બે તલાક આપીને તેણીને ઈદ્દત માટે છોડી દેવામાં આવે અને ઈદ્દત દરમ્યાન તેણીને એક અજાણી અને પત્ની વગરની પરાઈ સ્ત્રીની જેમ રાખવામાં આવે અને (રજઅત) જીભથી પણ તેને બોલાવવામાં ન આવે તો ઈદ્દત પૂરી થયા પછી તેણી અન્ય વ્યક્તિ સાથે પણ નિકાહ કરી શકે છે અથવા તલાક આપનાર તે વ્યક્તિની નિકાહમાં પણ ફક્ત નિકાહ કરીને હલાલા વગર આવી શકે છે. અને ત્રણ તલાકના ગુનાહ અને ફિટકારથી પણ બચી શકાય છે. જરૂરતના સમયે ઈસ્લામમાં તલાક આપવી જાઈઝ છે કેમ કે મિયાં બીવી (પતિ–પત્ની)નો સંબંધ કાંઈ જન્મજાત લોહીનો કે ફિતરી (કુદરતી) નથી હોતો પરંતું આ સંબંધ ખાસ કરીને જવાનીમાં બંધાય

છે તેથી જરૂરી નથી કે આ આપસી મહોબ્બત કાયમ થઈ જ જાય. પરંતું અલગ અલગ સ્વભાવ, જુદી જુદી ટેવો, જુદા જુદા રીત રિવાજો, ભિન્ન ભિન્ન વિચારસરણીઓ અને મેળ મેળાપ ભિન્ન હોવાને કારણે મહોબ્બતની જગ્યાએ ક્યારેક નફરત અને ધિક્કાર પેદા થઈ જાય છે અને એકબીજાની સાથે જીવન પસાર કરવું મુશ્કેલ બની જાય છે અને ક્યારેક ક્યારેક તો અશક્ય જેવું બની જાય છે, પરિણામે રાત દિવસ ઝઘડા, મારઝૂડ અને ક્યારેક તો ખૂના મરકી સુધી નોબત આપવી જાય છે. પતિ પત્ની એકબીજાને માટે જાની દુશ્મન બની જાય છે. તો આવા સંજોગોને કારણે ઈસ્લામમાં તલાક઼ રાખવામાં આવેલ છે કે જેથી લડાઈ, ઝઘડા, ધિક્કાર અને મોરચાબંધીની જગ્યાએ આપસી ચર્ચા વિચારણા અને સદ્ભાવનાપૂર્વક એકબીજાં પોત પોતાનો રસ્તો અલગ કરી લે.

આથી જ જે ધર્મોમાં તલાક઼ નથી, એટલે કે જેની સાથે લગ્ન વિધિથી બંધાઈ ગયો તેની સાથે હમેશાંને માટે બંધાઈ ગયો, હવે જાન છોડાવવાનો કોઈ રસ્તો નથી, તે લોકોમાં સ્ત્રીઓની હત્યા સુધ્ધાં કરી નાખવામાં આવે છે અથવા તેનું જીવન સુખ શાંતિની જગ્યાએ બોજ બની જાય છે. આજે સ્ત્રીઓની હમદર્દીના નામે કેટલીક ઈસ્લામ દુશ્મન તાક઼તો (દેશો) એવા ક઼ાનૂનો બનાવી રહી છે જેના કારણે તલાક઼નું અસ્તિત્વ જ ન રહે. અને કોઈ તલાક઼ જ ન આપી શકે. આ લોકો (દેશો) સ્ત્રીઓના હમદર્દ નથી પરંતું તેણીઓની હત્યા કરી રહ્યા છે. આજે સ્ત્રીઓના શરીર ઉપર કેરોસીન નાખીને બાળી નાખવું, પાણીમાં ડૂબાડી દેવું, ઝેરની ગોળીઓ ખવડાવીને તેણીઓને મારી નાખવી વગેરે ઈજા પહોંચાડવાના દર્દનાક બનાવોના જવાબદાર તે લોકો જ છે જેઓ કોઈપણ પરિસ્થિતિમાં તલાક઼ની તરફેણમાં નથી. અને જ્યારથી તલાક઼ને દરેક પરિસ્થિતિમાં ખરાબ અને નુકશાનકારક માનવાનો માહોલ વધતો ગયો ત્યારથી આવા ભયંકર અને દર્દનાક બનાવો વધતા ગયા.

અમે પૂછવા માંગીએ છીએ કે શું કોઈ સ્ત્રીને મારવું, બાળી નાખવું, પાણીમાં ડૂબાડી દેવું, બેરહેમીથી મારવું એ સારું છે કે તેણીને મહેરની રકમ આપીને ઈજ્જતની સાથે તલાક઼ આપી દેવી સારું ? અને કોઈ સ્ત્રી માટે તેના પતિને કોઈપણ રીતે રાજી કરીને તેનાથી તલાક઼ મેળવી લેવી અને છૂટાછેડા લઈને કોઈ બીજી વ્યક્તિ સાથે નિકાહ કરી લેવું એ સારું છે કે સહેલીઓ, દોસ્તો, સગા સંબંધીઓ સાથે મળીને પતિનું ખૂન કરાવી નાખવું સારું છે ? આજકાલ આ પ્રમાણેના બનાવો ખૂબ જ બની રહ્યા છે જેનો અંદાજ સમાચાર પત્રોના વાંચનથી આવી શકે છે. અને સમાજ અને સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખવા માટે ઈસ્લામે પતિ પત્નીના જે હક્કો બતાવ્યા છે તેના ઉપર અમલ કરવામાં આવે તો આ પરિસ્થિતિઓ આવતી નથી અને લડાઈ ઝઘડા અને તલાક઼ સુધીની વાત જ પહોંચતી નથી.

પેજ નં. **૧૨** નું ચાલુ...

આપો. જો માલિકનો પતો ન લાગે તો એના માલિકની તરફથી ખયરાત કરી દો, કેમ કે એના માટે એ હલાલ છે.

**૧૦.** વાસના વખતે જે પાતળુ ચીકણુ પ્રવાહી (ગુપ્તાંગેથી) નીકળે છે તે "મઝી" છે. પેશાબ પછી જે સફેદ ટીપુ આવી જાય છે તે "વદી" (ધાત) કહેવાય છે, એ બંનેવથી વુઝૂ તૂટી જાય છે, ગુસ્લ નહીં. આ બનાવ પરથી જાણવા મળ્યું કે બુઝુર્ગોથી શરમ કરવી એ ઈમાનના કમાલની દૌલત છે. હા ! શરમના કારણે મસ્અલો જ ન પૂછવો, બેઈલ્મ રહેવું ગુનોહ છે. અલી મુતર્ઝા رضی اللہ عنہ એ મસ્અલો માલૂમ પણ કરી લીધો અને શરમ પણ બાકી રાખી.

**૧૧.** એટલે કે એનો હુકમ પેશાબના જેમ છે કે હુકમી નાપાકી પણ છે અને હક઼ીક઼ી પણ. યાદ રાખશો કે જો મઝી વગેરેથી રૂપિયા બરાબર જગા ખરડાય જાય તો પાણી વડે ઈસ્તિન્જો કરવો વાજિબ છે.

# હરેક મુસ્લિમે જાણવો જરૂરી હૈ
# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### ★ મૈયતને નવડાવવાનું બયાન ★

મુર્દાને નવડાવવું **ફર્ઝે કિફાયા** છે. અમુક માણસોએ મળી ગુસલ (નવડાવી) કરાવી દીધું તો બધાંના ઉપરથી જવાબદારી ઉઠી ગઈ. (આલમગીરી) નવડાવવા (ગુસલ)ની રીત છે કે, જે પાટીયા કે પાટલા ઉપર નવડાવવાનું વિચાર્યું હોય તેને ત્રણ, પાંચ કે સાત વખત ખુશ્બૂની ધુણી આપવી. અર્થાત તે એ રીતે કે જેનામાં ખુશ્બૂ સળગાવી હોય તે લઈ પાટલા, પાટીયા કે નવડાવવાની જગ્યાની ચો તરફ એટલા વખત ફેરવવી. પછી મુર્દાને એના ઉપર સૂવડાવી દૂંટીથી ઘૂંટણની નીચે સુધી કોઈક કપડાથી ઢાંકી દેવું. પછી નવડાવનાર પોતાના હાથ ઉપર કપડું વીંટી **પ્રથમ ઈસ્તિંજો કરાવે** (પેશાબ, ઝાડાની જગ્યાને સાફ કરે) **પછી નમાઝમાં જેવું વુઝૂ કરે છે તેવું વુઝૂ કરાવવું. એટલે કે મોં પછી કોણીઓ સુધી હાથ ધોવા પછી માથાનો મસહ કરવો, પછી પગ ધોવા.** પરંતું **મુર્દાના વુઝૂમાં કાંડા સુધી પ્રથમ હાથ ધોવા તથા કોગળા કરવા કે નાકમાં પાણી નાખવાનું નથી,** હા કોઈ કપડું કે **રૂ ભીંજવી દાંતો, હોઠો, મસોડાં** (અવાળુ) અને **નાકમાં નઠણાંમાં ફેરવો.** દાઢી અને માથાના વાળો હોય તો ગિલેખરૂ (ખુશ્બો)થી ધુઓ.

એ ન હોય તો પાક સાબુ જે ઈસ્લામી કારખાનામાં બનેલો હોય અથવા બેશન (આટો) કે બીજી કોઈ ચીજથી ધુઓ, નહીં તો ફક્ત પાણી પણ બસ છે. પછી ડાબા પાસા ઉપર સૂવાડી માથાથી લઈ પેટ સુધી બોરડીના પાંદડાવાળુ પાણી વહેવડાવવું, કે જે નીચે સુધી બરાબર પહોંચે. પછી જમણા પાસા ઉપર સૂવાડી એવું જ કરવું. જો બોરડીના પાંદડા નાખી ગરમ કરેલું પાણી ન હોય તો ચોખ્ખુ સાધારણ ગરમ પાણી હોય તો પણ ચાલી શકશે. પછી ટેકો લગાડી બેસાડવું અને નરમ હાથે પેટ ઉપર નીચે તરફ હાથ ફેરવવો. જો કંઈક નીકળે તો સાફ કરી નાખવું, ફરીથી નવડાવવા કે વુઝૂ કરાવવાની જરૂરત નથી. પછી છેવટે માથાથી પગ સુધી કપુરવાળું પાણી વહેવડાવવું. પછી એના શરીરને કોઈક કપડાથી નરમ હાથે લુંછી નાખવું.

**મસ્અલો** : એકવાર આખા શરીર ઉપર પાણી વહેવડાવવું ફર્ઝ છે. અને ત્રણવાર સુન્નત છે. જ્યાં ગુસલ આપતા હોય ત્યાં પર્દો કરી લેવો મુસ્તહબ છે, કે નવડાવનારા તેમજ મદદ કરનાર સિવાય બીજા ન જોઈ શકે.

નવડાવતી વેળા જે તરફ ચાહો સૂવડાવો, જેવું કે ક઼બ્રમાં મૂકે છે અથવા કિબ્લા તરફ પગ રાખી અથવા જેમાં સહુલત હોય તે કરો. *(આલમગીરી)*

**મસ્અલો** : પુરૂષને પુરૂષ નવડાવે અને સ્ત્રીને સ્ત્રી. મરનાર જો નાનું બાળક હોય તો તેને સ્ત્રી પણ નવડાવી શકે છે, અને નાની બાળકી હોય તો તેને પુરૂષ પણ નવડાવી શકે છે. નાનાંથી મતલબ એ કે શહવતની હદે પહોંચ્યા ન હોય. (અને તે માટે છોકરાની ઉંમર ૧૨ વર્ષ અને છોકરીની ઉંમર ૯ વર્ષ છે.) *(બહારે શરીઅત, આલમગીરી)*

**મસ્અલો** : સ્ત્રી મરી જાય તો તેણીનો ધણી તેને નવડાવી શકતો કે અડકી શકતો નથી પરંતું જોવાની મનાઈ નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ધણી તેની સ્ત્રીના જનાઝાને કાંધો આપી શકે છે, ક઼બ્રમાં ઉતારી શકે છે મોં પણ જાઈ શકે છે પરંતું નવડાવવા તેમજ કોઈ ચીજની આડ વિના તેણીના શરીરને અડવાની મનાઈ છે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : પુરૂષનું મૃત્યુ થયું અને ત્યાં કોઈ બીજો પુરૂષ કે તેની સ્ત્રી પણ નથી, તો જે સ્ત્રી ત્યાં હાજર હોય તે તેને તયમ્મુમ કરાવે. જો તે સ્ત્રી મેહરમ છે અથવા તેની લોંડી છે તો તેણીએ હાથ ઉપર કપડું લપેટવાની જરૂરત નથી, જો અજાણી (નામેહરમ) હોય તો તેણીએ પોતાના હાથ ઉપર કપડું લપેટી તયમ્મુમ કરાવવું. *(આલમગીરી)*

(મેહરમ સ્ત્રી એટલે તે કે જેનાથી નિકાહ જાઈઝ ન હોય જેમ કે માં, બહેન, સાસુ વગેરે)

**મસ્અલો** : જો માણસ એવી જગ્યાએ મૃત્યુ પામે કે ત્યાં પાણી મળતું નથી તો તયમ્મુમ કરાવી જનાઝાની નમાઝ પઢવી, પરંતું દફન કર્યા પહેલાં જો પાણી મળી જાય તો નવડાવી ફરીથી નમાઝ પઢવી. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : કાફિર, મુર્દા માટે ગુસલ કફન, દફન કંઈ નથી બલ્કે તેને એક ચીંથડામાં વીંટાળી સાંકડા ખાડામાં દાબી દેવું. અને એટલું પણ ત્યારે કરવું કે તેના મઝહબનો કોઈ માણસ ત્યાં ન હોય અથવા એને તે લઈ ન જાય. બાકી મુસલમાન તેને હાથ ન લગાડે, ન તે એના જનાઝામાં જાય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : મૈયતના બંને હાથ બાજુ ઉપર (બંને પાસાં તરફ) મૂકવા, છાતી ઉપર ન મૂકવા કારણ કે **છાતી ઉપર મૂકવા કાફિરોની રીત** છે. (દુર્રે મુખ્તાર) કેટલીક જગ્યાએ દૂંટીની નીચે જેવી રીતે નમાઝમાં હોય તે રીતે મૂકવાનો રિવાજ છે **તેવું પણ ન કરવું.** *(બહારે શરીઅત)*

**મસ્અલો** : મૈયતને નવડાવવા, નવા ઘડા, નવા ચંબુ (બદના)ની જરૂરત નથી, ઘરનાં વપરાયેલાં વાસણોથી પણ નવડાવી શકાય છે. વળી કેટલાક લોકો પોતાની અજ્ઞાનતાને કારણે ગુસલ (નવડાવી) પછી તે ઘડા, બદનાં, વાસણોને તોડી નાંખે છે જે નવડાવવાના કામમાં લીધેલાં હોય. **આવું કરવું તદ્દન નાજાઈઝ અને હરામ છે,** કે જે માલને વિના કારણે બર્બાદ કરવામાં આવે છે.

ગરીબોને આપી દે અથવા પોતાના વપરાશના કામમાં લો. જો તે નાપાક થઈ ગયાં હોય તો ધોઈ પાક કરી લો. જો એવું સમજવામાં આવે કે એને મકાનમાં રાખવાં નહુસત (અપશુકનિયાળ) છે તો **એ તદ્દન બેવકૂફી અને જહાલત** છે. કેટલાક લોકો ઘડાઓમાં વધેલું પાણી ઢોળી દે છે તે પણ **હરામ** છે. *(બહારે શરીઅત)*

## ★ કફનનું બયાન ★

મૈયતને કફન પહેરાવવું ફર્ઝે કિફાયા છે. (ફત્હુલકદીર) કફન માટે ત્રણ દરજ્જા છે. ૧. જરૂરત ૨. કિફાયત ૩. સુન્નત. **પુરૂષ માટે** સુન્નત પ્રમાણે કફનમાં ત્રણ કપડાં છે. **ચાદર, ઈજાર, કફની** અને **સ્ત્રી માટે** સુન્નત પ્રમાણેનું **કફન પાંચ કપડામાં** છે. **ચાદર, ઈજાર, કફની, ઓઢણી, સીનાબંદ,** કફન કિફાયત મર્દ માટે બે કપડાં છે. ચાદર અને ઈજાર તેમ ઔરત માટે ત્રણ કપડાં ચાદર, ઈજાર અને ઓઢણી, અથવા ચાદર, કફની અને ઓઢણી છે. કફન જરૂરત (જરૂરી કફન) મર્દ અને ઔરત બંને માટે જે પણ મળી શકે તે. અને તે ઓછામાં ઓછું એટલું તો હોય જેના વડે આખુ શરીર છુપાઈ જાય. *(હિદાયા, દુર્રે મુખ્તાર, આલમગીરી, કન્ઝુલ, કાઝીખાન વગેરે)*

**મસ્અલો** : ચાદર મૈયતના કદથી એટલી લાંબી હોય કે મૈયતને બંને તરફ પગ અને માથા તરફથી બાંધી શકાય અને **ઈજાર** અથવા લુંઘી માથાના વાળ થી લઈ પંજા સુધી એટલે કે **ચાદરથી એટલી ટૂંકી કે જે ચાદરનો બાંધવા માટેનો વધારાનો ભાગ હતો તેટલી ઓછી રાખવી.** અને **ખમીસ કે કફની, પહેરણ ગરદનથી ઘૂંટણોની નીચે સુધીનું હોવું જોઈએ.** વળી કફની આગળ પાછળ બંને તરફ બરાબર હોય. કેટલાક અજ્ઞાની લોકોમાં જે રિવાજ છે કે પાછળ (નીચે) ઓછું રાખે છે એ ખોટું છે. **બાંયો કફનીમાં હોતી નથી.** મર્દ અને ઔરતની કફનીમાં ફર્ક એ છે કે **મર્દની કફની ખભા તરફથી ચીરવી**

તેમજ **ઔરત માટે છાતી તરફથી.**

ઔરતના માટે ઓઢણી ત્રણ હાથ એટલે કે દોઢ વાર (યાર્ડ)ની હોવી જોઈએ જ્યારે સીનાબંદ છાતીથી દૂંટી સુધીનું. પરંતુ ઉત્તમ એ છે કે જાંઘો સુધીનું હોય. *(આલમગીરી, રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

મસ્અલો : સખત જરૂરત વિના કિફાયતથી ઓછું કરવું નાજાઈઝ અને મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

મસ્અલો : કફન જરૂરત પ્રમાણેનું હોય તો સુન્નત મુજબના કફન માટે બીજાથી માગવું જાઈઝ નથી. કારણ કે જરૂરત વિના સવાલ કરવો અર્થાત માગવું જાઈઝ નથી, અને અહીં જરૂરત નથી. પરંતુ હા, જો જરૂરી કફની (ઓછામાં ઓછું જેટલું હોવું જોઈએ તે) ન હોય અને પોતે મેળવી શકે તેમ નથી તો ફક્ત જરૂરત જેટલાની માગણી કરવી જાઈઝ છે તેથી વધુ માટે નહીં. માગણી કર્યા વિના મુસલમાનો પોતે જ કફન પૂરું કરી આપે તો ઈન્શાઅલ્લાહ પૂરો સવાબ મેળવશે. *(ફતાવા રઝવિય્યહ)*

મસ્અલો : કફન સારું હોવું જોઈએ એટલે કે જેવાં કપડાં તે પોતાની જિંદગીમાં ઈદ અને જુમ્આમાં પહેરતો હતો, અને સ્ત્રી જેવાં કપડાં પહેરીને પોતાના પિયરમાં જતી હતી એટલું કિમતી કફન માટેનું કાપડ હોવું જોઈએ. હદીષ શરીફમાં છે કે, મુર્દાઓને કફન સારું આપ્યા કરો કે તે પરસ્પર મુલાકાત કર્યા કરે છે અને પોતાના સારા કફનથી ફખ્ર કરે છે અર્થાત ખુશ થાય છે. સફેદ કફન બેહતર છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારા મુર્દાઓને સફેદ કપડાંઓમાં દફનાવો. *(આલમગીરી, ગુનિયા, રદ્દુલ મુહતાર)*

મસ્અલો : કસુબી કે કેસરથી રંગેલા કપડાનું કફન મર્દ માટે જાઈઝ નથી પરંતુ સ્ત્રી માટે જાઈઝ છે. મતલબ એ કે જે કપડાં જીવંત પરિસ્થિતિમાં પહેરી શકાય તેનું કફન આપી શકાય છે અને જેનું પહેરવું જિંદગીમાં નાજાઈઝ હતું તેનું કફન પણ નાજાઈઝ છે. *(આલમગીરી, બહાર)*

મસ્અલો : કફન જૂનાં કપડાંઓનું પણ આપી શકાય છે. *(આલમગીરી, જૌહરા)*

મસ્અલો : નવ વર્ષ કે તેથી વધુ ઉંમરની છોકરી માટે ઔરતની જેમ પૂરું કફન આપવામાં આવે. એ જ રીતે બાર વર્ષ કે તેથી વધુ ઉંમરના છોકરા માટે પુરૂષ જેવું જ પૂરું કફન આપવામાં આવે. અને નવ વર્ષથી ઓછી ઉંમરની છોકરીને બે કપડાં અને બાર વર્ષથી ઓછી ઉંમરના છોકરાને એક કપડામાં પણ કફનાવી શકાય છે અને જો છોકરાને પણ બે કપડાં આપવામાં આવે તો સારું છે. પરંતુ ઉત્તમ, બેહતર એ છે કે બંનેને પૂરું કફન આપવામાં આવે પછી ભલે તે એક જ દિવસનું બચ્ચું કેમ ન હોય ! *(કાઝીખાન, બહારે શરીઅત, રદ્દુલ મુહતાર)*

મસ્અલો : મરનાર પોતાની પાછળ કંઈક માલ છોડી જાય તો તેના માલમાંથી કફન હોવું જોઈએ. *(રદ્દુલ મુહતાર)*

મસ્અલો : દેવું, વસીયત અને વારસો એ સૌમાં કફન એ પ્રથમ દરજો ધરાવે છે. એટલે કે **મૈયતના માલમાંથી પ્રથમ તેનું કફન** આપવામાં આવશે, પછી **બાકીનમાંથી તેનું દેવું ચૂકવવામાં આવે** પછી **બાકી જે બચે તેના ત્રીજા ભાગમાંથી તેની વસીયત પૂર્ણ કરવામાં આવશે**, પછી **જે બચે તેનાથી વારસદારોને મળશે.** *(જૌહરા)*

મસ્અલો : જો મૈયતે પોતાની પાછળ માલ છોડયો નથી તો કફન આપવું તેના શીરે છે કે જિંદગીમાં ભરણ પોષણ જેના શીરે હતું. અને જો એવું કોઈ નથી કે જેના માટે ભરણ પોષણ વાજિબ હતું અથવા વાજિબ તો છે પરંતુ તે પોતે નાદાર છે તો બયતુલમાલમાંથી આપવામાં આવે અને જો બયતુલમાલ પણ ત્યાં ન હોય જેમ કે હિંદુસ્તાનમાં નથી તો ત્યાંના મુસલમાનો ઉપર ફર્ઝ છે કે તે કફન આપે. જો એ લોકોને ખબર હોવા છતાં તેઓએ ન આપ્યું તો બધા જ ગુનેહગાર થયા. અને જો એ લોકો પાસે પણ નથી તો પછી બીજા લોકોથી એ કપડા

જેટલું માંગી શકે છે. *(દુર્રે મુખ્તાર, જૌહરા, નય્યરા, બહાર)*

**મસ્અલો** : આ જે કહેવામાં આવ્યું કે ફલાણા ઉપર કફન વાજિબ છે એનાથી મતલબ શરીઅત પ્રમાણેનું કફન છે. એવું જ બાકી બીજો કફન ક્રિયાનો સામાન જેમ કે ખુશ્બો તેમજ ગુસલ આપનારાઓની મજદૂરી, દફન માટેનો ખર્ચ બધામાં શરીઅતે બતાવેલી હદ મતલબ છે. એ સિવાયની બીજી બાબતો મૈયતના માલમાંથી કરવામાં આવી અને જો વારસદારો બાલિગ હોય વળી તેમણે બધાએ રાજીખુશીથી ઈજાઝત આપી હોય તો જાઈઝ છે, નહીં તો ખર્ચ કરવાવાળાઓ માથે એની જવાબદારી છે. *(રદ્દુલ મુહતાર, બહાર)*

### ★ કફન પહેરાવવાની રીત ★

કફન પહેરાવવાની રીત એ છે કે મૈયતને ગુસલ આપ્યા પછી તેને કોઈક પાક કપડાથી ધીમા હાથે લુછી નાખવું જેથી કફન ભીનું થવા ન પામે. અને કફનને ત્રણ, પાંચ, સાત વાર ધુણી આપવી એથી વધુ વાર નહીં . પછી કફન એવી રીતે પાથરવું કે પ્રથમ મોટી ચાદર પછી ઈજાર (લુંધી) પછી કફની. તે પછીથી મૈયતને તેના ઉપર સૂવડાવવું, અને કફની પહેરાવવી. દાઢી અને તમામ શરીર પર ખુશ્બો લગાડવી, સિજદાની જગ્યાએ જેમ કે માથા, નાક, ઘૂંટણો, પગો (પંજા–પાટલી) ઉપર કપુર લગાડવું, પછી ઈજાર લપેટવી, પ્રથમ ડાબી તરફથી પછી જમણી તરફથી, પછી નીચેની ચાદર લપેટવી, પ્રથમ ડાબી તરફથી પછી જમણી તરફથી કે જેથી જમણો ભાગ ઉપર રહેવા પામે અને પછી માથા અને પગ તરફથી દોરી વડે બાંધવું કે જેથી ઉડવાની બીક ન રહે. સ્ત્રીને કફની પહેરાવી તેના વાળના ત્રણ ભાગ કરી કફની ઉપરથી છાતી ઉપર નાખે. અને ઓઢણી અડધી તેની પીઠ નીચેથી પાથરી માથા ઉપર લાવી મોં ઉપર નિકાબ (પર્દા) જેમ નાખી દેવી કે જે છાતી ઉપર પડી રહે. ઓઢણી એટલી લાંબી હોવી જોઈએ કે અડધી પીઠ ઉપરથી માથા ઉપર થઈ છાતી ઉપર આવી રહે. ઓઢણીની પહોળાઈ એક કાનની ટીસીથી બીજા કાનની ટીસી સુધી હોવી જોઈએ. કેટલાક લોકો જિંદગી હયાતીમાં જેમ ઓઢણી ઓઢાડે છે તેમ ઓઢાડે છે એ બેકાર વધારાનું અને **ખિલાફે સુન્નત** છે.

ઓઢણી ઓઢાડયા પછી ઉપર પ્રમાણે ઈજાર અને ચાદર પહેરાવવી પછી સૌથી ઉપર સીનાબંદ છાતીથી જાંગ સુધી ઓઢાડી બાંધી દેવું. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, બહાર)*

પેજ નં. **૧૦** નું ચાલુ...

ઇમાનવાળાઓને, અલ્લાહ તઆલાને કોઇ ફરેબ કે ધોકો આપી શકતું નથી, તે તો ભેદો અને છુપી વાતોને પણ જાણનાર છે. મતલબ એ છે કે મુનાફિકો પોતાના ખ્યાલ મુજબ ખુદાને ફરેબ દેવા માંગે છે, અથવા એ મતલબ છે કે ખુદાને ફરેબ દેવાનો મતલબ એ કે રસૂલ અલયહિસ્સલામને ફરેબ આપવા ઇચ્છે છે, કારણ કે આપ ખુદાના ખલીફા છે, અને અલ્લાહ પાકે પોતાના હબીબને છુપી વાતોની જાણ કરી છે, અને આ મુનાફિકોના છુપાએલા કુફ્રથી માહિતગાર છે, અને મુસલમાનો આપના જણાવવાથી જાણે છે. એટલે આ બેદીન લોકોનો ફરેબ ન તો ખુદા પર ચાલે છે ન રસૂલ પર કે ન મુસલમાનો પર, બલ્કે વાસ્તવમાં તેઓ પોતાના જીવોને પોતાની જાતને જ ફરેબ આપી રહ્યા છે.

**મસઅલો** : આનાથી જાણવા મળ્યું કે તકિય્યો (જરૂરતના સમયે દિલમાં ન હોય તેવી વાત જાહેર કરવી) મોટી અયબ છે, જે મઝહબનો પાયો તકિય્યા પર હોય તે જૂઠો છે, તકિય્યાવાળાની હાલાત વિશ્વાસપાત્ર નથી હોતી. તૌબા પણ ભરોસાપાત્ર નથી હોતી, એટલા માટે જ ઉલમાએ ફરમાવ્યું છે કે ઝિન્દીક (બિનભરોસાપાત્ર કાફિર)ની તૌબા કબૂલ થતી નથી.

# અહલે સુન્નતના અક઼ીદા કુ઼ર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*

અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## અલ્લાહ પાક વિશે કુ઼ર્આની (સુન્ની) અક઼ીદા

**★ અલ્લાહ ખૂબીઓવાળો, પાલનહાર મહેરબાન છે ★**

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝ اَلرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

"સર્વ પ્રશંસાઓ (ખૂબીઓ) અલ્લાહના માટે જે સર્વ જહાનવાળાઓનો માલિક ઘણો જ મહેરબાન રહમવાળો." *(સૂરએ ફ઼ાતિહા, આયત નં. ૧, ૨)*

**★ અલ્લાહ કુદરતવાળો છે ★**

إِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝ "બેશક ! અલ્લાહ સર્વ કાંઈ કરી શકે છે." *(સૂરએ બક઼રહ, પારા : ૧, આ. ૨૦)*

**★ અલ્લાહ મારનાર અને મૃત્યુ બાદ ઝિંદા કરનાર છે ★**

كَيْفَ تَكْفُرُوْنَ بِاللّٰهِ وَكُنْتُمْ أَمْوَاتًا فَأَحْيَاكُمْ ثُمَّ يُمِيْتُكُمْ

ثُمَّ يُحْيِيْكُمْ ثُمَّ إِلَيْهِ تُرْجَعُوْنَ ۝

"વળી તમો કેમ કરીને અલ્લાહના મુન્કિર (નકારનાર) થઈ ગયા ! જ્યારે કે તમે મુર્દા હતા, એણે તમને જીવંત કર્યા. ફરી તમને મારશે ફરી તમને જીવંત કરશે, પછી એની તરફ પલટીને જશો." *(સૂરએ બક઼રહ, પારા : ૧, આયત : ૨૮)*

مِنْهَا خَلَقْنٰكُمْ وَفِيْهَا نُعِيْدُكُمْ

وَمِنْهَا نُخْرِجُكُمْ تَارَةً أُخْرٰى ۝

"અમે જમીનથી જ તમને બનાવ્યા અને એમાં જ તમને ફેરવીને લઈ જાશું અને એનાથી જ તમને બીજીવાર કાઢીશું." *(સૂરએ તાહા, પારા : ૧૬, આયત : ૫૫)*

**★ અલ્લાહ એક છે, એના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, હમેશાંથી છે અને હમેશાં રહેશે, નીંદ તથા ઊંઘથી પાક છે ★**

اَللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ لَا تَأْخُذُهُ سِنَةٌ وَّلَا نَوْمٌ

"અલ્લાહ છે જેના સિવાય કોઈ ઈબાદતને લાયક (પૂજ્ય, પૂજનીય, પૂજાપાત્ર) નથી, તે પોતે ઝિંદા અને અન્યોનું અસ્તિત્વ ટકાવી રાખનાર, તેને ન ઊંઘ આવે છે ન નિંદ્રા." *(સૂરએ બકરહ, પારા : ૩, આયત : ૨૫૫)*

**★ અલ્લાહ જૂઠથી પાક છે તે સાચો છે ★**

قُلْ صَدَقَ اللّٰهُ "તમે ફર્માવો, અલ્લાહ સાચો છે." *(સૂરએ આલે ઈમરાન, પારા : ૪, આયત : ૯૫)*

**★ જાતી ઈલ્મે ગયબ અલ્લાહ સિવાય કોઈને નથી ★**

وَعِنْدَهُ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَا

إِلَّا هُوَ وَيَعْلَمُ مَا فِي الْبَرِّ وَالْبَحْرِ

"અને એની જ પાસે છે ચાવીઓ ગયબની, તેને એ જ જાણે છે જે કાંઈ સૂકા તથા લીલામાં છે." *(સૂરએ અન્આમ, પારા : ૭, આયત : ૫૯)*

**★ આખી સૃષ્ટિનો સર્જનહાર કેવળ અલ્લાહ છે ★**

وَخَلَقَ كُلَّ شَيْءٍ وَهُوَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ۝ "અને તેણે દરેક ચીજ પેદા કરી, અને તે સર્વ કાંઈ જાણે છે." *(સૂરએ અન્આમ, પારા : ૭, આયત નં. ૧૦૧)*

**★ અલ્લાહ સાંભળનાર જોનાર છે ★**

إِنَّهُۥ هُوَ ٱلسَّمِيعُ ٱلْبَصِيرُ "બેશક ! તે સાંભળી રહેલો જોઈ રહેલો છે." *(સૂરએ બની ઈસ્રાઈલ, પારા : ૧૫, આયત : ૧)*

**★ અલ્લાહ કુન ફયકૂન (કોઈ ચીજને કહે, થઈ જા ! તો થઈ જાય)ની શક્તિવાળો છે ★**

إِنَّمَآ أَمْرُهُۥٓ إِذَآ أَرَادَ شَيْـًٔا أَن يَقُولَ لَهُۥ كُن فَيَكُونُ

"એનું કામ તો એ જ છે કે જ્યારે કોઈ ચીજને ચાહે છે તો તેને કહે થઈ જા ! તે તુરત જ થઈ જાય છે." *(સૂરએ યાસીન, પારા : ૨૩, આયત : ૮૨)*

**★ અલ્લાહ બંદાઓની સફેદ રગથી નજીક છે ★**

نَحْنُ أَقْرَبُ إِلَيْهِ مِنْ حَبْلِ ٱلْوَرِيدِ "અને અમે દિલની રગથી પણ એનાથી અધિક નજીક છીએ." *(સૂરએ કાફ, પારા : ૨૬, આયત : ૧૬)*

لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ "ન એની કોઈ ઔલાદ (સંતાન) અને ન તે કોઈનાથી પેદા થયો." *(સૂરએ ઈખ્લાસ, પારા : ૩૦, આયત : ૩)*

## ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ﷺ

**★ મહબૂબ ﷺની ખુશી માટે કિબ્લાને બદલી દેવુ ★**

قَدْ نَرَىٰ تَقَلُّبَ وَجْهِكَ فِى ٱلسَّمَآءِ فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضَىٰهَا

"અમે જોઈ રહ્યા છીએ વારે ઘડીએ તમારું આસ્માન તરફ મોઢું કરવું. તો જરૂર અમે તમને ફેરવી દઈશું તે કિબ્લા તરફ જેમાં તમારી ખુશી છે." *(સૂ. બકરહ, પા—૨, આ. ૧૪૪)*

**★ મહેબૂબ ﷺને રાજી કરવા માટે ઉમ્મતની બખ્શિશની ખુશખબરી ★**

وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ فَتَرْضَىٰٓ "અને બેશક ! નજીક છે કે તમારો રબ તમને એટલુ આપશે કે તમે ખુશ થઈ જશો." *(સૂ. વદુહા, પા—૩૦, આ. ૫)*

## હુઝૂર ﷺ દીન દુનિયાની નેઅમતો અતા ફર્માવે છે

**★ મુસ્તફા જાને રહમત ﷺનું લોકોને નેઅમતો અતા ફર્માવવું ★**

وَلَوْ أَنَّهُمْ رَضُوا۟ مَآ ءَاتَىٰهُمُ ٱللَّهُ وَرَسُولُهُۥ

وَقَالُوا۟ حَسْبُنَا ٱللَّهُ سَيُؤْتِينَا ٱللَّهُ مِن

فَضْلِهِۦ وَرَسُولُهُۥٓ إِنَّآ إِلَى ٱللَّهِ رَٰغِبُونَ

"અને અલ્લાહ તેમજ રસૂલે તેમને જે આપ્યું તેનાથી જો તેઓ રાજી થઈ જાય તો કેવું સારું થાત ! અને આવું કહેત કે, અમને અલ્લાહ પૂરતો છે. હવે અલ્લાહ અમને પોતાની કૃપાથી આપે છે, અને અલ્લાહના રસૂલ (પણ આપે છે). અમને અલ્લાહ તરફની જ લગની છે." *(સૂ. તૌબા, પા—૧૦, આ. ૫૯)*

**★ હુઝૂર રહમતે આલમ ﷺનું પોતાની અતાથી માલામાલ ફર્માવી ગની કરી દેવું ★**

وَمَا نَقَمُوٓا۟ إِلَّآ أَنْ أَغْنَىٰهُمُ ٱللَّهُ وَرَسُولُهُۥ مِن فَضْلِهِۦ

અને તેમને શું ખોટુ લાગ્યું ? એ જ ને કે, એમને અલ્લાહ અને રસૂલે પોતાની કૃપાથી ગની કરી દીધા.

**★ માલિકે કૌનૈન ﷺનું નેઅમત અતા ફર્માવવું ★**

وَإِذْ تَقُولُ لِلَّذِىٓ أَنْعَمَ ٱللَّهُ عَلَيْهِ وَأَنْعَمْتَ عَلَيْهِ

"અને અય મહબૂબ ! યાદ કરો જ્યારે તમે જેને અલ્લાહે નેઅમત આપી અને તમે નેઅમત આપી તેને કહેતા હતા." *(સૂ. અહઝાબ, પા—૨૨, આ. ૩૭)*

**★ અલ્લાહ તઆલાનું રહમતે આલમ ﷺને ફર્માવવું કે માગવાવાળાઓને ખાલી હાથ ન ફેરો ★**

وَأَمَّا ٱلسَّآئِلَ فَلَا تَنْهَرْ "અને ભિક્ષુકને ઘરકાવો

નહીં." (સૂ. વદ્દુહા, પા–૩૦, આ. ૧૦)

## ઈલ્મે ગૈબે મુસ્તફા ﷺ

**★ અલ્લાહ પાક પોતાના ચૂંટેલા બંદાઓને ઈલ્મે ગૈબ અતા ફર્માવે છે ★**

وَمَا كَانَ اللّٰهُ لِيُطۡلِعَكُمۡ عَلَى الۡغَيۡبِ وَلٰـكِنَّ اللّٰهَ يَجۡتَبِىۡ مِنۡ رُّسُلِهٖ مَنۡ يَّشَآءُ

"અને અલ્લાહની શાન એ નથી કે અય સામાન્ય લોકો ! તમને ગૈબનું ઈલ્મ આપી દે, હા ! અલ્લાહ ચૂંટી લે છે પોતાના રસૂલોમાંથી જેને ઈચ્છે." (સૂ. આલે ઈમરાન, પા–૪, આ. ૧૭૯)

**★ રસૂલે પાક ﷺ જે કાંઈ ન જાણતા હતા તે સૌ શિખવવામાં આવ્યું ★**

وَعَلَّمَكَ مَا لَمۡ تَكُنۡ تَعۡلَمُ ؕ وَكَانَ فَضۡلُ اللّٰهِ عَلَيۡكَ عَظِيۡمًا ۝

"અને તમને શિખવાડી દીધું જે કાંઈ તમે જાણતા ન હતા અને છે અલ્લાહનો ફઝ્લ તમારા પર મહાન." (સૂ. નિસા, પા–૫, આ. ૧૧૩)

**★ મોઅલ્લિમે કાએનાત ﷺએ દિલોના છુપાએલા ભેદો જાહેર ફર્માવી દીધા ★**

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَسۡـَٔلُوۡا عَنۡ اَشۡيَآءَ اِنۡ تُبۡدَ لَـكُمۡ تَسُؤۡكُمۡ ۚ وَاِنۡ تَسۡـَٔلُوۡا عَنۡهَا حِيۡنَ يُنَزَّلُ الۡقُرۡاٰنُ تُبۡدَ لَـكُمۡ ؕ عَفَا اللّٰهُ عَنۡهَا ؕ وَاللّٰهُ غَفُوۡرٌ حَلِيۡمٌ ۝

"અય ઈમાનવાળાઓ ! એવી વાતો ન પૂછો કે જે તમને કહી દેવામાં આવે તો તમને ન ગમે અને એવી વાતોને એવા સમયે પૂછશો કે (જ્યારે) કુર્આન ઉતરી રહ્યું છે, તો તે તમારા પર ઉઘાડી દેવાશે. અલ્લાહ એને માફ કરી ચૂકયો છે. અને અલ્લાહ માફ કરનાર સંયમી છે." (સૂ. માએદા, પા–૭, આ. ૧૦૧)

**★ અલ્લાહ તઆલાએ પોતાના મહેબૂબ ﷺને સર્વ ઈલ્મો શિખવ્યા ★**

اَلرَّحۡمٰنُ ۝ عَلَّمَ الۡقُرۡاٰنَ ۝ خَلَقَ الۡاِنۡسَانَ ۝ عَلَّمَهُ الۡبَيَانَ ۝

"રહમાને પોતાના મહેબૂબને કુર્આન શિખવ્યું. માનવતાના પ્રાણ મુહમ્મદને પેદા કર્યા. **જે થયું** અને **થવાનું છે** તેનું બયાન તેમને **શિખવ્યું.**" (સૂ. રહમાન, પા–૨૭, આ. ૧, ૪)

**★ પસંદીદા રસૂલોને ઈલ્મે ગૈબ ★**

عٰلِمُ الۡغَيۡبِ فَلَا يُظۡهِرُ عَلٰى غَيۡبِهٖۤ اَحَدًا ۝ اِلَّا مَنِ ارۡتَضٰى مِنۡ رَّسُوۡلٍ

"ગૈબનો જાણકાર તો પોતાના ગૈબ પર કોઈને કબ્જો આપી દેતો નથી. પોતાના પસંદ કરેલા રસૂલો સિવાય." (સૂ. જિન, પા–૨૯, આ. ૨૬)

**★ હુઝૂર ﷺ ગૈબ બતાવવામાં બખીલી નથી કરતા ★**

وَمَا هُوَ عَلَى الۡغَيۡبِ بِضَنِيۡنٍ ۝ "અને આ નબી ગૈબ કહેવામાં (બતાવવામાં) બખીલ નથી." (સૂ. તકાષૂર, આ. ૨૪)


**છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!**

**નુઝહતુલ કારી શરહે બુખારી** એટલે **"બુખારી શરીફની શરહ (ભાગ–૪)"** હાલમાં છપાઈને આવી ગઈ છે. તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત **રૂા. સાડા ત્રણ લાખ** (૩૫૦૦ કોપી)નો ખર્ચ થયો છે. તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/–** ભરી **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"**ના **મેમ્બર** થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે. મેમ્બરોને ક્રમે ક્રમે મળી જશે.

**સંપર્ક કરો :–** તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

### કુર્આનમાં સાઈન્સી ખુલાસાઓ છતાં.....

# વૈજ્ઞાનિકો નાસ્તિક શા માટે ?!

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

મૂળ વિષય પર ચર્ચા કરતા પહેલાં પ્રારંભિક રીતે બે વાતો જાણી લઈએ કે અલ્લાહ તબારક વ તઆલા તરફથી મખ્લૂકને બે પ્રકારના ઈલ્મ (જ્ઞાન–વિદ્યા) અતા કરવામાં આવ્યા છે. એક બ્રહ્માંડના ભેદો તથા રહસ્યો, વસ્તુઓના ગુણ તથા વિશિષ્ટતાઓ અને તેમના ફાયદા તથા નુકસાનોનું જ્ઞાન જેને ઈલ્મે કાઈનાત (સૃષ્ટિના સર્જનનો ઈલ્મ) અથવા તકવીની ઈલ્મ કહેવામાં આવે છે. સર્વ માનવ વિદ્યાઓ અને તેના અસંખ્ય વિભાગો એ જ ઈલ્મે કાઈનાતની શાખાઓ છે. પરંતુ અલ્લાહ તબારક વ તઆલાના ઈલ્મ સમક્ષ મનુષ્યનો આ કાઈનાતી ઈલ્મ સમુદ્રના સમક્ષ એક ટીપા અને પહાડ સમક્ષ એક રજકણ જેટલો પણ નથી. બીજો એ ઈલ્મ જેના દ્વારા બ્રહ્માંડના સર્જનહાર અલ્લાહ તબારક તઆલાની ઝાત તથા સિફાત (ખૂબીઓ), તેની પસંદ તથા નાપસંદ, અને ઈન્સાનની ખુશબખ્તી તથા બદ્‌બખ્તી વિશે જ્ઞાન થાય છે, એને ઈલ્મુશ્શરાએઅ્ અથવા તશ્રીઈ ઉલૂમ (શરીઅતનો ઈલ્મ) કહેવામાં આવે છે.

આ બંનેવ પ્રકારના ઈલ્મ અલ્લાહ તબારક વ તઆલા તરફથી જ બંદાઓને અતા કરવામાં આવે છે. પરંતુ બંનેવના માધ્યમો અલગ અલગ છે, પહેલા પ્રકારના જ્ઞાન માટે એહસાસ (અનુભૂતિ), બુદ્ધિ, અનુભવ અને સમજબુઝ આપવામાં આવ્યાં છે અને જ્યાં મનુષ્યની બુદ્ધિ તથા સમજની પહોંચ નથી થઈ શકતી ત્યાં વહી અને ઈલ્હામ દ્વારા તેની રહનુમાઈ કરવામાં આવે છે. માટે ઈન્સાનની દુનિયવી જિંદગીથી સંબંધિત સર્વ જ્ઞાનોની પ્રથમિક વાતો વહી તથા ઈલ્હામ દ્વારા શિખવવામાં આવી : وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا "આદમ عليه السلامને સર્વ ચીજોનાં નામોનું ઈલ્મ અતા કરવામાં આવ્યું."

તદ્‌ઉપરાંત ઈન્સાનની પ્રકૃતિમાં બૌદ્ધિક તથા તજુર્બાતી (પ્રક્ટિકલ) જ્ઞાનોમાં પ્રગતિ કરવાની પુષ્કળ લાયકાત રાખવામાં આવી છે.

બીજા પ્રકારના ઈલ્મમાં ખાલિકે કાઈનાત અલ્લાહ તબારક વ તઆલાની ઝાત તથા સિફાત અને તેની પસંદ તથા નાપસંદગીની ઓળખ ઈન્સાની બુદ્ધિ તથા સમજથી પર (દૂર) હતી એટલા માટે તેનો આધાર માત્ર બુદ્ધિ અને અનુભવ પર ન રાખવામાં આવ્યો બલ્કે તેના માટે અંબિયાએ કિરામ عليهم السلامને ક્રમવાર મોકલવામાં આવતા રહ્યા. જેની શરૂઆત હઝરત આદમ عليه السلامથી થઈ અને અંત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પર થયો. અંબિયાએ કિરામ عليهم السلامને અલ્લાહ તબારક વ તઆલાની ઝાત તથા સિફાત, મબદા વ મઆદ, સઆદત તથા શકાવત, ફઝાઈલ તથા રઝાઈલ (ઉચ્ચતા તથા નીચતા) તથા અઝાબ અને સવાબની વિગતોની વહી દ્વારા જાણ કરવામાં આવી. તેમના સમક્ષ અલ્લાહ તબારક વ તઆલા સુધી પહોંચવાનો સીધો અને સ્પષ્ટ રસ્તો દર્શાવવામાં આવ્યો. તેમને એ જ સીધા માર્ગ તરફ લોકોને બોલાવવાનો આદેશ આપવામાં આવ્યો અને ઈન્સાનોના માર્ગદર્શક બનાવી ઈન્સાનિયતની ખુશબખ્તી તથા બદ્‌બખ્તીને એમના અનુસરણ પર નિર્ભર કરી દેવામાં આવી.

અંબિયાએ કિરામ عليهم السلامને જ્ઞાન અને વિદ્યાઓ અપર્ણ કરવામાં આવેલ છે તે કેવળ એમના માટે જ નથી બલ્કે સમસ્ત માનવજાત તેમની મોહતાજ છે. એટલા માટે કે દુનિયાનો મોટામાં મોટો

બુદ્ધિજીવી, હકીમ, વૈજ્ઞાનિક અને ફિલોસોફર એ વિદ્યાઓ તથા જ્ઞાનોને અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُના માધ્યમ વિના પ્રાપ્ત નથી કરી શક્તો. સામાન્ય ઈન્સાનોનો કમાલ એ જ છે કે અંબિયાએ કિરામને અર્પણ થયેલ જ્ઞાનનો થોડોક ભાગ એમના માધ્યમથી પ્રાપ્ત કરી શકે. તેઓ ન તો સર્વ ઉલૂમે નબુવ્વતને મેળવી શકે છે ન તો અંબિયાએ કિરામને છોડી ઉલૂમે નુબુવ્વતનો કોઈ હિસ્સો એમને નસીબ થઈ શકે છે.

અલ્લાહ તબારક વ તઆલાની મારેફત (પહેચાન)ના બે તરીક઼ા છે : એક તો "ખબર" જે નબીઓ તથા રસૂલો અને આસ્માની કિતાબો દ્વારા પ્રાપ્ત થાય છે, અને બીજો તરીક઼ો અલ્લાહ તબારક વ તઆલાના બનાવેલ બ્રહ્માંડમાં ચિંતન મનન, જેને કુર્આને તફકકુર તથા તદબ્બુરનું નામ આપ્યું છે. ઈન્સાનોને વારંવાર બ્રહ્માંડ, પોતાની આસપાસના માહોલ, ધરતી, આકાશ તથા પોતાની જાતમાં ચિંતન મનન કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. જેથી ઈન્સાન આ ચિંતન મનના પરિણામે પોતાના સર્જનહાર અને મોહસિને હક઼ીક઼ીની ઓળખ તથા મારેફત પ્રાપ્ત કરી શકે. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

اِنَّ فِیۡ خَلۡقِ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَاخۡتِلَافِ الَّیۡلِ وَالنَّهَارِ لَاٰیٰتٍ لِّاُولِی الۡاَلۡبَابِ الَّذِیۡنَ یَذۡکُرُوۡنَ اللّٰهَ قِیٰمًا وَّ قُعُوۡدًا وَّ عَلٰی جُنُوۡبِهِمۡ وَیَتَفَکَّرُوۡنَ فِیۡ خَلۡقِ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ رَبَّنَا مَا خَلَقۡتَ هٰذَا بَاطِلًا سُبۡحٰنَکَ فَقِنَا عَذَابَ النَّارِ

"બેશક ! આસ્માનો અને જમીનની પૈદાઈશમાં અને રાત્રી દિવસની ફેરબદલીમાં નિશાનીઓ છે બુદ્ધિમાનો માટે જેઓ અલ્લાહને યાદ કરે છે ઉભાં અને બેઠાં તેમજ પાસાંઓ પર આડેપડખે, ઉભા થઈને અને વિચાર કરે છે આસ્માનો અને ધરતીની પૈદાઈશમાં, હે અમારા રબ ! તેં આ અમસ્તુ જ નથી બનાવ્યું, તારા માટે (જ) પવિત્રતા છે, તું અમને દોઝખના અઝાબથી બચાવી લે." *(સૂરએ આલે ઈમ્રાન, આ. ૧૯૦–૧૯૧)*

ફિલોસોફી અને સાયન્સના નિષ્ણાતો જ્ઞાન, વિદ્યા અને સમજબુઝના જે દરજ્જા પર બિરાજમાન છે, તેના કારણે બ્રહ્માંડની વિવિધતાથી અન્ય લોકો કરતાં અધિક જાણનાર અને તેના માહિતગાર છે. તેમનાથી એ આશા રાખવી અયોગ્ય ન હતી કે તેઓ અલ્લાહ તઆલાની કુદરત સમક્ષ સૌથી અધિક મસ્તક ઝુકાવશે, રિસાલત તથા નબુવ્વતની જરૂરત તથા અગત્યતા અને અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُનું માન સન્માન સર્વાધિક એમના સામે જાહેર થશે, અલ્લાહ તબારક વ તઆલાની વહી જે અંબિયાએ કિરામ પર નાઝિલ થાય છે તેનાથી સૌથી વધુ લાભ તેઓ જ મેળવશે અને અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُથી વફાદારી, તેમના પર જાંનિષારી અને તેમની ઈતાઅત તથા ફર્માબરદારી અને અનુસરણ તેઓ જ વધુ કરશે. પરંતુ આપણે જોઈએ છીએ કે અધિક્તમ વૈજ્ઞાનિકો મારેફતના દ્વાર સુધી પહોંચી પાછા ફરી જાય છે, તેમણે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُના અનુસરણને નાનમ સમજ્યું અને તા'લીમાતે નબુવ્વતથી બેપરવાઈ દાખવી, જેથી અલ્લાહ તબારક વ તઆલાના ફર્માન : وَأَضَلَّهُ اللّٰهُ عَلٰى عِلْمٍ "અને ગુમરાહ કરી દીધો એને અલ્લાહે ઈલ્મ હોવા છતાં" ને પાત્ર ઠર્યા.

અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُ વિરૂદ્ધ વૈજ્ઞાનિકોના આ અભિમાન અને ઘમંડભર્યા વર્તનનું કારણ ભૌતિક્તાનો નશો હતો. વૈજ્ઞાનિકોએ એવું માની લીધું કે ભૌતિક્તાની આ ઉચ્ચતા, આ વીજળી અને વરાળ, આ ગ્રહો તથા હવાઈ જહાઝો, આ એટમ અને માનવશક્તિનો કમાલ, બસ ! આ જ ચીજો પર નિર્ભર છે. હવામાં ઉડવું, દરિયાઓમાં તરવું, ચાંદ પર પહોંચવું, સૂર્યની લંબાઈ, પહોળાઈને માપવું, મંગળ વગેરે ગ્રહોની ખબરો લાવવું, બસ ! આ જ ઈન્સાનિયતની મેઅરાજ છે. અને આ પ્રગતિ (એમના મતે) અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُના યુગમાં ન થઈ એટલા માટે આધુનિક અને સાયન્સી યુગ નબીઓના યુગથી અફઝલ છે, બલ્કે આ પ્રગતિ પામેલ લોકો સર્વ ઈન્સાનોથી ઉત્તમ છે ! આ જૂઠાણા અને પાયા

વિનાના ખ્યાલનો પ્રોપેગંડો (દુષ્પ્રચાર) એટલી હદે કરવામાં આવ્યો કે આજના અમુક રોશન ખયાલ મુસલમાનો પણ આધુનિક યુગને સભ્યતાવાન અને પૂરાના જમાનાને (જે અંબિયાએ કિરામ عَلَیْہِمُ السَّلَام નો યુગ હતો) અંધકારમય યુગ કહેતાં સહેજ લાજ શરમ નથી અનુભવતા ! اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ

હકીકતમાં અંબિયાએ કિરામ عَلَیْہِمُ السَّلَام ના જમાનામાં ભૌતિક પ્રગતિ ન હોવાનું કારણ મઆઝલ્લાહ ! એ નથી કે તેમનો જમાનો અંધકારમય અને અસભ્ય હતો, અને માનવ જાતે પ્રગતિની પ્રાથમિક મંઝિલો હજુ પાર કરી ન હતી, બલ્કે તેનું અસલ કારણ તેમના ઉચ્ચતમ પદ અને અતિ ઉચ્ચ મિશનના સમક્ષ ભૌતિકતાનો આ સઘળો ખેલ બાળ રમત જેમ હતો. અંબિયાએ કિરામ એટમની શોધ માટે નથી આવતા બલ્કે તેઓ એ મહાનતમ જાત (રબ)થી ઈન્સાનિયતને માહિતગાર કરે છે જેના અદના ઈશારા "કુન" સમક્ષ હજારો સૂરજની શક્તિ નહિવત છે ! અંબિયાની બુલંદ નિગાહ કેવળ બ્રહ્માંડના પરસ્પર સંબંધમાં ખોવાઈને નથી રહી જતી, બલ્કે તેઓ એ વાત પર ધ્યાન આપે છે કે બ્રહ્માંડનો સર્જનહારની કુદરત સાથે શો સંબંધ છે ? તેમનો વિષય ચીજો પ્રતિ મહેનત નથી હોતો બલ્કે માનવ ઘડતરની મહેનત પ્રતિ હોય છે, તેમની પાસે એ ચિથરાંઓનું કોઈ મહત્વ નથી જેને દુનિયાના નાબાલિગોએ (નાદાનોએ) ઘણી જ સુંદર રીતે અલ્મારીઓમાં સુશોભિત કરી રાખ્યાં છે. માટીનાં એ ઘરોની કોઈ કિંમત નથી જેમને આ નાદાનો નક્શો નિગારથી સજાવે છે, અને દુનિયાની જાહેરી સજાવટ ચમકદમકમાં એમના માટે કોઈ આકર્ષણ નથી હોતુ જેના પર આ નાસમજો ફુલાય છે ! અંબિયાએ કિરામ જાણે છે કે આ બધી ફાની વસ્તુઓની હકીકત શું છે.

કુદરતી ક્રમથી આંધળી બહેરી સાયન્સ જ્યાં કોઈપણ વસ્તુને સ્વીકારવા માટે તેને અનુભવના હાથો વડે ચકાસી જોવું જરૂરી છે એ સાયન્સ આ હકીકતને સમજવાથી આજિઝ (લાચાર) છે, એટલા માટે એ ઈમાન બિલ્ ગૈબના સર્વ નબવી સરમાયાને હંસી મઝાક સમજી બેસે છે અને અહિયાંથી જ તેની નાસ્તિકતાનો પ્રારંભ થાય છે. અને એ જ જહાલત અને ઘમંડના કારણે નબુવ્વતથી કરવામાં આવતી વિમુખતા એ વૈજ્ઞાનિકોની સર્વ મહેરૂમીનું કારણ બને છે. જો તેમના સમક્ષ બ્રહ્માંડની આંત્રિક હકીકત ખુલી જાય તો તેમને જાણ થઈ જાય કે સૃષ્ટિ (બ્રહ્માંડ) કેવળ એ જ નથી જેનો સંબંધ મૃત્યુ પહેલાંના જીવન સાથે છે બલ્કે આ તો વાસ્તવિક જીવનનો મામૂલી રજકણ છે અને એ એક રજકણની હકીકતનો પણ એ લોકોને રજ બરાબર પતો ન લાગ્યો. જો અસલ કાઈનાત અને કાઈનાતથી આગળ ખાલિકે કાઈનાતનું રહસ્ય તેમના પર ખુલી જાય તો એમને માલૂમ થાય કે અબજો ડોલર ખર્ચ કરીને ચાંદ પરથી ચાર શેર માટી લઈ આવવું તરક્કી અને પ્રગતિની નિશાની નથી બલ્કે બેવકૂફી અને મૂર્ખતાની નિશાની છે. દામને નબુવ્વતથી અલગ થઈને સાયન્સની આ મૂર્ખતાભરી મહેનતે ઈન્સાનિયતને બેચૈની અને બેકરારી તથા અશાંતિ અને અજંપાની ભેટ આપી અને આ બેચૈની તથા અશાંતિના ટેમ્પરરી સાંત્વનના માટે વિવિધ પ્રકારનાં મનોરંજનો તથા નશાકારક ચીજાનો નુસ્ખો હાથ ધર્યો ! આજનો લાચાર ઈન્સાન જે અખ્લાકી, રૂહાની, માનસિક અને શારીરિક રોગોનો ભોગ બની ગયો છે તો અક્કલવાળાઓએ વિશ્લેષણ કરવું જોઈએ કે એમાં સાયન્સની તરક્કીએ કેટલો ભાગ ભજવ્યો છે ?

જ્યાં સુધી સાયન્સના પ્રયાસો અને પ્રયત્નો નબુવ્વતના તાબે નહીં થાય, તેની દિશા દુનિયાથી આખેરત તરફ નહીં વળે અને **જ્યાં સુધી વૈજ્ઞાનિકો અંબિયાએ કિરામ સામે પોતાની ઈલ્મી આજિઝી (નોલેજની લાચારી)નો સ્વીકાર નહીં કરે ત્યાં સુધી સાયન્સ આ જ રીતે અધર્મી રહેશે અને તેની સર્વ પ્રગતિ અને તરક્કીના કારનામાંઓ ઈન્સાનિયતની હલાકત અને બર્બાદીનું જ કામ કરશે.** *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, એપ્રિલ–૨૦૧૩)*

# શું આપણી પાસે ધર્મ વિશે વિચારવાનો સમય છે ?

રજૂકર્તા : **અબ્દુર્રહમાન હાફિઝ દાઊદ નક્શબંદી-પારખેત**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

"માણસ માત્ર ભૂલને પાત્ર" ભૂલ તો માણસની ફિતરતમાં જ સામેલ છે પરંતું અલ્લાહ તઆલાએ માણસને અગણિત નેઅમતો આપી એલાન ફર્માવી દીધું وَاِنْ تَعُدُّوْا نِعْمَتَ اللّٰهِ لَا تُحْصُوْهَا "જો અલ્લાહની નેઅમતોને ગણવા ઈચ્છશો તો નહીં ગણી શકો." *(સૂ. ઈબ્રાહીમ-૩૪)* તે જ નેઅમતો પૈકી એક અણમોલ નેઅમત જેના વગર માણસની કોઈ કદર નથી, જેના વગર માણસ પાગલ અથવા જાનવર જેવો ગણાય છે તે "દિમાગ" છે. જેને બુધ્ધિ અથવા અક્કલ પણ કહેવાય. અને આ જ તે નેઅમત છે જે બે વસ્તુઓ વચ્ચેનો તફાવત દેખાડે છે. ખરા ખોટા, હલાલ હરામ તથા જાઈઝ નાજાઈઝ અને સારા નરસાની પરખ આના દ્વારા જ થાય છે.

હવે એક તબક્કે જોવામાં આવે તો કાલ કરતાં આજે બુધ્ધિશાળી હોવાના દાવેદારો વધુ પ્રમાણમાં જોવા મળે છે. "એજ્યુકેશનનો જમાનો છે" કહી પોતાની સમજની બડાઈઓ મારવામાં આવે છે. જ્યારે સમાજના લોકો એટલા જ બધા ફોરવર્ડ તથા સમજદાર થઈ ચૂક્યા છે તો સમાજમાં થતા ગુનાહોનું પ્રમાણ ઘટવું જોઈએ, શું કારણ છે કે શિક્ષણ તથા સમજમાં વધારાની સાથે ગુનાહોના વધતા જતા બનાવો પર રડવામાં આવે છે ? આખરે લોકોને શું થયું છે ? સ્થિતિ રોજ બરોજ કેમ બગડતી જાય છે ?! તો વાત એ જ સામે આવે છે કે વિચારવા માટે દિમાગ તો ઉપલબ્ધ છે પરંતું તેના ઉપયોગ સામે હજારો પહાડો ઉભેલા છે. બુધ્ધિ તો વધતી ગઈ પણ મુસલમાનો દ્વારા તેનો ઉપયોગ ન થયો. મુસલમાનો પાસે બુધ્ધિ નથી અથવા તેઓ (Mentaly) મેન્ટલી રીતે કમજોર છે એ કહેવું તદ્દન ખોટુ છે, કારણ કે તે મુસલમાન જ છે જેણે જગતના લોકોને જાત જાતની શોધો તથા ટેકનોલોજીઓ ઉપલબ્ધ કરાવી.

હુઝૂર ﷺના મુબારક જમાના બાદ ક્રમે ક્રમે જ્યારે લોકો ગુનાહો તરફ વધવા લાગ્યા તો પોતાની બુધ્ધિ વડે જેલનો નિઝામ કાયમ કરનાર મુસ્લિમને જ તો લોકો ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ કહે છે. દુનિયાને બેંક કારોબાર શિખવાડનાર કોણ હતું ? તે હઝરત ઉમર رضی اللہ عنہની જ મુબારક જાત છે જેમણે ઠેરઠેર પૈસાની લેવડ દેવડ માટે "બયતુલ માલ" બનાવી લોકોને દિમાગનો ઉપયોગ શિખવ્યો. *(સીરતે ખુલ્ફાએ રાશિદીન-૬૩)* આજે લોકો મન્તિક (Logic) શીખી પોતાની સમજની બડાઈઓ મારે છે પણ કદી વિચાર્યું કે આ લોજીક નામની અમૂલ્ય ભેટ આપનાર કયા ધર્મનો હતો ? તે બીજુ કોઈ નહીં આપણા જ એક મહાન બુઝુર્ગ અને તર્કશાસ્ત્રીઓના સરદાર "ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ છે.

હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે તે કૌમ જેના પૂર્વજોએ ગૈરોને પણ પોતાની ખુદાદાદ અક્કલ વડે ફાયદો પહોંચાડયો, તેના માનનારા આજે પોતાને મોડર્ન અથવા ફેશનેબલ કહી શા માટે ધર્મ વિશે વિચારવાથી દૂર ભાગી રહ્યા છે ?

## ★ ઉપયોગ કરો દૂરુપયોગ નહીં ★

વહાલા વાંચક મિત્રો ! અલ્લાહ તઆલાએ કુર્આનમાં ફર્માવ્યું : "નબી જે આપે લઈ લો અને જેનાથી રોકે રોકાય જાવ" *(સૂ. હશ્ર-૭)* અને હુઝૂર ﷺએ તો ઠેક ઠેકાણે હદીષમાં ફર્માવ્યું : ગુનાહોથી બચો, મારી સુન્નતો અપનાવો તથા ગૈરોની મુશાબહતથી બચો. *(મફહુમે હદીષ)* પરંતું આજે આપણે અલગ જ રસ્તે નીકળી પડયા ! વેસ્ટર્ન કલ્ચર અપનાવી લીધું અને સુન્નતો છોડી દીધી, ન કુર્આન સમજવાની કોશિશ કરી ન હદીષ વિશે વિચાર્યુ. બસ ! આપણુ જીવનને બદ્અમલીનો નમૂનો બનીને રહી ગયું.

હવે આટલી સંગીન સ્થિતિઓમાં પણ આપણે એક ક્ષણ માટે પોતાના ધર્મ, પોતાના ઈમાન, પોતાના ઈતિહાસ તથા પોતાના બુઝુર્ગોના જીવન સંદેશ વિશે ન વિચારીએ તો પછી ખુદાની આ અમૂલ્ય નેઅમત "દિમાગ'નો ઉપયોગ થશે ક્યારે ? દરેક વસ્તુ જ્યારે વપરાશમાં આવે છે તો

ફાયદો આપે છે અને Miss use થાય છે તો નુકસાન જ પહોંચાડે છે, તેવો જ કંઈ વિષય બુધ્ધિનો પણ છે.

અલ્લાહ તઆલાએ તો કેટલાય સ્થળોએ ફર્માવ્યું : لَعَلَّهُمْ يَتَفَكَّرُونَ "કદાચ તેઓ વિચારે. *(સૂ. હશ્ર, આ–૨૧)* બીજી જગ્યાએ ફર્માવ્યું : اَفَلَا تَتَفَكَّرُونَ "તો શું તમે વિચાર નથી કરતા" *(સૂ. અનઆમ, આ–૫૦)* અને ફર્માવ્યું : اَفَلَا يَتَدَبَّرُونَ "તો શું કુર્આનમાં ચિંતન નથી કરતા ?" *(સૂ. નિસાઅ, આ–૮૨)*

તો શું આ બધા ફિકર તથા ચિંતા અને વિચાર વિમર્શના સંબોધનો ગૈરો માટે છે ? ના ! આપણે જ તો છીએ જેમને "હે ઈમાનવાળાઓ" કહી પોકારવામાં આવે છે.

હવે તે જ મુસ્લિમો ફક્ત દુનિયા અને તેના માલ પાછળ જ દોડયા કરે અને જે અસલ દીન છે તે તરફ પોતાનું ધ્યાન ન દોરે તો આ ખુદાની અર્પણ કરેલ નેઅમતોનો વ્યય તથા દુરુપયોગ છે કે નહીં ? જરૂર છે ! અને આ જ દુરુપયોગ આજે આપણને, આપણા સમાજને, આપણા ધર્મ અને તેના માનનારાઓને નુકસાન પહોંચાડી રહ્યો છે.

વહાલા વાંચક મિત્રો ! આપણે કદી વિચાર્યુ કે આપણે પોતાની ચિંતન શક્તિનો કેટલો ઉપયોગ કરી રહ્યા છીએ, કદી આપણા મનમાં વિચાર આવ્યો કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અથવા રાષ્ટ્રીય ક્ષેત્રે કેટલી યુનિવર્સિટીઓ 'મુસ્લિમ' છે ? કદી ખયાલ આવ્યો કે આપણા રાજ્યમાં ચાલનારી હજારો સ્કૂલોમાં મુસ્લિમ સ્કૂલોનું પ્રમાણ કેટલા ટકા છે ? રાજ્યના કેટલા તાલુકા છે જ્યાં મુસ્લિમ કોલેજો બનાવવામાં આવી ? આપણા બાળકોને સ્કૂલોમાં શિક્ષણ અપાય છે તો પછી સંસ્કારો કેમ બગડે છે ? મુસ્લિમના ઘરે પેદા થઈ જવાન થનાર બાળક ત્યારબાદ એવું કેમ પૂછે છે કે આપણા ધર્મમાં આવું કેમ છે ? આપણે કદી એ પણ ન વિચાર્યુ કે આપણા પૂર્વજો શરીઅતના દાયરામાં રહી સમયના સમ્રાટ બન્યા અને આપણે રાજનીતિમાં ક્યાં સુધી આગળ વધ્યા ? અને વધ્યા પણ તો ક્યાં ગઈ આપણી શરીઅત અને આપણો ધર્મ ? જ્યારે આ બધા પાસાંઓ પર નજર નાખવામાં આવે તો પરિણામના આંકડા આપણા માટે ચિંતાજનક હોય છે. એટલા માટે હવે જરૂરત એ વાતની છે કે આપણો "મેન્ટલી" પાવર જે દુનિયા પાછળ વેડફાય રહ્યો છે તેને દીન તથા તેની જરૂરતો પ્રત્યે લગાડવામાં આવે, નહીં તો તે દિવસો દૂર નથી કે આપણી શક્તિઓનો આ દુરુપયોગ આપણને બર્બાદી અથવા કુસંસ્કાર અને અધર્મીપણા તથા બદ્અક઼ીદગીના એવા સમુદ્રમાં ડૂબાડી દેશે જ્યાંથી નીકળવાનો વિચાર પણ નિરર્થક બની રહી જશે !

### ★ બદલો પોતાની "લાઈફ સ્ટાઈલ" ! ★

એક વ્યક્તિ સવારે ઉઠયા બાદ ઉતાવળે ઉતાવળે તૈયાર થઈ ઘરેથી નીકળે છે, આઠ કે બાર કલાક સુધી ન તો તેની પાસે નોકરી સિવાય કાંઈ કરવાનો સમય રહે છે ન તે સિવાય કાંઈ વિચારવાનો સમય મળે છે, આખો દિવસ કામ ધંધાથી થાકી ઘરે પરત ફરેલો આ વ્યક્તિ ન પત્ની તરફ પ્રેમથી જુએ છે, ન તો બાળકોના હક઼્ક઼ો વિશે કાંઈ વિચારે છે અને ન પોતાના ધર્મ અને તેના ફર્ઝો પ્રત્યે ધ્યાનિત થાય છે, પછી એ જ તણાવ ભરેલી સ્થિતિમાં થોડીવાર ટી.વી. જોયા બાદ પથારીએ જઈ એક બેચેનીની ઊંઘ લે છે, અને ફરી બીજી પરોઢ તેના માટે તે જ વ્યસ્ત (Busy) દ્રશ્ય લઈને સામે આવે છે.

વાંચક મિત્રો ! આ કોઈ કલ્પના કે કોઈ ગૈરમુસ્લિમની રોજનીશી નથી બલ્કે આજે કહેવાતા ઘણા મુસ્લિમો આ જ પ્રકારનું જીવન પસાર કરી રહ્યા છે, જેમાં ફક્ત દુનિયા પરસ્તી, અને દુનિયાની મહોબ્બત અને તેની દૌલત પાછળ આપણે એટલા બધા વ્યસ્ત છીએ કે આપણને પોતાના ધર્મથી લઈ સમાજ સુધ્ધાંનું પણ ભાન નથી. અને આ ફક્ત કોઈ એક વ્યક્તિની વાત નથી બલ્કે સ્કૂલે જનાર બાળકથી લઈ કોલેજના યુવાનો અને વૃધ્ધો સુધી દરેક પોતાની આ વિચિત્ર અવસ્થામાં વ્યસ્ત છે. આખરે આ જ રોજની વ્યસ્તતા આપણને ક઼બ્ર સુધી પહોંચાડી દેશે કે પછી આપણે દુનિયા પરસ્તીથી હટી પોતાના દીની તથા દુનિયવી હક઼્ક઼ો પ્રત્યે પણ ધ્યાનિત થઈ તેના વિશે કાંઈક વિચારીશું ?

*તેરે સીનેમેં દમ હૈ દિલ નહીં હૈ*
*તેરા દમ ગર્મીએ મેહફિલ નહીં હૈ*
*નિકલ જા અક઼લ સે આગે કે યે નૂર*
*ચિરાગે રાહ હૈ મંઝિલ નહીં હૈ*

:: જીવન વૃત્તાંત ::

# મુહદ્દિષે સૂરતી
# હઝરત વસી અહમદ رحمۃ اللہ علیہ

:: રજૂકર્તા ::

**મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
*(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**વિલાદતે બા સઆદત (જન્મ મુબારક) :** મોઈનુદ્દીન અકબર ષાનવીના યુગમાં રાંદેર જિ. સૂરત ગુજરાતમાં ઈ.સ. ૧૮૩૬, હિ.સ. ૧૨૫૩ અને એક કથન મુજબ હિ.સ. ૧૨૫૧માં આપની વિલાદત થઈ.

**નસબ :** વસી અહમદ બિન મુહમ્મદ તય્યબ બિન મૌલાના મુહમ્મદ કાસિમ બિન મૌલાના મુહમ્મદ તાહિર. અંતમાં આપનો નસબી સિલસિલો (વંશવેલો) હઝરત અલી رضی اللہ عنہના સાહબઝાદા મુહમ્મદ બિન હન્ફિયાથી જઈને મળે છે. *(મુહદ્દિષીને એઝામ)* જ્યારે કે "તઝકેરા મુહદ્દિષે સૂરતી" જેના લેખક ખૂદ હઝરત મુહદ્દિષે સુરતીના પરપૌત્ર છે. તેમાં પ્રોફેસર અન્સાર હુસૈનના હવાલાથી લખવામાં આવ્યું છે કે આપનો વંશવેલો સહાબીએ રસૂલ હઝરત સુહેલ બિન હનીફ رضی اللہ عنہ સુધી જઈને મળે છે. સોળ મી સદી ઈસ્વીમાં સુલ્તાન શાહજહાંના યુગમાં આપના પૂર્વજો મદીના મુનવ્વરાથી હિંદુસ્તાન આવ્યા અને સુલ્તાન તરફથી મહત્વના હોદ્દાઓ પર બિરાજમાન રહ્યા.

**તાલીમો તર્બિયત અને ૧૮૫૭નો વિપ્લવ :** દાદાએ બિસ્મિલ્લાહ ખ્વાની કરાવી ત્યાર પછી મૌલાના તય્યબથી કાયદેસર તાલીમ શરૂ કરી. આપ ૨૧ વરસના થયા એવામાં ૧૮૫૭નો હંગામો શરૂ થઈ ગયો જેમાં આપના બે સગા ભાઈ સહિત ખાનદાનના વિવિધ સભ્યો અંગ્રેજોના હાથે શહીદ થયા. આપના દાદાના વ્યાપારના સામાનને સળગાવી આપના મકાનને પણ કબ્જામાં લઈ લીધું. વાલિદૈન તથા નાના ભાઈ અબ્દુલ લતીફની સાથે ઘણા દિવસો સુધી છુપા રહ્યા બાદ જેમ તેમ કરીને ઈરાક પહોંચ્યા અને ત્યાં ત્રણ વરસ રહી ત્યાંથી હજ્જ તથા ઝિયારત મટે મક્કા મુકર્રમા પહોંચ્યા, મદીના મુનવ્વરામાં પણ કેટલાક મહિના રોકાણ કર્યું.

હિંદુસ્તાનના હાલાત સામાન્ય થયા તો વતન રાંદેર પરત થતા હતા એવામાં સફરમાં જ વાલિદે માજિદ વફાત પામ્યા અને રાંદેર પહોંચવાના થોડાક જ દિવસો બાદ વાલદિાનો સાયો પણ ઉઠી ગયો. *(તઝકેરા અકાબિરે અહલે સુન્નત)*

**ઈલ્મે દીનનો શોખ :** આવી સખત મુશ્કેલીઓ અને તકલીફો છતાં બંને ભાઈઓમાં ઈલ્મે દીનની તડપ તથા દીનની સરબુલંદીનો જઝ્બો હતો. જેથી સખત પરિસ્થિતિઓનો સામનો કરતા રહી ઈલ્મે દીનના કેન્દ્ર દિલ્હી પહોંચ્યા અને સૌ પ્રથમ મસ્જિદે ફતેહપૂરીમાં રહ્યા. ત્યાર બાદ મદ્રસા હુસૈન બખ્શમાં એક વરસ સુધી દર્સે નિઝામીની અધિકતમ કિતાબો પઢી. તે સમયે મૌલાના લુત્ફુલ્લાહ અલીગઢીની શાગિર્દી ફઝ્લો કમાલની સૌથી મોટી સનદ સમજવામાં આવતી એટલા માટે દિલ્હીથી તેમના મદ્રસા "ફૈઝે આમ"માં આવ્યા અને સાત વરસ સુધી ઈલ્મે દીન પ્રાપ્ત કરતા રહ્યા. સાથે જ મૌલાના મુહમ્મદ અલી મોનગીરીથી સાહિત્યની કિતાબો પઢી. *(તઝકેરા મુહદ્દિષે સૂરતી)*

**બયઅતો ખિલાફત :** મદ્રસા ફૈઝે આમથી તાલીમ સંપૂર્ણ કર્યા બાદ હિ.સ. ૧૨૮૬માં ઉવૈસે ઝમાના શાહ ફઝ્લે રહમાન ગંજ મુરાદાબાદીની બારગાહમાં જઈ સિલસિલએ આલિયા કાદરિયા નકશબંદિયામાં બયઅત થયા અને સુલૂકની તાલીમ માટે પીરો મુર્શિદની ખિદમતમાં રહેવા લાગ્યા. *(તઝકેરા ઉલ્માએ અહલે સુન્નત)*

આપની અસામાન્ય લાયકાત અને વિશેષ રીતે

ઈલ્મે હદીષ તથા ઉસૂલે ફિક્હ પર પ્રભાવશાળી પ્રતિભા જોઈ પીરો મુર્શિદે ન કેવળ પોતાના દર્સમાં સામેલ કર્યા બલ્કે નવા તલ્બાને પઢાવવાની જવાબદારી પણ સોંપી. સાથે જ શાહ સાહબથી અવરાદો વઝાઈફની પ્રસિદ્ધ કિતાબ હિસ્ને હસીન પઢ વાનું શરૂ કર્યું. શાહ સાહબે આમ તો અમુક હદીષો પઢાવી તેનો દર્સ આપવાની પણ ઈજાઝત અતા ફર્માવી તથા સનદે હદીષ અને સનદે ખિલાફતથી પણ નવાઝયા. *(તઝકેરા મોહદ્દિષે સૂરતી)*

**તદરીસી ખિદમાત :** હિ.સ. ૧૨૮૮ના પ્રારંભમાં માદરે ઈલ્મી મદ્રસા ફૈઝે આમ કાનપૂરમાં આપની નિયુક્તિ થઈ. મૌલાના મુહમ્મદ અલી મોનગીરીએ દારૂલ ઈફતાની જવાબદારી આપને સોંપી. લગભગ આઠ વરસ સુધી ત્યાં તદરીસી ખિદમત આપી અને નિસાઈ શરીફનો હાશિયો લખવાનું શરૂ કર્યું.

**ઈલ્મે તિબ્બ :** હકીમ અબ્દુલ અઝીઝ લખનવીની કિતાબોથી અભ્યાસ કરતા રહ્યા. સાથે જ પત્ર વ્યવહારથી પણ મદદ લેતા રહ્યા. હકીમ સાહબે તિબ્બમાં આપનું આકર્ષણ જોઈ લખનૌ બોલાવ્યા ત્યાં છ માસ સુધી તેમના નાયબ તરીકે તેમના દવાખાનામાં સેવા આપી અને તિબ્બની સનદ મેળ વી. ફરી મદ્રસા ફૈઝે આમ આવી તદરીસી ખિદમત આપવા લાગ્યા.

**શાહ અહમદ અલી મુહદ્દિષે સહારનપૂરીની ખિદમતમાં :** ઈલ્મે હદીષમાં આપનો શોખ જોઈ પીરો મુર્શિદે હઝરત મુહદ્દિષે સહારનપૂરીની ખિદમતમાં મોકલ્યા. તેઓએ મૌલાના લુત્ફુલ્લાહ અલીગઢીની ઝબાની આપની કાબેલિયત વિશે ઘણુ સાંભળ્યું હતું. માટે ઘણી ખુશીભેર આપનું સ્વાગત કર્યું અને આપની સાથે વિશેષ વર્તાવ કર્યો. મદ્રસાની નજીક એક ઓરડો રહેવા માટે આપ્યો તથા આમ દર્સમાં સામેલ થવાથી મનાઈ કરી અને ફર્માવ્યું કે રોજ મગરિબની નમાઝ પછી એક હદીષ સંભળાવ્યા કરો એ જ પૂરતુ છે. હિ.સ. ૧૨૯૫ ઈ.સ. ૧૮૭૮માં સનદે હદીષથી નવાઝયા. *(તઝકેરા મુહદ્દિષે સૂરતી)*

**સનદે હદીષ :** આપે ત્રણ ઉસ્તાદોથી હદીષની કિર્અત તથા સમાઅત કરી અને સનદે હદીષ મેળ વી. (૧) મૌલાના લુત્ફુલ્લાહ અલીગઢી (૨) શાહ ફઝ્લે રહમાન ગંજ મુરાદાબાદી (૩) શાહ અહમદ અલી મુહદ્દિષે સહારનપૂરી.

**રાજનૈતિકના મેદાનમાં :** આપે ઈલ્મો મારેફત સાથે સાથે રાજનીતિમાં પણ વિશેષ યોગદાન આપ્યું છે. અંગ્રેજી સામ્રાજ્યથી દેશ અને વિશેષ રીતે મુસલમાનોને જે નુકસાનો પહોંચવાનો ભય હતો એનાથી દેશ તથા કૌમને બચાવવા માટે આપે અકાબિર (અગ્રગણ્ય) ઉલ્માના એક પ્રતિનિધિમંડળ ની આગેવાની કરી જેણે ત્રણ મહિના સુધી સમગ્ર દેશનો દૌરો કરી ધાર્મિક મદ્રસાઓનું એક બંધારણ સ્થાપિત કર્યું.

**શાદી અને પીલીભીતમાં કયામ :** આપની કયાદતમાં ઉલ્માના આ પ્રતિનિધિમંડળની હિંદુસ્તાનભરમાં સફળતાએ આપની લોકપ્રિયતામાં ચાર ચાંદ લગાડી આપ્યા. આપની ઉંમર ૪૨ વર્ષ થઈ ગઈ હતી પરંતું હજુ સુધી ગૈર શાદીશુદા હતા. જ્યારે આ દૌરો સંપૂર્ણ થયા બાદ કાનપૂર પહોંચ્યા તો મૌલાના અહમદ હસન કાનપૂરીએ આપને શાદીનો મશ્વરો આપ્યો અને ત્યાં જ મીર ઈનાયત હુસૈનની સાહબઝાદી સાથે નિકાહ થયા. થોડા દિવસ ત્યાં રહ્યા બાદ પીલીભીત તશરીફ લાવ્યા અને ત્યાં મદ્રસા હાફિઝુલ ઉલૂમમાં સદર તથા શૈખુલ હદીષની હેસિયત ખિદમત આપી.

**મદ્રસતુલ હદીષની સ્થાપના :** આપના ભાઈ અબ્દુલ લતીફે આપના મકાનથી નજીક એક જમીન ખરીદી એક મદ્રસાનું બાંધકામ કરાવ્યું. આપે તેનું નામ મદ્રસતુલ હદીષ રાખ્યું. સંગે બુનિયાદમાં દૂર દૂરથી ઉલ્મા તશરીફ લાવ્યા. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના દસ્તે મુબારક વડે સંગે બુનિયાદ રાખવામાં આવી. અને એ પ્રસંગે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ

ત્રણ કલાક સુધી ફન્ને હદીષ અને તેની મહત્વતા પર બયાન કર્યું. *(તઝકેરા ઉલ્માએ અહલે સુન્નત)*

**ફત્વાલેખન** : ફત્વા લેખનનો પ્રારંભ તો મદ્રસા ફૈઝે આમ હિ.સ. ૧૨૮૫માં થયો હતો અને આ ક્રમ હિ.સ. ૧૩૩૪ સુધી જારી રહ્યો. આ રીતે આપે લગભગ પચાસ વરસ સુધી ફત્વા નવેસી તથા લેખન કાર્યની સેવાઓ આપી. **અફસોસ કે આપના ફતાવાને એકત્ર કરવાની કોઈ જોગવાઈ ન કરવામાં આવી જેથી કોઈ ફત્વા સંગ્રહ પ્રકાશિત ન થઈ શક્યો.** બાદમાં આપના અમુક શાગિર્દોએ આપના ફતાવા સંગ્રહ કરી 'ઈઝહારે શરીઅત'ના નામથી કેટલાય ભાગોમાં પ્રકાશિત કર્યા.

તેહરીકે નદવાના વિરોધ પર આ'લા હઝરત رضی اللہ عنہએ આપની પ્રશંસા ફર્માવી. જ્યારે કોંગ્રેસી મુલ્લાઓએ ધાર્મિક વાતોને તોડી મરોડીને રજૂ કરવાનું શરૂ કર્યું તો આપે ઉલ્માએ હક્ક સાથે મળીને એનો સખત વિરોધ દર્શાવ્યો. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ આપની પ્રશંસા કરી આપના ઈલ્મી મર્તબા અને હક્કની હિમાયતની દાદ આપી. *(મુહદ્દિષીને એઝામ)*

**તબ્લીગી સફર** : આપે પોતાના જીવનનો અધિકતમ ભાગ દર્સો તદરીસમાં પસાર કર્યો પરંતુ અવારનવાર ખિદમતે દીન ખાતર વિવિધ સફર પણ કર્યા. હિ.સ. ૧૩૧૮માં મદ્રસા અહલે સુન્નતના વાર્ષિક જલ્સામાં પટના તશરીફ લઈ ગયા. મજલિસે ઉલ્માએ હનફિયા અમૃતસરની દાવત પર ૬ રજબ હિ.સ. ૧૩૨૦માં અમૃતસર પહોંચ્યા. ઈ.સ. ૧૯૧૨માં અંજુમને નોઅમાનિયા લાહોરના ૨૫મા વાર્ષિક જલસામાં તથા ઈ.સ. ૧૯૧૫માં અંજુમને ખુદ્દામુસ્સૂફિયાના જલ્સામાં સિયાલકોટ તથા ૧ ડિસેમ્બર ઈ.સ. ૧૯૦૧માં મજલિસે અહલે સુન્નત કલકત્તાના આમંત્રણ પર પીલીભીતથી બરેલી અને ત્યાંથી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની સાથે કલકત્તા પહોંચ્યા. *(તઝકેરા મુહદ્દિષે સૂરતી)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہથી મહોબ્બત** : આપ ઉંમરમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہથી મોટા હતા પરંતુ આ'લા હઝરત رضی اللہ عنہને દરેક બાબતમાં અગ્રિમતા આપતા. આ'લા હઝરત رضی اللہ عنہ સાથે આપની મહોબ્બતનો એ આલમ હતો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનું નામ આવતું તો મહોબ્બતથી ગરદન ઝુકાવી લેતા. પોતાના મદ્રસા "મદ્રસતુલ હદીષ"ની સંગે બુનિયાદ પણ આપના મુબારક હાથોએ કરાવ્યું. તેહરીકે મુખાલિફતે નદવા (નદવા વિરુદ્ધની ચળવળ )માં પણ આપ આ'લા હઝરત رضی اللہ عنہથી બરાબર મશ્વરા લેતા રહ્યા. મેહફિલોમાં પણ વારંવાર આપનું ઝિક્ર કરતા.

એ જ પ્રમાણે એકવાર આપ આ'લા હઝરતની ચર્ચા કરી રહ્યા હતા, એવામાં હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ જેઓ તે દિવસોમાં એક તાલિબે ઈલ્મની હૈસિયતથી દર્સગાહમાં મૌજૂદ હતા. હુઝૂર મુહદ્દિષે સૂરતીને કહેવા લાગ્યા, હુઝૂર ! ગુસ્તાખી માફ ! મને એક વાત આજ સુધી સમજમાં ન આવી કે મેં સાંભળ્યું હતું કે જે જેનું ખાય છે તેનું ગાય છે. આપના સંબંધી મને જાણ છે કે આપ હઝરત મૌલાના ફઝ્લે રહમાન ગંજમુરાદાબાદીના મુરીદ છો, પરંતુ આજ સુધી મેં આપની જીભેથી તેમનો ઝિક્ર નથી સાંભળ્યો, અલ્બત્ત આ'લા હઝરતની ચર્ચા આપ ખૂબ જ પ્યારભર્યા અંદાઝમાં કર્યા કરો છો ! શાગિર્દના પ્રશ્ન પર હુઝૂર મુહદ્દિષે સૂરતીએ જે જવાબ આપ્યો તેને ઈશ્કની આંખોથી વાંચો ! ફર્માવે છે : જ્યારે મેં પીરો મુર્શિદથી બયઅત કરી હતી ત્યારે હું એ અર્થમાં મુસલમાન હતો કે મારુ આખુ ખાનદાન મુસલમાન જાણવામાં આવતુ હતું. પણ જ્યારે આ'લા હઝરતને મળવા લાગ્યો તો ઈમાનની મીઠાશ મળી ગઈ ! હવે મારું ઈમાન રિવાજ મુજબનું નથી બલ્કે અલ્લાહના

ફઝ્લથી હકીકી છે. તો જેણે હકીકી ઈમાન બખ્શ્યું એની યાદથી પોતાના દિલને સકૂન આપતો રહું છું !

હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ફરી અર્ઝ કરી, હુઝૂર ! ઈલ્મે હદીષમાં શું તેઓ (આ'લા હઝરત) આપના બરાબર છો ?! ફર્માવ્યું, ''કદી પણ નહીં !'' પછી ફર્માવ્યું, શાહઝાદા સાહબ ! તમે કાંઈ સમજ્યા કે કદી પણ નહીં !''નો શો મતલબ છે ? સાંભળો !

આ'લા હઝરત અમીરુલ મો'મિનીન ફિલ હદીષ છે ! હું વર્ષો સુધી આ ફન (વિષય)માં તેમની શાર્ગિદી કરું તો પણ તેમના પગની રજકણ ન ઠરી શકું ! *(જામે નૂર મુહદ્દિષે આ'ઝમ નંબર, એપ્રિલ–૨૦૧૧, પેજ : ૫૯)*

**આપની રોજનીશી** : આપ અધિક્તમ ચુપ રહેતા. નાના મોટાનું એક સરખુ સન્માન કરતા. અસરથી મગરિબ સુધી મસ્જિદમાં વિર્દ વઝાઈફમાં મશ્ગૂલ રહેતા. તહજ્જુદ બાદ વઝીફા કરતા અને ફજર પહેલાં સર્વ ઘરવાળાઓ તથા મદ્રસાના તલ્બાને જગાડતા. નમાઝ પછી કુર્આનની તિલાવત ફર્માવતા. ઈશ્રાકની નમાઝ પહેલાં નાસ્તો કરી થોડીવાર દવાખાનામાં બેસતા, પછી મદ્રસે જતા. લગભગ ૧૨ વાગ્યે ભોજન લેતા અને સુન્નત પ્રમાણે થોડીવાર કૈલૂલા કરતા. ઝોહરથી અસર સુધી તલ્બાને હદીષ શરીફનો દર્સ આપતા. ઈશાની નમાઝ પછી મોડી રાત સુધી લખવા પઢવામાં વ્યસ્ત રહેતા.

**શરીઅતની પાબંદી** : છેવટ સુધી શરીઅતની પાબંદીનો આલમ એ હતો કે એક વ્યક્તિ મળવા આવી તો ફર્માવ્યું કે એમને કહી દો કે હું એમનાથી નારાજ છું ! તેમણે વાયદો કર્યો હતો કે દાઢી નહીં કતરાવું તો પણ કતરાવે છે !

એક વ્યક્તિએ કહ્યું, ''આદાબ અર્ઝ હૈ !'' ફર્માવ્યું, હું નથી જાણતો આદાબ અર્ઝ કઈ બલાનું નામ છે ! મુસલમાનોનો સલામ ''અસ્સલામુ અલયકુમ'' છે.

**વિસાલ** : મસ્જિદથી અસરની અઝાન બુલંદ થઈ તો આપ ઊંચા અવાજે નિય્યત કરી બંને હાથો દૂંટી નીચે બાંધી ખામોશ થઈ ગયા. આઠ જમાદિલ ઉલાની બે વાગ્યે ફર્માવ્યું, સામાન તૈયાર કરો ! પાલકી મંગાવો અને મને આ'લા હઝરતની ખિદમતમાં લઈ જાવ ! જલ્દી કરો એવું ન થાય કે ગાડી છૂટી જાય ! ત્યારબાદ થોડીવાર ખામોશ રહી ફર્માવ્યું, કિ઼બ્લા તરફ કરો. પછી પૂછયું, શું સમય છે ? કહેવામાં આવ્યું, ત્રણ વાગ્યા છે. ફર્માવ્યું, સુબ્હ સાદિક઼ તો નથી થઈ ? કહેવામાં આવ્યું, ના. ફરી તુરંત જ તહજ્જુદની નિય્યત બાંધી લીધી. હજુ وَإِيَّاكَ نَسْتَعِينُ إِيَّاكَ نَعْبُدُપર પહોંચ્યા હતા કે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. *(મે–૨૦૧૩, સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ)*

**★ જશ્ને સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ વ જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہ ★**

**દયાદરા** : ખાતે જામા મસ્જિદમાં ૨૨ જમા. આખર હિ.સ. ૧૪૩૪ના રોજ અસરની નમાઝ બાદ જશ્ને સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ મનાવાયો જેમાં જનાબ કા઼રી મક઼સૂદ કાવીવાળા (નાયબ પેશ ઈમામ–દયાદરા)એ તિલાવતે કુર્આન બાદ નઅત શરીફ પેશ કરી હતી ત્યારબાદ હઝરત મૌલાના મોહસિન સાહબ (પેશ ઈમામ–દયાદરા જામા મસ્જિદ)એ શાને સિદ્દીક઼માં ઈમામ અફરોઝ બયાન કર્યું હતું અને આપની મુબારક જિંદગીના હાલાતથી અવામને વાકેફ કરી હતી. છેવટમાં ફાતિહા, સલાતો સલામ દુઆ બાદ ન્યાઝ તકસીમ થઈ હતી.

**દયાદરા** : ખાતે તા. ૧૬–૫–૨૦૧૩ જુમેરાતે રાત્રે **''જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ''** મનાવાયો જેમાં મોટા ચકલા પર ઈશા બાદ નઅતો મન્કબતનો ક્રમ ચાલ્યો. છેવટમાં હઝરત મૌલાના મોહસિન સાહબ (પેશ ઈમામ) વલીની સિફતો વિશે ખ્વાજા સાહબના જીવનના અનુસંધાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. બીજા દિવસે ગામના સર્વ સુન્નીઓ માટે આમ ન્યાઝ અકુજી હોલમાં રાખવામાં આવી હતી.

# ગવર્નમેન્ટી મદ્રસા બોર્ડ

## મુસલમાનો માટે લાભકર્તા કે હાનિકર્તા ?!

:: અઝ ::
**મૌલાના મુહમ્મદ ઝફરુદ્દીન બરકાતી**
*(એડિટર : કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી)*

:: રજૂકર્તા ::
**મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી–કુરચણ**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*આજકાલ કેટલાક ઈસ્લામ તથા મુસ્લિમોના તથા ઈમામો મુદર્રિસોના હમદર્દો ગુજરાતમાં ''રાજ્ય મદ્રસા બોર્ડ''ની રચના માટે રાજકરણીઓનાં સન્માનો છુપી રીતે, જાહેર રીતે, અંદરખાને કે અમુક મર્યાદિત મહેફિલોમાં કરી રહ્યા છે, તો એ રીતે ''મદ્રસા બોર્ડ''નાં ઈસ્લામ તથા મુસલમાનોને શું સીધા નુકસાનો ખડાં થઈ શકે છે તેના સંબંધી ગંભીર ચર્ચા રજૂ કરતો એક લેખ જે હઝરત મૌલાના મુહમ્મદઝફરુદ્દીન બરકાતી (તંત્રી : કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી)એ લખેલ છે તે રજૂ કરીએ છીએ એનો સર્વ મુસ્લિમો અને વિશેષતઃ મદ્રસાવાળાઓ વાંચે અને તેના સંબંધે પોતાના પ્રત્યાઘાત ગુજરાતમાં ગવર્નમેન્ટી મદ્રસા બોર્ડ રચવા ચાહતા જે તે આપણા મિત્રો સમક્ષ રજૂ કરે એવી અપીલ છે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

શૈક્ષણિક અધોગતિ, બદ્અખ્લાકી તથા મુખ્લિસ સાથીઓની અછતના આ વખતમાં માત્ર અલ્લાહના ઘર એટલે કે મસ્જિદોના ઈમામો માટે સરકારથી આર્થિક મદદ અને સરકારી પગારની માંગ કરવી મસ્જિદોના ધાર્મિક બંધારણ તથા ધાર્મિક હેતુઓના વિરુદ્ધ જણાય છે. આ વાસ્તવિક્તાથી કદાચ જ કોઈ મુખ્લિસ, ધાર્મિક, બુદ્ધિશાળી વ્યક્તિ મોઢુ ફેરવી શકે છે, જેણે સરકારી મદદ પામેલ મદ્રસાઓમાં શૈક્ષણિક અધોગતિ અને કાબેલ ઉસ્તાદોની જગ્યાએ ગ્રેજ્યુએટ લોકોની નિયુક્તિના પરિણામોનો અંજામ જોયો હશે.

આ ઈતિહાસ ભારતના મુસ્લિમો, બલ્કે ગૈર મુસ્લિમો પણ જાણે છે કે ઈ.સ. ૧૮૫૭ના બળવા બાદ મોગલ બાદશાહોની પડતી પછી મસ્જિદો તથા મદ્રસાઓને આર્થિક સહાય બંધ થઈ ગઈ તો ઈસ્લામ ધર્મની સુરક્ષા અને વારસાગત ઈસ્લામી રસ્મોની સુરક્ષા તથા પ્રગતિનું કામ આ જ મસ્જિદો તથા મદ્રસાઓથી થયું છે અને આ જ ઈસ્લામી મદ્રસાઓના ઉસ્તાદો તથા તલ્બાઓના નિખાલસતાથી ભરપૂર જઝબાએ મસ્જિદોની ધાર્મિક આબરૂને યથાવત રાખી છે અને ઈ.સ. ૧૯૪૭માં આઝાદી પછી પણ આ જ મદ્રસાઓએ ઈસ્લામી ઈલ્મો, ઉર્દૂ ભાષા તથા ઈસ્લામી કલ્ચર અને મસ્જિદોની પ્રણાલિને સમતોલ રાખી છે. બલ્કે જ્યારે કાબેલ આલિમોએ ઈમામતના પદથી પોતાને દૂર રાખ્યા અથવા મજબૂરીના કારણે કોઈ મસ્જિદની ઈમામત કબૂલ કરી છે ત્યારે પણ આ જ મદ્રસાઓના તર્બિયત પામેલ (એમનાથી) ઓછી લાયકાતવાળા આલિમો અને હાફિઝોએ મામૂલી પગાર પર ઈમામતના પદને કબૂલ કરીને મસ્જિદો તથા કૌમની સુરક્ષા કરી છે અને આજે સામાન્યતઃ એવું ચાલે છે કે જે આલિમેદીનને કોઈ વ્યવસ્થિત દર્સગાહમાં યોગ્ય પગાર પર જગ્યા નથ મળતી તો એ ઈમામત કરે છે. આ સર્વ વાસ્તવિકતાઓને આપણે એ રીતે પણ દર્શાવી શકીએ છીએ કે આઝાદીથી પહેલાં અથવા

પછી ભારતમાં દિલ્હીની ખાનકાહો હેઠળ સ્થાપિત ધાર્મિક મદ્રસાઓ જેમ કે બરેલી શરીફ, રામપૂર, જોનપૂર, બનારસ, અઝીમાબાદ, પટના, મુર્શિદાબાદ, મુબારકપુર, મુરાદાબાદ અને શાહજહાંપુર જેવા મોટા શહેરોના ઈસ્લામી મદ્રસાઓ અને એમના ઉસ્તાદોએ જ ઈસ્લામી મદ્રસાઓની આબરૂ બચાવી છે અને મસ્જિદોની અઝમતને પાયમાલ થતી બચાવી છે, બલ્કે મસ્જિદો તથા મદ્રસાઓની વ્યવસ્થા કમિટીની મનમાની અને દુનિયવી ફાયદાઓની જંગમાં પણ પોતાની હેસિયતનો ખયાલ રાખ્યો છે એમાં અલ્લામા બદરુદ્દીન ગોરખપૂરી જેવી કેટલીયે શખ્સિયતો વર્ણવી શકાય છે કે જેમણે અમલીરૂપે મુસ્લિમ કૌમના આલિમોને એ તા'લીમ આપી કે ધાર્મિક મદ્રસાઓના ઉસ્તાદો અને મસ્જિદોના ઈમામોએ સરકારની આર્થિક ઈમદાદ એટલે કે તેમના પગારથી જોડાવવું પોતાને હુકૂમતના ભરોસે છોડવું છે જેનું સ્પષ્ટ પરિણામ ધાર્મિક મદ્રસાઓ અને મસ્જિદોની પવિત્રતાને પાયમાલ કરવી અને ઈસ્લામ ધર્મના પ્રચારકોના દિલોમાંથી દીનની ખિદમતના નિખાલસતાથી ભરપૂર જઝબાને ખત્મ કરવો છે.

આજે આપણે જોઈ રહ્યા છીએ કે ઉમ્મતે દા'વત તથા ઈજાબતના જે ધાર્મિક ખાદિમો સરકારી મદદ પામેલ મદ્રસાઓના સરકારી વેતનો પર તા'લીમના હેતુથી નિયુક્ત થયા, એમના દિલોએથી દિન પ્રતિ દિન ક્રમે ક્રમે ઉગતી પેઢીની તર્બિયતનો જઝબો ઠંડો પડી રહ્યો છે. અને બીજુ ભયાનક પરિણામ એ સામે આવ્યું કે આ ધર્મના રહબરોનો પબ્લિકથી સંબંધ તૂટી ગયો જેમનાથી દા'વત તથા તબ્લીગનો સંબંધ જોડાયેલ છે અને જેમના વાણી તથા વર્તનની સુધારણા પછી નેક તથા સુંદર સમાજની રચનાની તા'લીમ ઈસ્લામ આપે છે. અને સૌથી વધારે ભયાનક પરિણામ એ સામે આવ્યું કે આ દીનના રહબરોની ઔલાદ બુનિયાદી ધાર્મિક તા'લીમથી સંપૂર્ણ વંચિત થઈ, ઈંગ્લિશ મિડિયમ સ્કૂલોમાં શિક્ષણ પ્રાપ્ત કરી રહી છે. દુનિયવી કોલેજો, યુનિવર્સિટીઓ તથા સંસ્થાઓમાં પોતાની ઔલાદને શિક્ષણ અપાવવું કાંઈ ખોટુ નથી, પણ જે તા'લીમ તથા તર્બિયતના પ્રચાર માટે આપણી કોઈ સરકારી ઈમદાદ પામેલ મદ્રસામાં નિયુક્તિ થઈ છે તો કમસે કમ ઈસ્લામ ધર્મની બુનિયાદી તા'લીમથી પોતાની ઔલાદને પરિચિત કરવી અનિવાર્ય છે પણ મુસ્લિમ પબ્લિકથી ધાર્મિક ભાવના પર આધારિત મજબૂત પ્રણાલિગત સંબંધ તૂટી જવાથી અને સરકારી વેતન પામવાના અહેસાસે જેવી રીતે પગાર લેવાની પાયાની જિમ્મેદારીઓથી એમને (રહબરોને) ગાફેલ કરી દીધા છે તેવી જ રીતે એક બાપની ઔલાદની પરવરશિ સંબંધી જે ધાર્મિક જિમ્મેદારીઓ લાગુ પડે છે એનાથી પણ બેદરકાર તથા ગાફેલ કરી દીધા છે ! એટલા માટે **મર્કઝી મદ્રસા બોર્ડ** તથા **રાજ્ય મદ્રસા બોર્ડનો વિરોધ થઈ રહ્યો છે** અને સાચુ કહીએ તો આ વિરોધ કરવામાં યર્થાથતા તથા ધાર્મિક રીતે ફાયદો પણ છે જેને લઈને આ પ્રમાણેની સરકારી યોજનાઓ સફળ થઈ શક્તી નથી.

હમણા આપણી ચર્ચા વિચારણા મસ્જિદોના ઈમામો તથા મુઅઝ્ઝિનોના પગાર માટે સરકારથી ઈમદાદ પ્રાપ્ત કરવા વિશે છે. શક્ય છે કે અમારી અંગત સલાહથી કોઈને સહમતિ ન હોય પણ પરિણામો ઉપર તો બધા વિચારી શકે છે, અને અમે આ વિષય પર બધાને વિચારણા કરવાની દા'વત આપીએ છીએ કે જ્યારે મસ્જિદના ઈમામોને સરકારથી પગારરૂપે મદદ મળવા લાગશે તો પરિણામ શું આવશે ?! અમે જ્યાં સુધી વિચાર્યુ છે એનો સાર રજૂ કરીએ છીએ. પણ સૌથી પહેલાં ઈસ્લામી શરીઅતે ઈમામતના પદનો હક્કદાર કોને ઠરાવ્યો છે એને ધ્યાનમાં રાખો જેથી પરિણામ સુધી પહોંચવામાં સરળતા મળે.

ઈમામતનો હક્કદાર સૌથી વધુ મસલમાન,

અક્કલમંદ તથા બાલિગ છે જે પાકી, નાપાકી તથા નમાઝના મસાઈલ સૌથી વધારે જાણતો હોય. પછી એ વ્યક્તિ જે કુર્આનને શબ્દોના ઉચ્ચાર સાથે પઢતાં જાણતો હોય. અને જો એકથી અધિક લોકો આ ગુણોમાં સમાનતાવાળા હાજર હોય તો એ વ્યક્તિ ઈમામતને વધારે પાત્ર છે જે એમનામાં વધારે પરહેઝગાર હોય. અને જો પરહેઝગારીમાં પણ બધા બરાબર હોય તો એમાં વધારે ઉમરવાળો વધુ હક્કદાર છે. અને ઉમરવાળાઓમાં પણ એ વ્યક્તિ જેના અખ્લાક્ વધારે સારા હોય. અને જો બધા જ અખ્લાક્માં સારા હોય તો એ વ્યક્તિ જે તહજ્જુદની નમાઝ પાબંદીથી પઢતો હોય. સારાંશ કે એક ખૂબીના અમુક ઉમેદવારો હાજર હોય તો આ વર્ણન કરેલ ક્રમને ધ્યાનમાં રાખી શરીઅતની અગ્રતા જેને પ્રાપ્ત હશે એ જ નમાઝની ઈમામતનો વધારે હક્કદાર ઠરશે. *(દુર્રે મુખ્તાર)*

આ ઈસ્લામી શરીઅતનો સિદ્ધાંત છે, અને અમે હુકૂમતોથી મસ્જિદના ઈમામોને પગાર મળવાનું પરિણામ રજૂ કરતા પહેલાં પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરી દેવા માંગીએ છીએ કે મસ્જિદના ઈમામોના પગારોમાં વધારો આપણી કૌમે ઘણા પહેલેથી કરી દેવો જોઈએ કેમ કે એક ઈન્સાન હોવાની દષ્ટિએ કોઈ પણ ઈમામની જરૂરતનો ઈન્કાર નથી કરી શકાતો. પણ અફસોસનાક સંજોગો એ છે કે આજે જે લોકો મસ્જિદના ઈમામોની વકાલત કરી સરકારી ઈમદાદની માંગ કરી રહ્યા છે તેઓ પોતાની દરેક ધાર્મિક ખિદમત પર યોગ્ય બદલાની દલીલ આપવામાં મુખ્લિસ હોય છે જેને તેઓ પોતાની કૌમથી જ લેતા હોય છે ! પણ જ્યારે ઈમામોના પગારની વાત આવે છે તો સરકારી ઈમદાદની વકાલત કરે છે ! છેવટે જે કૌમ સુંદર આલીશાન (કરોડોની) મસ્જિદોના બાંધકામમાં દિલ ખોલીને મદદ કરી શકે છે તો એ જ કૌમ પોતાના ઈમામોના પગાર માટે આર્થિક મદદ આપવામાં કંજૂસ કેમ છે ?!

આપણે સંસ્કારિક અધોગતિના તથા ઈલ્મી પડતીના યુગમાં એ અકીદો પણ મજૂબત કરી લેવો જોઈએ કે ઈમામનો હોદ્દો કોઈ મામૂલી નથી. આ ખરેખરમાં અંબિયાએ કિરામ અને નબીઓના ખલીફાઓનો હોદ્દો છે. અને ઈસ્લામી ઈતિહાસ ઉઠાવીને જોઈ લો કે જે મુસલમાનોના ખલીફા હતા તેઓ ઈમામત કરતા હતા, બલ્કે ખુલફાએ રાશિદીનના દૌરમાં જે અમીરુલ મુ'મિનીન હતા તેઓ ઈમામતની ફર્ઝ નિભાવતા હતા અને કોઈ વેતન લેતા ન હતા, બલ્કે અન્ય જિમ્મેદારીઓને અંજામ આપવા પર જે વેતન મામૂલી મળતુ હતું એના પર જિંદગીનું ગુજરાન ચાલતુ હતું. અને આજે પણ એવા ઘણા દષ્ટાંતો મળી શકે છે કે વિના વેતને ઘણા આલિમો તથા હાફિઝો ઈમામત કરે છે. પણ આજે મસ્જિદોના મુતવલ્લીઓ પોતાના ઈમામ સાહબને કારોબારથી જોડવું એબદાર સમજે છે ! તો પછી એમણે જ પોતાના ઈમામની જરૂરતોનો ખયાલ રાખવો જોઈએ ! હા ! ઈમામ સાહબો અને એમના માટે સરકારથી પગારરૂપે આર્થિક સહાયની વકાલત કરતા આલિમોને અમે દરખાસ્ત કરીએ છીએ કે ખુદારા તમે પોતાની ખુદારીનો જનાઝો ન કાઢો, આપણી ધાર્મિક ખુદ્દારી જ ખરેખરમાં આપણી પૂંજી છે, અને ઈમામનો હોદ્દો તો ખુદ્દારીનો જ હોદ્દો છે જેને એ પૂર્વજ બુઝુર્ગોની અઝમતોથી સંબંધ છે કે જેમની દુનિયવી જરૂરતોએ એમની ખુદારીમાં કોઈપણ ફર્ક પેદા ન કર્યો.

આપણા ઈમામોને અમારી આ દરખાસ્ત ક્યાં સુધી યોગ્ય છે એનો ફેંસલો વાંચકો પર છોડીએ છીએ. હવે સરકારી ઈમદાદનાં પરિણામો રજૂ કરીએ છીએ જે અમારી વિચારણાનું પરિણામ છે :–

(૧) કોઈપણ પ્રકારની નોકરી તથા ખરાબ સંજોગોની પરવા કર્યા વિના મુસલમાનોનું માર્ગદર્શન

કરવું ઈમામનો ફર્ઝ છે, પણ જ્યારે સરકાર વેતન આપશે તો સરકારી પોલીસીઓનો ખયાલ જરૂર રાખવો પડશે, શક્ય છે કે જે હક્ક઼ને હક્ક઼ કહેવા અને બાતિલને બાતિલ કહેવામાં શરમ આવે, એ સમયે આપણો ઈમામ આપણુ માર્ગદર્શન ઓછુ અને સરકારની તરફદારી વધારે કરશે !

(૨) જેવી રીતે સરકારી ઈમદાદ પ્રાપ્ત કરતા ઈસ્લામી મદ્રસાઓના ઘણા ઉસ્તાદોનો સંબંધ ક઼ૌમથી તૂટી ગયો એવી જ રીતે મસ્જિદના ઈમામોનો પણ ક઼ૌમથી સંબંધ તૂટી જશે, જે સરાસર ધાર્મિક નુકસાન છે. કેમ કે એ સ્વભાવિક વાત છે કે આલિમો તથા ઈમામોનો પબ્લિકથી સંબંધ કમસે કમ એ છે કે આલિમો પબ્લિકની ધાર્મિક જરૂરતો પૂરી પાડે અને પબ્લિક મસ્જિદ–મદ્રસાઓની મદદને પોતાના માટે આખિરતનો સામાન સમજે.

(૩) જ્યારે પગાર સરકારથી મળશે તો શક્ય છે કે ઈમામો પોતાની નિખાલસ ધાર્મિક ખિદમતમાં સમયની પાબંદી જરૂરી ન સમજે, કારણ કે તેઓ હવે મસ્જિદની કમિટી સામે જવાબ આપવાથી ઘણી હદે આઝાદ થઈ ગયા ! તો પછી મસ્જિદોનું એ જ પરિણામ થશે જે સરકારી મદ્રસાઓનું છે કે મેનેજર તથા ઉસ્તાદોની જંગમાં ઘણા મદ્રસાઓનો પગાર બંધ છે અથવા અમુક ઉસ્તાદોનો પગાર ચાલુ છે અને બીજા ઉસ્તાદો કેસબાજીમાં પોતાની દૌલત તથા સમય વેડફે છે.

(૪) સૌથી વધારે ભયાનક પરિણામ ત્યારે સામે આવશે જ્યારે હુકૂમતથી આઠ અથવા દસ હજાર રૂપિયા વેતનરૂપે ઈમામને મળશે તો પછી એક મસ્જિદ માટે કેટલાય ઉમેદવારો ઈમામ બનવાના (ગવર્નમેન્ટ સરવન્ટ થવાના) પ્રયત્નો કરશે ! જેને લીધે લાંચ રિશ્વતનું ચલણ પ્રચલિત થવું સામાન્ય વાત છે અને દરેક વ્યક્તિ (ભલે ને ઈમામતના લાયક ન હોય) આ હોદ્દાને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરશે ! હવે બતાવો કે મસ્જિદની પવિત્રતાની પાયમાલીનું આનાથી વધુ ભયાનક શું અંજામ થઈ શકે છે કે ફાસિક઼ ફાજિર દુનિયાદાર ઈમામો હશે. આ જ દશા સરકારી મદ્રસાઓમાં પણ છે જેમાં આલિમ, ફાઝિલ અને કામિલની ડિગ્રીઓવાળા દુનિયાદાર નિયુક્ત છે, જેમાં એવા પણ છે કે જેમને પોતાની ડિગ્રીની ઉર્દૂ જોડણી પણ લખતાં બરાબર આવડતુ નથી ! હવે બતાવો ! આવા ઉસ્તાદો પોતાની ક઼ૌમના બાળકોને શું જ્ઞાન તથા તા'લીમ આપશે ?!

(૫) ત્યાર પછી હિફ્ઝ, આલિમિયત તથા ફઝીલતની બનાવટી સનદોનો સહારો લેવામાં આવશે, જેને લીધે કેટલાય અપાત્ર લાગવગ કરી આ મહાન હોદ્દાને પ્રાપ્ત કરવાના પ્રયત્નોમાં સફળ થશે. જેમ કે કલકત્તામાં ગવર્નમેન્ટ થકી એક હજાર માસિક પગારના એલાનમાં પણ એવું થયું છે ! જ્યારે આ બધુ થશે તો નિયુક્તિ માટેની ભલામણ માટે રાજકરણીય નેતાઓનો દખલ પણ મસ્જિદના ઈન્તિજામમાં થઈ જશે ! અને રાજકરણીઓએ એક સદી પહેલાં ગાંધીજીને મિમ્બર પર બેસાડી ''મહાત્મા''નો ખિતાબ (લક઼બ) આપીને, આપણને આ પાઠ પહેલાં જ ભણાવી દીધો છે કે અમે શું કરી શકીએ છીએ !

(૬) જ્યારે એક મસ્જિદમાં એક જગ્યા માટે ઘણા ઉમેદવારો હશે તો સામાન્ય વાત છે કે ઈમામોમાં દુશ્મની તથા વેર જન્મ લેશે ! જેમ કે ઘણા સરકારી મદ્રસાઓના હવાલાથી તમને ખબર હશે કે એક પ્રિન્સિપલના પદ માટે બે દાવેદારો વચ્ચે લડાઈ થતાં મદ્રસાથી તા'લીમનો જનાઝો નીકળી ગયો !

(૭) ઈમામતનો હોદ્દો, ઈમાનદારી તથા ખુદ્દારીનો તકાઝો કરે છે, પણ જ્યારે હુકૂમત પગાર આપવામાં વિલંબ કરશે અથવા કોઈ કારણસર કોઈ મસ્જિદના ઈમામના પગાર પર રોક લગાડશે તો પછી ખુદ્દારી તથા ઈમાનદારીનો જનાઝો રેલી પ્રદર્શન

વગેરે થકી ઉઠતો દુનિયા જોશે ! કેમ કે હુકૂમતો અહીંયાં બદલાતી રહે છે, ક્યારેક એક પાર્ટીની હુકૂમત પોતાની આગવી પોલિસી મુજબ બીજીની મંજૂર કરેલ યોજનાઓ પર બદલાની ભાવનાથી રોક લગાડે છે. અને જ્યારે લોકો વિરોધ કરે છે તો એમના પર લાઠીચાર્જ કરવામાં આવે છે. આવા સમયે સરકારી પગારો બંધ કરવાના કારણે જો આ ઘટના સર્જાયી તો બધી ઈમાનદારી તથા ખુદ્દારીનો જનાઝો એક પળમાં નીકળી જશે ! પછી શું થશે ખબર છે ?! ઈમામ સાહબ ન ઘરના રહ્યા ન ઘાટના. જ્યારે હુકૂમત પગાર પર રોક લગાડશે તો મુકતદીઓ હાથ ઉઠાવી લેશે કે હુકૂમતથી લો ! હવે એમની વાણી પણ બદલાઈ જશે કે પહેલા "લીજીએ" અને "લો" બોલનારા બાઅદબ મુકતદી "લે" અને "લે"ની તોછડી ભાષા વાપરશે.

(૮) એક અંજામ એ પણ ધ્યાનમાં રાખો કે જ્યારે ઈમામ સાહબો પોતાને હુકૂમતના નોકર સમજવા લાગશે તો સરકારી રજાઓની માંગ કરશે જેથી સર્વ રજાઓમાં એમની આ ધાર્મિક ખિદમત કોઈ સ્થાનિક નિખાલસ વ્યક્તિ અંજામ આપશે કે જે મહોલ્લાનો નમાઝી હશે અને ઈમામ સાહબ આઝાદ ફરશે !

આ બલાએ સરકારી મદ્રસાઓની તા'લીમી વ્યવસ્થાને ખોખરી કરી નાખી છે. અંદાઝો કરો કે જે ઉલમાએ કિરામ એવો સબક઼ આપ્યા કરતા હતા કે એક દિવસનો સબક઼ છોડવાથી ચાલીસ દિવસની બરકત ચાલી જાય છે, તેઓ જ રાહ જુએ છે કે ક્યારે ચાલીસ દિવસની બરકતને ભંગ કરવાનો (રજાનો) દિવસ આવે ?! ખુદા ખૈર ફર્માવે !

(૯) એક સમસ્યા એ પણ ઊભી થશે કે જ્યારે હુકૂમત પગાર આપશે તો પછી ઈમામો તથા મુઅઝ્ઝિનોના સમયની પાબંદીની દેખરેખ કરનાર કોણ હશે ? મસ્જિદની કમિટીની હૈસિયત માત્ર પાણી, વીજળી અને સફાઈ વગેરે બંદોબસ્તની રહી જશે. ભલે ! આ તો કાંઈક હદ સુધી ઠીક છે પણ જ્યારે વક઼ફ બોર્ડ અથવા હુકૂમતથી ડાયરેક્ટ પગાર મળવાને બદલે મસ્જિદની કમિટીઓ મારફતે પગાર મળશે તો પછી જેવી રીતે કમિટી અને ઈમામ વચ્ચે તણાવ શરૂ થશે તેવી જ રીતે હુકૂમતના કર્મચારીઓ અને કમિટી વચ્ચે હિસાબ કિતાબમાં ભ્રષ્ટાચાર પણ ખડો થશે ! અને અંતે કેસબાજી શરૂ થશે.

(૧૦) હુકૂમતથી પગાર મળવાની સ્થિતિમાં ક્યારેક એવા પ્રસંગો બની શકે છે કે મસ્જિદના મિમ્બરથી રાજકરણીય લોકોના એલાનો થવા લાગે. કેમ કે જે સત્તાધારી પાર્ટીની હુકૂમત હશે, મુલાઝિમ ઈમામો એ જ પાર્ટીની હુકૂમતના પગારદાર હશે, અને એમાં કોઈ શંકા નથી કે પછી સત્તાધારી પાર્ટીના સમર્થનમાં બયાનો કરવાં પડશે ! અને વર્તમાન પત્રોમાં એમના ટેકામાં બયાનો પ્રસિદ્ધ થવા લાગશે, જેથી બીજી પાર્ટીના સમર્થક મુકતદીઓ ઈમામનો વિરોધ કરશે ! હવે શું થશે ? તમે વિચારો ?!

અમે પોતાની બિનઅનુભવી તથા સંક્ષિપ્ત જિંદગીના ઉતાર ચઢાવ જોયા છે અને એની સંપૂર્ણ દાસ્તાન નહીં પણ આ વિષય પર અમારા એહસાસોની એક ઝલક તો તમે જરૂર જોઈ લીધી હશે, અને તમે અનુભૂતિ કરી હશે કે અમારા શબ્દોમાં નિખાલસતા છે કે માત્ર લેખનકળા. જો તમે ખરેખર એ જ મહેસૂસ કર્યું જે અમે મહેસૂસ કરી રહ્યા છીએ તો કદાચ તમે પોતાના ઈમામ સાહબોની અગત્યની જરૂરતોને જોતાં એમના સારા પગાર માટે પ્રયત્નો કરશો અને પછી એમનાથી સંબોધિત થઈ આ કહેવાનો હક્ક઼ ધરાવશો કે :–

**મુઝે રહઝનોં સે ગર્ઝ નહીં,**
**તેરી રહબરી કા સવાલ હૈ**

*–(કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી, મે–૨૦૧૩)*

# વહાબીના મોઢા પર એક જોરદાર તમાચો !

કાર્યાલય

સીરીયા (શામ)ની બિશાર હુકૂમત વિરૂદ્ધ અમેરિકી સમર્થન પામેલ બાગી પાર્ટી ફ્રી સયરીન આર્મી એ પાર્ટી છે જેઓ ૨–મે–૨૦૧૩ જુમેરાતે દમાસ્કાસની નજીક ઉઝરા સ્થળે આવેલ સહાબીએ રસૂલ હઝરત હજર અદી رضی اللہ عنہના મઝાર મુબારકને તોડી પાડીને જમીનથી ખોદીને એમાંથી એ સહાબીએ રસૂલના શરીર મુબારકને પણ લઈ ગયા. જેને પાછળથી મેળવી લેવામાં આવેલું.

આઈ. આર. આઈ. બી.ની માહિતી પ્રમાણે ઈમાન અફરોઝ ખુશ ખબર એ છે કે ૧૪૦૦ વરસ પછી આ સહાબીએ રસૂલનું શરીર મુબારક સહી સલામત મળ્યું છે જેનાથી ઈમાનવાળાઓની આંખો ઠંડી થઈ ગઈ છે અને અલ્લાહવાળાઓના શરીર કબ્રોમાં પણ સડતાં કોહવાતાં નથી એવો અકીદો રાખનારા તમામ મુસલમાનોના ઈમાન તથા અકીદામાં અધિક મજબૂતી થઈ છે. આ સહાબીએ રસૂલ હઝરત હજર બિન અદી رضی اللہ عنہ અરબના કબીલા કંદીથી સંબંધ ધરાવે છે જે યમની કબીલાની એક શાખા છે. હઝરત હજર બિન અદી رضی اللہ عنہએ પોતાના મોટાભાઈ હઝરત હાની બિન અદી رضی اللہ عنہની સાથે મદીના શરીફમાં બારગાહે રસૂલમાં હાજર થઈને ઈસ્લામ કબૂલ કર્યો હતો. આપની ગણના પયગંબરે ઈસ્લામ صلی اللہ علیہ وسلمના ફાઝિલ સહાબીઓમાં થતી હતી.

આશ્ચર્યની તથા સમજ કેળવવાની અને આંખો ખોલવાની, દુશ્મનોને ઓળખવાની વાત એ છે કે આટલા મહાન સહાબીએ રસૂલની કબ્ર મુબારકને તોડી ખોદી કાઢવાની ખબરને પશ્ચિમી મીડિયા સહિત અરબ તથા ખાડી પ્રદેશના મીડિયાએ પણ હજી સુધી પર્દામાં રાખી છે ! અને અરબ દેશો તરફથી એક સહાબીએ રસૂલની કબરને ખોદી કાઢવા તથા શરીર મુબારક કાઢી જવા પર પણ (અગાઉના બનાવો જેમ) કોઈ પ્રત્યાઘાત દર્શાવાયા નથી ! હિંદુસ્તાનના ધોકાબાઝ વહાબીઓ જેઓ દિલ્હી રામલીલા મેદાનમાં ''અઝમતે સહાબા''ના નામ પર કોન્ફ્રન્સ કરે છે આ મુનાફિકો પણ ખામોશ રહીને પોતાનો અસલ ચેહરો પ્રગટ કરી રહ્યા છે. બસ ! કેવળ સોશયલ મીડિયાના થકી ઈમાનવાળા લોકો તેમજ માનવ અધિકારવાળાઓએ તોડી પડાયેલ મઝાર તથા ખોદી નાખેલ કબરના ફોટા એકબીજાને મોકલીને આ સમાચારને ફેલાવ્યા છે. *(કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી, મે–૨૦૧૩)*

બીજી અફસોસની વાત એ કે યૂ ટયુબ પર એક ટૂંકી દાઢીવાળો ફોટો દર્શાવી પ્રો. તાહિર કાદરી પાકિસ્તાનીના ચાહકો હજી પણ પ્રો. તાહિરને વિવિધ ક્ષેત્રે આટલી પછડાટો ખાધા પછી પણ હક્ક પર દર્શાવવાની ફિકરમાં છે. તેમણે સહાબીએ રસૂલની લાશ મુબારક ઝિંદા માનવ જેમ સલામત નીકળી તે વાતથી વહાબી અકીદાનો ''નબી મરીને માટીમાં મળી ગયા'' વાળા અકીદાને રદિયો ન આપ્યો ! તે ન સૂઝયુ અને કોઈ સાચી જૂઠી તસ્વીરના સહારે પ્રો. તાહિરને તારવા નીકળી પડયા ! અફસોસ ! એ તસ્વીર તથા ટૂંકી દાઢી બાબતે અનેક સવાલો થઈ શકે છે પણ એમને કોણ સમજાવે, બસ ! ખુદા જ આ મિત્રોને હિદાયત બખ્શે કે શરીઅતના અસલ હુકમોને અનુસરે. વમા તૌફીકી ઈલ્લાબિલ્લાહ !

**ગોંડલ** : ના સામાજિક કાર્યકર હારૂનભાઈ કાઝીના એહલિયા મર્હૂમા રોશનબેન હારૂનભાઈ કાઝી ૬૧ વર્ષની વયે તા. ૧૦–૪–૨૦૧૩ બુધવારના રોજ ઈન્તેકાલ ફર્માવી ગયાં. તેમની મૈયતમાં બહોળી સંખ્યામાં માણસો જોડાયા હતા. દુઆ કરીએ કે અલ્લાહ પાક મર્હૂમાને જન્નતુલ ફિરદૌસ અતા ફર્માવે. આમીન

## બરકાતે ખ્વાજાની ટપાલ......કાર્યાલય

### ★ શાદી મુબારક ! ★

**નાપા** : તા. જિ. આણંદ, ખાતે હઝરત સૈયદ અબ્દુલક઼ાદર અહમદહુસૈન બાપુના નેક ફરઝંદ મુહમ્મદ રિઝવાનની નિકાહખ્વાની તા. ૧૮–૪–૨૦૧૩ જુમેરાતે ૧૧ વાગ્યે સૈયદવાડ આંકલવ ખાતે સૈયદ ઐયૂબમુહમ્મદ અબ્દુર્રઝ્ઝાક પીરઝાદાની નેક દુખ્તર શાહીનબાનુ સાથે રાખવામાં આવી.

**વડુ** : તા. પાદરા ખાતે સૈયદ ઝયનુદ્દીન હુસૈનિમિયાંની નેક દુખ્તર રૂબીનાબાનુની નિકાહખ્વાની વહેરાખાડી નિવાસી સૈયદ મનવરઅલીના નેક ફરઝંદ ઈમ્તિયાઝ અલી સાથે તા. ૬–૫–૨૦૧૩ સોમવાર ઝહોરબાદ રાખવામાં આવી.

**સૂરત** : ખાતે જનાબ મુહમ્મદ ફુર્કાન અબ્દુર્રઝઝાક ગોડીલની નેક દુખ્તર આઈશાના નિકાહ અડાજણ પાટીયા, આરિફિયા મસ્જિદ ખાતે તા. ૧૦–૫–૨૦૧૩, ૨૯–જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૪ જુમ્આની નમાઝ બાદ હાજી નક઼ીબ હાજી આરિફ નૂરાનીના નેક ફરઝંદ નઝર નવાઝ સાથે રાખવામાં આવ્યા.

**દહેગામ** : (તા. જંબુસર) ખાતે હાજી ઈસ્માઈલ ગુલામરસૂલ ગુલના નેક ફરઝંદ હાફેઝ મુહમ્મદની નિકાહખ્વાની તા. ૧૧–૫–૨૦૧૩, ૩૦–જમા. આખર હિ.સ. ૧૪૩૪ શનિવારે ઝહોર બાદ દહેગામના રહેવાસી ઉમર ગુલામ રસૂલ ચોકસીની નેકદુખ્તર અનીસાબાનુ સાથે રાખવામાં આવી.

**ભરૂચ** : (શાહીન એવન્યુ) જનાબ હાફેઝ સિરાજ સાંપાવાળાના નેક ફરઝંદ ડો. સોહેલ (BPT)ની નિકાહખ્વાની તા. ૧૨–૫–૨૦૧૩ રવિવારે નંદેલાવ–ગરીબ નવાઝ સોસાયટી ખાતે માસ્ટર સઈદ મૂસા પટેલની નેક દુખ્તર ડો. મેઅરાજબાનુ સાથે રાખવામાં આવી.

**કાવી** : ખાતે સૈયદ મુશ્તાકઅલી કરમઅલીની નેક દુખ્તર નજફબાનુની નિકાહખ્વાની વડોદરા નિવાસી મર્હૂમ સૈયદ મુમતાજઅલીના નેક ફરઝંદ ઝાકિરઅલી સાથે તા. ૧૨–૫–૨૦૧૩, ૨–રજબ હિ.સ. ૧૪૩૪ રવિવારે ઝહોરબાદ રાખવામાં આવી.

**અહમદાબાદ** : (સરખેજ હાઈવે) ખાતે પીરે તરીક઼ત હઝરત સફીયુલ્લાહબાવા એફ. દરિયાઈ અશરફીની નેક દુખ્તર ઝકિય્યહબીબી ઉર્ફ તોહાબીબીની નિકાહખ્વાની સૈયદ અઝીમુદ્દીન (S/o. સૈયદ મહમૂદમિયાં પીરઝાદા દરિયાઈ, અશરફી)ની સાથે તા. ૧૯–૫–૨૦૧૩, ૮–રજબ હિ.સ. ૧૪૩૪, રવિવવારે રાખવામાં આવી.

**ભરૂચ** : (વસીલા સોસાયટી) ખાતે જનાબ ખીલજી શૌકતભાઈ અબ્દુલ્લાહના નેક ફરઝંદ ઈમરાનની શાદી વડોદરા તાંદલજા નિવાસી યૂનુસ અબ્દુલ પટેલની નેક દુખ્તર સાયમાબાનુ સાથે વડોદરા મુક઼ામે તા. ૨૦–૫–૨૦૧૩ સોમવારે રાખવામાં આવી. બીજા દિવાસે ભરૂચ મુક઼ામે વલીમો રાખવામાં આવી.

**રોઝાટંકારીઆ** : (તા. આમોદ) ખાતે હનીફ ઈસ્માઈલ ઢીલ્યાની નેક દુખ્તર મહેઝબીનની નિકાહખ્વાની રોઝાટંકારીઆ નિવાસી મહેબૂબ હાજી હસન દેસાઈના નેક ફરઝંદ મુહમ્મદસદ્દામ સાથે તા. ૨૬–૫–૨૦૧૩, ૧૫–રજબ હિ.સ. ૧૪૩૪ રવિવારે રાખવામાં આવી.

**પોરબંદર** : ખાતે હાજી સિકંદર અબૂબકર ગીગાની નૂરીની નેક દુખ્તર હજીયાણી તાહેરાબાનુના નિકાહ હાજી મુહમ્મદ સિદ્દીક઼ મૂસા (છાયા : પોરબંદર)ના નેક ફરઝંદ મુહમ્મદ ઈદ્રીસ સાથે તા. ૩–જૂન ૨૦૧૩, ૨૩–રજબ હિ.સ. ૧૪૩૪ સોમવારે રાખવામાં આવ્યા.

ઉપરોક્ત સર્વ દુલ્હા દુલ્હનો તેમજ તેમનાં કુટુંબીજનો સગાંઓને ખૂબ ખૂબ મુબારકબાદ

પાઠવીએ છીએ. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સર્વ જોડાંઓ તથા ઘરવાળાઓને ઈમાન તથા ઈસ્લામ પર કાયમ રાખે અને તેમને નેક ઈમાનદાર ઔલાદો અતા કરે અને સૌને દુનિયા તથા આખેરતમાં ખુશ રાખે અને કામયાબ બનાવે. આમીન *–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**બોલ્ટન** : મર્હૂમ હાફિઝ અબ્દુલ્લાહ કોલવણાવાળા જેમણે દારુલ ઉલૂમ શાહે આલમમાં કારી હાફિઝની સનદ મેળવી હતી અને કંબોલીમાં વરસો સુધી ઈમામત કર્યા બાદ યુ.કે.માં જઈ લેંકાસ્ટર, બ્રેડફોર્ડ વગેરેમાં ખિદમત આપી. છેવટે બોલ્ટન નૂરુલ ઈસ્લામમાં હિફ્ઝ કલાસ પઢાવતા હતા. નમાઝના પાબંદ તહજ્જુદ ગુઝાર નેક સીરત હતા. પીરે તરીકત હઝરત સૈયદ નૂરાનીબાવા પેટલાદવાળાના મુરીદ હતા. તેમના સવાબ અર્થે રૂા. ૨૦૦૦/– લિલ્લાહ તથા રૂા. ૫૦૦૦/– ફિદિયાના તેમની ફેમેલી તરફથી "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"ને મળ્યા છે. જઝાકલ્લાહ! મૌલા તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની ખિદમતોને કબૂલ ફર્માવે, તથા મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનો, સગાં, શાગિર્દોને સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**લુસાકા** : જાંબિયા ખાતે સાબિર સીરાજ પટેલ સેગવાવાળા (હાજી અબ્દુલ્લાહભાઈ મીમના નવાસા)નો અકસ્માતે કેવળ ૨૦ વરસની ઉમરમાં યુવાન વયે દુઃખદ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તમામ મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુંટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી :*

**ખોજબલ** : ખાતે જનાબ અબ્બાસભાઈ સૂફીના વાલિદ મુહમ્મદ યૂસુફ સૂફી તા. ૨૫–૪–૨૦૧૩ જુમેરાતે ઈન્તેકાલ કરી ગયા છે જેમની દફનવિધિ ઈશા બાદ રાખવામાં આવી. તા. ૫–૬–૨૦૧૩ના રોજ ચાલીસાના ફાતિહા રાખ્યા છે જેમાં આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) સવારે દસ વાગ્યે મસ્જિદે ખોજબલમાં બયાન ફર્માવશે.

**ડભોઈ** : જનાબ ઈબ્રાહીમભાઈ ખત્રીના વાલિદ સાહબ મર્હૂમ હાજી સુલ્તાનજી ઈસ્હાકજી ખત્રી "ડભોઈ ઈદે મીલાદ કમિટી"ના ૧૯૯૨થી પ્રમુખ રહ્યા હતા. અન્ય સામાજિક સંસ્થાઓમાં પણ તેમની સેવાઓ છે. ૮૩ વરસની વયે તા. ૨૧–૪–૨૦૧૩ રવિવારે આપનો ઈન્તેકાલ થઈ ગયો છે. જેમના ઈસાલે સવાબ અર્થે "બરકાતે ખ્વાજા" (મંથલી)ને રૂા. ૩૦૦ મળ્યા છે. જઝાકલ્લાહ !

**દયાદરા** : ખાતે જનાબ ઈસ્માઈલ ઈસા સાલેહનો લગભગ સાઈઠ વરસની વયે તા. રવિવાર ૨૧–૪–૨૦૧૩ના રોજ ઈન્તેકાલ થયો છે. સોમવારે સવારમાં મર્હૂમની દફનવિધિ થઈ હતી. મર્હૂમ નૂરી જલસા કમિટી તથા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને સતત સહાય કર્યા કરતા હતા. દીની જલસામાં નઝરાણાનો તોહફો હમેશાં આપતા રહેતા હતા. રબ તઆલા મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે જનાબ અબ્દુલ્લાહ ખાન કંડકટરના યુવાન ફરઝંદ ઈકબાલનો તા. ૨૮–૪–૨૦૧૩ રવિવારના રોજ રોડ અકસ્માતમાં દુઃખદ ઈન્તેકાલ થયો છે. સોમવારે સવારમાં મર્હૂમની દફનવિધ થઈ હતી.

**દયાદરા** : ખાતે ચાંદ શેઠ કાકા તા. ૨૯–૪–૨૦૧૩ના રોજ ઈન્તેકાલ કરી ગયા જેમની

દફનવિધિ ઈશા બાદ રાખવામાં આવી.

**દયાદરા** : ખાતે જનાબ ઉસ્માન ગની ખાન (હેપ્પી ગારમેન્ટવાળા)ના વાલિદ સાહબ ઈબ્રાહીમ અહમદ ખાન ૮૨ વરસની વયે તા. ૧૩–૫–૨૦૧૩ સોમવારે ઈશા બાદ ઈન્તેકાલ કરી ગયા જેમની દફનવિધિ મંગળવારે સવારના ૧૦ વાગે રાખવામાં આવી હતી. મર્હૂમના સવાબ અર્થે ઉસ્માનભાઈ ખાન તરફથી રૂા. ૧૦૦૦/– અંજુમને રઝાએ મુસ્તફાને કિતાબો છપાવવા મળ્યા છે. અલ્લાહ તઆલા કબૂલ ફર્માવે અને મર્હૂમની મગફેરત ફર્માવે.

**દયાદરા** : ખાતે જનાબ અલી ઈસપ બરેડીયાનો ઈન્તેકાલ તા. ૧૩–૫–૨૦૧૩ સોમવારે થયો જેમની દફનવિધિ ૧૪–૫–૨૦૧૩ના સવારે નવ વાગે કરવામાં આવી.

**વોરાસમની** : ખાતે મર્હૂમા આઈશા D/o. યૂસફ માલજીનો ઈન્તેકાલ તા. ૧૬–૫–૨૦૧૩ના રોજ થઈ ગયો છે જેમની દફનવિધિ મગરિબ બાદ વોરાસમની કબ્રસ્તાનમાં થઈ હતી.

**દયાદરા** : ખાતે મર્હૂમ આદમભાઈ ગીધાનાં અહલિયા બીબીબેન ગીધા (અ. રશીદભાઈ બોરડીવાલાનાં માસી)નો ઈન્તેકાલ તા. ૧૭–૫–૨૦૧૩ને જુમ્આના રોજ થયો હતો. સવારે નવ વાગ્યે દફનવિધિ થઈ હતી.

**ભોજ** : (તા. પાદરા)થી ઈરફાનભાઈએ તેમના મર્હૂમાના સવાબ અર્થે રૂા. ૬૦૦ અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને મોકલ્યા છે. જઝાકલલહ અલ્લાહ તઆલા કબૂલ ફર્માવે અને મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે.
*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

રબ્બે કરીમ ઉપર દર્શાવેલ સર્વ મર્હૂમોની મગફેરત ફર્માવે, તેમના સર્વ નાના મોટા ગુનાહોને માફ ફર્માવે, કબ્ર, હશ્ર, જહન્નમના અઝાબથી બચાવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમો માટે **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"** ખાતે કુર્આન ખ્વાની સાથે દુઆ ગુજારવામાં આવી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કોડીનાર** : ખાતે હઝરત સૈયદના સરકાર રિઝકુલ્લાહશાહ બાબા رحمۃ اللہ علیہના લાડલા ફરઝંદ જાનશીન હઝરત સૈયદ દાદામિયાં બાપુ કાદરી رحمۃ اللہ علیہના અહલિયા મોહતરમા ઝાહિદા તાહિરા પીરાની અમ્મા સૈયદા મરયમ માંનો رضی اللہ عنہا ૧૧ જમા. અવ્વલ હિ.સ. ૧૪૩૪, તા. ૨૪–૩–૨૦૧૩ના રોજ સવારે ૧૧ વાગ્યે ઈન્તેકાલ થયો. આ ગમનાક સમાચારની ખબર ફેલાતાં આશિકો મુરીદો દફનવિધિ માટે પહોંચી ગયા. રાતે ૧૧ વાગ્યે મર્હૂમાની દફનવિધિ આસ્તાના રિઝકુલ્લાહશાહમાં હઝરત સૈયદ દાદાબાપુ رحمۃ اللہ علیہની નજીક દફન થયાં. આપના નવાસા મૌલાના સૈયદ મુહમ્મદબાપુએ નમાઝે જનાઝા પઢાવી. ખલીફા તાજુશ્શરીઆ સૈયદ સઆદતઅલી તથા દાદાબાપુ (જાફરાબાદ)એ દુઆઓ ગુઝારી. ચહેલૂમ ૩–૫–૨૦૧૩ના રોજ આસ્તાના પર રાખવામાં આવેલ છે. *–રજૂ. મુહમ્મદ જુનૈદ અઝહરી (પોરબંદર)*


**સુન્ની મુસ્લિમ ઓન લાઈન મેરેજ બ્યુરો**

**શું આપ લગ્ન અંગે વિચારી રહ્યા છો ?**

**રજીસ્ટ્રેશન ફ્રી !**

**તો સરળ અને બહોળી પસંદગી ફક્ત આંગળીની ક્લીક ઉપર તો લોગ ઈન કરો :–**

**www.sunnimuslimshaadi.com**


***ચેતવણી*** *: મેરેજ બ્યૂરોની જાહેરાતોમાં સામાપક્ષે સુન્ની હોવાની ખાત્રી તાકીદે જાતે કરી લેવી. –તંત્રી*

### ★ બોડેલીમાં જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ ★

**બોડેલી** : (જિ. વડોદરા) અલીપુરા, એસ.ટી. ડેપો પાછળ મસ્જિદે અહમદી પાસે તા. ૨૧–૪–૨૦૧૩ બાદ નમાઝે ઈશા "જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ" رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં સૈયદ હસનઅલી બાપુ હરવાંટવાળાની સદારતમાં યોજ્યો હતો. ઉપરાંત સૈયદ બાકરઅલી બાપુ (ખલીફએ શૈખુલ ઈસ્લામ) તથા નઅતખ્વાની સુલ્તાન રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) અને બોડેલી, ડભોઈ, પાવીજેતપુરથી ઉલમાએ કિરામ, સાદાતે કિરામની હાજરીમાં ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત, મૌલાના સૈયદ અમીનઅલી કાદરીએ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની સીરતે પાક ઉપર ખૂબ જ ઈસ્લાહી બયાન કર્યું હતું. છેવટે દુઆ સૈયદ સુબ્હાનીમિયાં રાજપીપલાએ કરી. જલ્સો પૂરો કરવામાં આવ્યો.

*–ખત્રી મુહંમદ અલી આઈ. વડદલાવાળા (બોડેલી)*

**ખુશખબરી** : શહનશાહે ગુજરાત ષાનીએ ગૌષે આ'ઝમ હઝરત ખ્વાજામિયાં મહેમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ કે આશિકોં કો ખાનદાને દરિયાઈ દુલ્હા કી તરફ સે ખબર દેનેમેં બડી મસર્રત હાસિલ હો રહી હૈ કે ષાનીએ બગદાદ બીરપૂર શરીફ મેં અલ્હમ્દુલિલ્લાહ ! હર મહીને ચાંદ કી ૧૧ તારીખ કો બડ઼ી હી શાનો શૌકત કે સાથ ૧૧ વીં શરીફ મનાઈ જાતી હૈ. ઐસે પૂરનૂર આલમમેં સરકાર દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ કે સદકામેં દુઆએં કી જાતી હૈં. સાથ તમામી આશિકાંને હઝરત ખ્વાજામિયાં મહેમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہસે ઈલ્તિજા હૈ કે હર મહીને ચાંદ કી ૧૧ તારીખ કો ષાનીએ બગદાદ બીરપૂર કી સરઝમીં પર તશરીફ લાકર સરકાર દરિયાઈ દુલ્હા કે ફુયૂઝો બરકાત સે ફૈઝયાબ હો જાયેં.

લિ. **સજ્જાદાનશીં આલિમો ફાઝિલ પીર સૈયદ નસીરુદ્દીનબાવા દરિયાઈ**
*(ખલીફએ મુફતીએ ગુજરાત પીર સૈયદ કમરુદ્દીનબાવા દરિયાઈ)*


**ગૌષિયા તકવીમ લેમિનેટેડ**
(કેલેન્ડર ટાઈપ)
*નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૨૦૦/–** ઠે. રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે**

## કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન *(ગુજરાતી તર્જુમા સાથે)*

તદ્દન નવી આવૃત્તિ

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૩૫૦/– (રજીસ્ટર્ડથી ટપાલ ખર્ચ રૂા.૩૦ અલગ)
**પ્રકાશકો તથા પ્રાપ્તિ સ્થાન :–**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨–૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**સૈયદ અમીનઅલી ક઼ાદરીનાં બયાનો** *(નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)*

તા. ૫–૫–૨૦૧૩ રવિવારે પીપળીયા (તા. વાગરા) મુક઼ામે "જશ્ને ગરીબ નવાઝ" શાનો શૌકતથી મનાવાયો જેમાં આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ખ્વાજા સાહબના કમાલાતની સાથોસાથ ખ્વાજા સાહબની આશિક઼ીનો સાચો માર્ગ સમજાવી ખ્વાજા સાહબના નક઼્શે ક઼દમ પર ચાલવા અસરકારક બયાન કર્યું હતું. એ પહેલાં તા. ૫–૫–૨૦૧૩ ના રોજ નાપા મુક઼ામે, તા. ૬ અને ૭ ના રોજ મથુરા શહેર પહોંચ્યા જ્યાં આપનાં બયાનોનો જાણે જાદૂ છવાયો હતો. તા. ૮–૫–૨૦૧૩ના રોજ લક્ષ્મીનગર ભરૂચ ખાતે ખલીફાએ અવ્વલ હઝરત સિદ્દીક઼ અકબર رضی اللہ عنہની શાનમાં અસરકારક બયાન ફર્માવ્યું હતું. છેવટે જંબુસર મુક઼ામે ઘાંચીવાડ નૂરી મસ્જિદ પાસે સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા થયો જેમાં ઈબ્રતનાક ઈસ્લાહી બયાન કર્યું હતું. તા. ૧૮–૫–૨૦૧૩ના રોજ ઈડર ખાતે પણ આપનું રૂહાની નૂરાની બયાન થયું હતું.

## ★ મદ્રસા માટે અપીલ ! ★

**મદ્રસાએ ક઼ાદરીયા,** મુા. લાઠોદરા, તા. માંગરોળ, જિ. જુનાગઢનું બાંધકામ ચાલુ છે. અહીં નાનુ ગામડુ છે વસ્તી મોટા ભાગે ગરીબ લોકોની છે તો આવી જગાએ ઈલ્મે દીન શીખતા બાળકો માટે મદ્રસાના બાંધકામમાં લગભગ રૂા. ૫૦ હજારથી એકલાખ જેવી ઈમદાદની જરૂરત છે તો સખીદાતાઓ જરૂરથી ધ્યાન કરે. સંપર્ક કરો : મો. ૯૬૩૮૦૦૮૬૬૨ અથવા મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કેસરા** : તા. મહેમદાવાદ, જિ. ખેડા ખાતે તા. ૬–૩–૨૦૧૩ના રોજ હઝરત સૈયદ દાદામિયાંબાપુ સાવરકુંડલાવાળા તથા અન્ય આલિમો, મશાઈખની હાજરીમાં મસ્જિદે હયાતુન્નબી (صلی اللہ علیہ وسلم)ની સંગે બુન્યાદનો પ્રોગ્રામ થયો હતો. મસ્જિદનો અંદાજિત ખર્ચ ૨૫–૩૦ લાખ રૂા. છે. વસ્તીની આર્થિક સ્થિતિ કમજોર છે જેથી સખીદાતાઓ મર્હૂમોના સવાબ અર્થે ભરપુર સહાય મોકલે.

સંપર્ક કરો :– મસ્જિદ બાંધકામ કમિટી, કેસરા, તા. મહેમદાવાદ, જિ. ખેડા, હાજી રફીયુદ્દીન બશીરમિયાં મલેક **A/c. (BOBO Sihunj) 18040100000657** (મો. ૯૬૩૮૮૪૪૩૨૫, મૌ. મક઼બૂલ રાજ–પેશ ઈમામ)

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૨. સૈયદ યુવાન** : ઉમર–૩૫ વર્ષ અભ્યાસ : એસ.વાય. બી.કોમ સુધી મિડિયમ ઈંગ્લિશમાં, હાલમાં : ઘરે ધો ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે ટયૂશન કલાસ ચલાવે છે. (તાંદલજા વડોદરાબાજુ) મો. ૯૯૨૫૨ ૯૪૫૫૯

**૧. વિધવા ખત્રી યુવતી** : ઉમર–૩૮ વર્ષ, ઊંચાઈ : ૫'.૬", એસ.એસ.સી. પાસ, ભાષા : ઈંગ્લિશ, ઉર્દૂ, હિંદી, ગુજરાતી જાણકાર, સિલાઈ કામ કરે છે. સાત વરસનો પુત્ર છે. સુંદર, નેક, નમાઝી યુવતી (જામનગર તરફ) સંપર્ક મો. નં. ૯૭૨૪૧ ૬૦૭૮૬

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

## રમઝાન મુબારકમાં આ સંસ્થાઓને ભૂલશો નહીં !

➡ **ઈસ્લામિક વેલ્ફેર મિશન**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૧૧, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧

**નોંધ** : આપણી આ પ્યારી સંસ્થા થકી ગરીબ આબાદીઓમાં લગભગ **૧૦૦**, મદ્રસા–મસ્જિદના સંચાલનોમાં સહકાર કરવામાં આવે છે તેમજ અન્ય સહાયનાં કામો થાય છે તથા....

➡ **અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૧૧, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧

અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતના પ્રચાર તથા પ્રસાર માટે એલાને હક્ક ડંકાની ચોટ પર કરતી આ અનોખી સંસ્થા થકી વરસભર ઉચ્ચ કોટીના ઉલમાનાં લખાણોની કિતાબો પ્રસિદ્ધ થતી રહે છે તો આ કાર્યમાં સહાય કરો. વાર્ષિક મેમ્બર ફી રૂા. ૩૦૦/– ભરીને વર્ષ ભર ઘર બેઠાં અણમોલ કિતાબો મંગાવો. *–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*

**આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફિત્રા, ન્યાઝ.... વગેરેની રકમો ઉપરોક્ત બંને સંસ્થાઓને મોકલી સહકાર કરશો એવી નમ્ર અરજ છે.**

➡ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા**, ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે, મુ.પો. તા. **આમોદ**, જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૧) ૨૪૬૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૧૧, મો. ૯૪૨૬૮૪૦૨૭૭ આલિમ, હાફિઝ, ક઼ારી, ઈમામ તથા મુબલ્લિગ બનવા માટેના વર્ગો ચાલે છે. આપની હલાલ કમાઈમાંથી લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફિત્ર, ન્યાઝ... વગેરે મોકલી ભરપુર સહકાર કરશો. તેમજ તમારાં તેજ બુદ્ધિવાળાં બાળકોને દાખલો અપાવવા અમારો સંપર્ક કરશો. (મર્યાદિત તલબાને જ દાખલ આપવામાં આવે છે.) *–લિ. અરાકીને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)*

| કિતાબનું નામ | કોપી | અંદાજિત ખર્ચ |
|---|---|---|
| ક઼ાનૂને શરીઅત (ભાગ–૧) | ૧૦૦૦ | 50,000/- |
| ક઼ાનૂને શરીઅત (ભાગ–૨) | ૧૦૦૦ | 50,000/- |
| ઈસ્લામ અને વિશ્વશાંતિ | ૧૦૦૦ | 55,000/- |
| તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં | ૧૦૦૦ | 52,000/- |
| અન્વારુલ હદીષ | ૧૦૦૦ | 50,000/- |
| નુઝહતુલ ક઼ારી શરહે બુખારી (ભાગ–૫) | ૪૦૦૦ | 4,00,000/- |

**મર્હૂમોના સવાબ અર્થે કિતાબો છપાવી સવાબે જારીઆ કમાઓ !**

ઉપરોક્ત કિતાબો જે અક઼ાઈદ તથા મસાઈલ તથા ઈસ્લામની હક્કાનિયત જાહેર કરતી લાજવાબ કિતાબો છે જે દરેક સુન્ની મુસ્લિમના ઘરમાં હોવી અનિવાર્ય છે. જેના છાપકામમાં મર્હૂમોના સવાબ અર્થે કોઈ એક કિતાબ અથવા અમુક રકમની પણ મદદ કરી હિસ્સો લેવા દર્દભરી નમ્ર દિલી અપીલ છે. અલ્લાહ જઝાએ ખૈર આપે. (આમીન)

**સંપર્ક કરો : ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

# ૨૭ રજબે ઈબાદત તથા રોઝાની સાબિતી અને શબે મેઅરાજની ઈબાદતો

બયહકી તથા શોઅબુલ ઈમાન તથા દયલમીએ મુસ્નદુલ ફિરદોસમાં સલ્માન ફારસી رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત કરી કે : **"રજબમાં એક દિવસ અને એક રાત છે, જે એ દિવસનો રોઝો રાખે અને તે રાત નવાફિલ (નફલો પઢવામાં) પસાર કરે તે સો (૧૦૦) વરસના રોઝાઓ તથા સો (૧૦૦) વરસની શબ બેદારીના સમાન થશે અને તે ૨૭ રજબ છે.** એ જ તારીખે અલ્લાહ عزوجلએ મુહમ્મદ ﷺને મબઊષ કર્યા.

તેમજ એમાં જ અબાન ઈબ્ને અયાશના તરીકાથી હઝરત અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત પામેલ છે : **"રજબમાં એક રાત છે કે એમાં નેક અમલ કરવાવાળાને સો (૧૦૦) વરસની નેકીઓનો સવાબ છે અને તે રજબની ૨૭મી રાત છે. જે એમાં બાર રકાતો પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતિહા અને એક સૂરત અને દરેક બે રકાત પર અત્તહિય્યાત અને છેવટમાં સલામ બાદ سُبۡحَانَ اللّٰہِ وَالۡحَمۡدُ لِلّٰہِ وَلَا اِلٰہَ اِلَّا اللّٰہُ وَاللّٰہُ اَکۡبَرۡ સુબ્હાનલ્લાહિ વલ્ હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર સો વાર, ઈસ્તિગફાર સો વાર, દુરૂદ સો વાર. અને પોતાની દુનિયા તથા આખેરતથી જે ચીજની ચાહે દુઆ માંગે અને સવારે રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેની સર્વ દુઆઓ કબૂલ ફર્માવે.**

'ફવાઈદુન્નિહાદ'માં અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે : **"સત્તાવીસ (૨૭) રજબે મારી બઅષત થઈ, જે એ દિવસનો રોઝો રાખે અને ઈફતારના વખતે દુઆ કરે તે દસ વરસના ગુનાહોનો કફ્ફારો બનશે."** જુઝએ અબૂ મઆઝ મરૂઝીમાં શહર ઈબ્ને હવશબના તરીકાથી અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે : **"જે રજબની ૨૭નો રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેના માટે ૬૦ મહિનાના રોઝાઓનો સવાબ લખે,** અને તે એ દિવસ છે જેમાં જિબ્રઈલ علیہ السلام મુહમ્મદ ﷺના માટે પયગંબરી લઈને નાઝિલ થયા. તન્ઝીહુશ્શરીઅહ્થી 'મા ષબત બિસ્સુન્નહ્'માં છે : وَهٰذَا اَمۡثَلُ مَا وَرَدَ فِیۡ هٰذَ الۡمَعۡنٰی "આ તે સર્વ હદીષોથી બેહતર છે જે આ પ્રકરણમાં આવી."

આ સર્વ એના માટે (શબે મેઅરાજ ૨૭ રજબ તથા તેની ઈબાદતો રોઝા માટે) અસ્લ છે. અને અમલોની ફઝીલતોમાં ઝઈફ હદીષ ઉમ્મતના ઈજમાઅ સાથે મકબૂલ (સ્વીકાર્ય) છે. *(માખૂઝ અઝ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૬૫૭, નોંધ : વધુ માટે અહલે સુન્નતના હક્કનો ચમકાર ! કિતાબ વાંચો)*

## ★ શબે મેઅરાજની ઈબાદતો ★

★ કિતાબુલ અવરાદમાં લખ્યું છે કે, આ રાતમાં **૧૨ રકાત નફ્લ** નમાઝ છ સલામથી પઢે. દરેક રકાતમાં **"અલ્હમ્દુ"** પછી **સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ)** પાંચ વખત પઢે. ૧૨ રકાત પઢી લીધા પછી **"કલ્મએ તમજીદ"**, ઈસ્તિગફાર અને દુરૂદ શરીફ ૧૦૦–૧૦૦ વખત પઢીને જે દુઆ માંગશે તે કબૂલ થશે. ઈન્શાઅલ્લાહ. ★ **૬–રકાત** : (બે–બે કરીને) "અલ્હમ્દુ" પછી સૂરએ ઈખ્લાસ ૭ વાર પઢે. નમાઝ પઢયા પછી ૫૦ વાર દુરૂદ શરીફ પઢીને દુઆ કરે તો અલ્લાહ તઆલા તેની તમામ દીની દુનિયવી હાજતો પૂરી કરશે. ★ **૧૦૦–રકાત** : (૨–૨ કરીને) દરેક રકાતમાં "અલ્હમ્દુ" પછી એક વખત સૂરએ ઈખ્લાસ પઢે. નમાઝ પછી સો વાર દુરૂદ શરીફ પઢીને સિજદામાં માથુ રાખીને અલ્લાહ તઆલાથી પોતાની હાજત તલબ કરે. ઈન્શાઅલ્લાહ તેની હાજત પૂર્ણ થશે. ★ **સાલેહ લોકોનો તરીકો :–** હુઝૂર અકરમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને હદિયો મોકલવાની નિય્યતે નીચે પ્રમાણે પઢતા :– **૨–રકાત નમાઝ** : દરેક રકાતમાં **"અલ્હમ્દુ"** પછી સૂરએ ઈખલાસ ૨૭ વખત અને કાએદામાં **"અત્તહિય્યાત"** પછી દુરૂદે ઈબ્રાહીમ ૨૭ વખત પઢીને દુઆએ માષૂરહ પઢે. સલામ ફેરવ્યા બાદ તેનો હદિયો હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)ના દરબારમાં પેશ કરવાની સઆદત હાંસલ કરી ભાગ્યવાન બનો. ***–(બહવાલા રહમતની રાતો)***